કુમાર

સંસ્થાપક • રવિશંકર મ. રાવળ


તંત્રી

ધીરુ પરીખ


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૭૨ મું • ફેબ્રુઆરી ૧૯૯૯ • સળંગ અંક ૮૫૩

વિજ્ઞાપનની એક વિદેશી કંપનીએ 'વિશ્વશાન્તિ'ના પ્રચારાર્થે તૈયાર કરેલું આ છે એક કાર્ડ, જેમાં વિવિધ ભાષામાં 'વિશ્વશાન્તિ'નો સંદેશ મૂક્યો છે. શાન્તિના દૂત સમું શ્વેત કબૂતર તે શાન્તિસંદેશની પટ્ટીઓ ચાંચમાં લઈ ઊડી રહ્યું છે તેમાં તેનો વિશ્વપ્રવાસ નિહિત છે.



PEACE ON EARTH



અર્ધનારીશ્વર

ચિત્રકાર

ચૈતન્યદેવ ચટ્ટોપાધ્યાય

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૦૦ + ૧૫ = ૧૧૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-

આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

હીરાલાલ હરિલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

સ્નેહાધીન
તંત્રી : 'કુમાર'

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું — અંક ૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ફેબ્રુઆરી ૧૯૯૯

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૫૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : પીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૯, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦,
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૨૭૦ અને પાંચ વર્ષના રૂ.૪૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

ડિસેમ્બર માસનો અંક, નં.૮૫૧, ટપાલથી તારીખ ૨૩મીએ મળી ગયો છે અને 'કુમાર' અંગેની ૫૦ વર્ષો પૂર્વેની યાદો સ્મરણમાં તાજી થાય છે.

સને ૧૯૨૪માં કલાગુરુ શ્રી રવિશંકર રાવળે, 'કુમાર' સ્થાપિત કર્યું ને તેના આદ્યતંત્રી થયા. સમય જતાં, તંત્રી તરીકે, પીઢ પત્રકાર શ્રી બચુભાઈ રાવતે તેનું કુશળ સંચાલન કર્યું. કાળાંતરે તંત્રીપદની જવાબદારી આપે સંભાળી છે એટલે અનુક્રમણિકાનો દોર, એકધારો, ચાલુ રહેશે!

મુંબઈમાં સને ૧૯૩૯માં ખાલસા કૉલેજ - માટુંગામાં અભ્યાસ દરમિયાન 'કુમાર' વાંચવાનો મહાવરો હતો. 'કુમાર'ના પહેલા પાના ઉપર, ચારથી પાંચ કાવ્યો પ્રકાશિત થતાં. કદી કનુ દેસાઈનાં વિવિધ રંગી ચિત્રો પ્રકટ થતાં.

પછી તો વહાણાં વીત્યાં. દરિયાપાર, વિદેશમાં, બ્રિટિશ આફ્રિકા જવાનું અંજળ ઊપડ્યું. ત્યાં, ઝાંઝીબાર (જંગબાર) ખાતે વસવાટ કર્યો. એ સમયમાં, ઝાંઝીબાર, પ્રોટેક્ટ્રેટ ગણાતું અને અંગ્રેજ સામ્રાજ્યની હકૂમતની આણ પ્રવર્તતી. છતાંય આરબ સુલતાનનો લાલરંગી ધ્વજ ફરકતો . માત્ર બ્રિટિશ રેસિડન્ટનો મુકામ કાયમનો હતો અને ટાપુ ઉપર બ્રિટિશ ધ્વજ લહેરાતો...!

૪૫ વર્ષ પછી નિવૃત્તિ લીધી. ભારત આવ્યાં. ભાળ કાઢી તો ખબર મળ્યાં કે, 'કુમાર' તો ક્યારનુંય બંધ થઈ ગયું છે! મારે મન, આ વાવડ આઘાતજનક હતા! 'કુમાર' જેવો, ભર જુવાનજોધ, ભડવીર, સાહસિક, આમ નામશેષ કાં થયો? વ્યવસ્થિત સંચાલન, ચોમેર ખ્યાતિ, સાહિત્યક્ષેત્રે આગવું સ્થાન, અમદાવાદ જેવા નગરે સુસ્થાપિત, કળા-સાહિત્ય-વિજ્ઞાનક્ષેત્રે અનેરા સ્થાને શોભાયમાન, શિષ્ટ-ભદ્ર-અગ્રેસર એવા 'કુમાર'ની પ્રગતિ, આમ કાં રૂંધાણી? શરૂમાં અવારનવાર અમદાવાદ આવવાનું થતું પણ કુમાર કાર્યાલયને જોવાની જરાએ ખેવના થતી નહિ. વળી, મનમાં થતું કે, આટલાં વર્ષે, મોડે મોડે, દાયેકાના દાયકા વીત્યા બાદ આવી નિરાશાજનક, સુષુપ્ત હાલતની કફોડી સ્થિતિ જોવા જવાતું હોય? એટલે, સમય વિતાવ્યો. ત્યાં, શુભ સમાચાર સાંપડ્યા. પાછી વાત ખોરંભે પડી ગઈ. તાજેતરમાં અચાનક અમદાવાદ આવવાનું થતાં, મારા સ્નેહીએ, મારા વતી રોકડ રકમ ભરી 'કુમાર'નું લવાજમ આપ્યું ને અંક લઈ આવ્યા!

વર્ષો બાદ, 'કુમાર'નો સાક્ષાત્કાર ! કવર ઉપરનો 'લૉગો' આબેહૂબ, મૂળ True Likenessવાળો, કુમાર દીઠો! એ જ ખુમારીભરી સવારી, પગને ઉછાળતો... હણહણતો... પાછળ પૂંછગુચ્છ ઉલાળતો, જાણે આગળ ધપવા થનગનતો ન હોય, તેવા અશ્વ પર આરૂઢ, કુમારને નીરખ્યો..! ફરી ક્યારેક અમદાવાદ આવવાનું થશે ત્યારે આપને મળવા કાર્યાલયમાં અચૂક આવીશ.

- રસિક ડી. આચાર્ય (વડોદરા)

કુમાર વધુ ને વધુ સૌંદર્યાભિમુખ થતું જાય છે. વાર્તા-કાવ્યો-લેખો પીઢ તંત્રીની છાપ ઉપસાવે છે. જાન્યુઆરી ૧૯૯૯ના અંકમાં 'શ્લોકસભા' વાર્તા પ્રસન્નકર બની, લેખકને અભિનંદન. મનનીય મૃત્યુ-મીમાંસા જ ગણોને!

જગન્નાથના મિત્ર રાજનકાકા જે ઑફર ઉસ્તાદને કરે છે - કોરા ચેકની - (સહી કરેલી જેના પર જગન્નાથે) તેમાં લેખક થાપ ખાઈ ગયા છે. બેન્કિંગમાં મૃત્યુ બાદના ચેક (ભલે હયાતીમાં થયા હોય!) પાસ કરવાની કાયદામાં સત્તા કે જોગવાઈ નથી. એટલે કોઈ મૂલ્યવાન ભેટ કે રોકડ રકમની વાત વણવી જોઈતી હતી. નવા અભિગમ સાથે જે ગુજરાતી સાહિત્યખેડાણ થાય છે તેમાં વાસ્તવની છાંટ જરૂરી હોય એ ઇચ્છવા યોગ્ય ગણાય. - દેવેન્દ્ર દવે (રાજકોટ)

ડિસેમ્બર ૧૯૯૮ 'કુમાર' (અંક-૮૫૧)માં 'આવો શીખીએ અંગ્રેજી' (૧૬) પાન ૮૧૬ ઉપર શ્રી ધનુભાઈ મહેતાએ, 'put off' શબ્દસમૂહનો 'મૅકબેથ'નાટકમાં આલંકારિક પ્રયોગ થયાનું લખ્યું છે. સરતચૂકથી આમ થયું હોય તેમ લાગે છે. 'put off' નહીં પણ 'put out' જોઈએ. અને નાટક 'મૅકબેથ' નહીં પણ 'ઑથેલો' છે. ઑથેલો પોતે વહેમથી પોતાની પત્ની ડેઝડિમોનાને મારી નાખવા બેડ ચૅમ્બરમાં પ્રવેશતાં સ્વગતોક્તિ કરે છે ત્યારે ડેઝડિમોના ઊંઘી રહી છે. 'Yet she must die, else she'll betray more men. Put out the light and put out the light. (Act V, scene II). પહેલું મીણબત્તી માટે, બીજું જીવનજ્યોત બુઝાવવા માટે.

માતૃભાષા થકી અંગ્રેજી ભાષા શીખવવાના પાઠમાળાના યુગ પછી ફરી એ જ શૈલીથી શ્રી ધનુભાઈ મહેતા જેવા પીઢ અનુભવી શિક્ષકની કલમે 'કુમાર' મારફતે અંગ્રેજી શીખવવાનો ઉપક્રમ ખરેખર દાદ માગી લે તેવો છે. શ્રી ધનુભાઈને અને 'કુમાર'ને ધન્યવાદ.

- કીકુ ઈનામદાર (વલ્લભવિદ્યાનગર)

દિવાળી અંક અને અંક ૮૫૧ તો ઘણા જ મજાના લાગ્યા. લગભગ કંઈ જ વાંચવાનું છોડ્યું નથી. પરંતુ તેના વાચનમાંથી સૂઝેલી એક-બે બાબતો વિષે જણાવવાનું મન થઈ આવ્યું. 'માનવ થાઉં તો ઘણું' (અંક ૮૫૧માં) વાંચતા જાણ્યે-અજાણ્યે એક એવી છાપ ઊપસે છે કે, 'જાણે માનવતા પરદેશમાં જ વધુ છે અને આપણે ત્યાં સાવ ઓછી છે.' લેખમાં આવું અભિપ્રેત હોય તેવું લાગે છે. ઘણાં સામયિકોમાં ભારત (અને તેની સંસ્કૃતિ)ની પાશ્ચાત્ય દેશો (ખાસ કરીને અમેરિકી સંઘરાજ્યો) સાથે કરાતી સરખામણી આવી ગઈ છે, અને આવ્યે રાખે છે. પણ આવા વખતે હકીકતની બીજી બાજુ ભુલાઈ જતી લાગે છે. આ લખનારના અનુભવમાં (૧૯૭૩ આસપાસ) એક આવો જ અજોડ કિસ્સો

(અનુસંધાન પૃ. ૭૭)

તારા સરનામે ટપાલ... / રમેશ પારેખ

(ગાન)

ઋતુએ તારા સરનામે મોકલી ટપાલ
ઝટઝટ પરબીડિયું ઉઘાડ અને વાંચ, તેણે કર્યા તને કેટલા સવાલ!

પહેલો સવાલ તને પૂછ્યો કે બોલ, તારી આંખમાં છે આંસુ આ શાને?
વાયરાનો મ્હેકતો રૂમાલ દઈ કહે - આંખ લૂછીને વરણાગી થાને!
એકાદું ફૂલ સ્મિત સાથે દઈ ઢોળ કોઈ ખિન્ન દોસ્ત પર તારું વ્હાલ!

ઋતુ પૂછે કે તને બીજ જેમ ઊગવું ગમે કે વરસાદમાં પલળવું?
ફૂલોની જેમ તને ખીલવું ગમે કે ગમે વંકા વાલેશરીને મળવું?
જીવતરની સામે શા માટે તે તાણી તલવાર એનો ઉત્તર તું આલ!

મન છોલતા / કિરીટ ગોસ્વામી

(ગઝલ)

દૂરના મિત્રો સતત મન છોલતા,
પાઠવી પત્રો સતત મન છોલતા.

આંખમાંથી ફૂલ આંસુનાં ખરે,
શૈશવી ચિત્રો સતત મન છોલતાં.

આમ આખું આભ ચાહે છે મને,
બે'ક નક્ષત્રો સતત મન છોલતાં.

શ્હેર છે કે કારખાનું પીડનું;
ચો-તરફ યંત્રો સતત મન છોલતાં.

હું ઉતારી કેમ ના શકતો 'કિરીટ'
વ્હેમનાં વસ્ત્રો સતત મન છોલતાં.

બારાખડી / ભરત પાલ

(મુક્તક)

છું અધૂરો એટલે તો હું છકી છલકાઉં છું,
માંહ્યલામાં માય ના હું એટલો મલકાઉં છું,
જિંદગીની ઘૂંટતા ના આવડી બારાખડી,
'ક' કફનનો ઘૂંટતા પણ હું હવે ઘભરાઉં છું.

બુટ્ટી જબરી / પ્રતાપસિંહ હ. રાઠોડ 'સારસ્વત'

(શિખરિણી • સૉનેટ)

નથી મારી પાસે કશું મુજ સમા માણસ સમું;
સહી તંગાશોને હજીય સહું, છે ભાગ્ય વસમું!
પ્રતિભાશક્તિના અવ લગ સીધ્યાં લોક-ફલકે;
દટાયાં માટીમાં નગર-જણસો કેમ ઝળકે?

મળ્યું છે મોભાનું પદ - શું કરું? છે બંધન-દશા;
મળ્યું ના મોખાનું સ્થળ છલકતું, કો વીસ વસા.
પતાવી શાળાનો ક્રમ જઈ રહ્યો'તો ઘર ભણી;
કથોલા ભારા કૈં વહું નિજ શબો કેરી ડમણી!

તહીં ટૌક્યો વાયુ ત્રિવિધ, છલક્યા અમૃત-ઝરા,
છતી લીલી-ભીની સીમ હસું હસું! ઝાડ ઝણણ્યાં.
અને માટી-જાયા શ્રમરત, મીઠા ટ્રૅક્ટરરવ;
ખગો-ગોવાતીના ગગન-ઘન-સ્પર્શ્યા મધુરવ!

પરોવાયો સૌમાં; સહન-વહને બુટ્ટી જબરી!
અને ભારા મારા પલક-ભરમાં જાય ઊતરી!

ઝાંઝર બોલે / લાલજી ક. નપરિયા

(ગાન)

ઝનૂનૂન્ ઝાંઝર બોલે રે
ભેદ ભીતરના ખોલે રે.
ઝનૂનૂન્ ઝાંઝર બોલે રે.

મન મસ્તાનું જઈને ઝૂલે પવંનના પારણિયે જી
મોતી-શું મલકાતું આવે કોઈ હવે બારણિયે જી

વળે છે નજરું ટોળે રે
ઝનૂનૂન્ ઝાંઝર બોલે રે.

ફૂલો આગળ ભમરો છેડે ફળિયે ગુનગુન રાગ જી
લોહી વચાળે હરતો-ફરતો મઘમઘતો એક બાગ જી.

ચડે છે જીવડો ઝોલે રે
ઝનૂનૂન્ ઝાંઝર બોલે રે.

ઘડીક ઘરની અંદર, ઘડીમાં બહાર પડંતાં પગલાં જી
ફૂલો જેવા ઊગી નીકળે અવસર ઢગલે-ઢગલા જી.

અત્તરિયા દરિયા ડોલે રે
ઝનૂનૂન્ ઝાંઝર બોલે રે.

માનવ થાઉં તો ઘણું

'આપણી મૈત્રી આવી છે?'

સુધીર દેસાઈ

આપણે મૈત્રીની વાત કરીએ તો કોણ આવે આપણા સાહિત્યમાંથી? કૃષ્ણ અને અર્જુન કે કૃષ્ણ અને સુદામા. આજના જમાનામાં ભાઈબંધ માટે વાતો બહુ થાય છે. પોતાના મિત્ર જોડે વાતો કરવા મા-બાપ પાસેથી કોઈ પણ હિસાબે યુવાન ભાગી જ જાય છે. યુવતી હોય તો પોતાની બહેનપણી જોડે વાતોનાં વડાં કરવા જતી રહેતી હોય છે.

કૃષ્ણ અને અર્જુન વચ્ચે કે કૃષ્ણ અને સુદામા વચ્ચે જેવી મૈત્રી હતી એવી મૈત્રી બહુ ઓછી જોવા મળે છે. એક ખૂબ પૈસાદાર મિત્ર હોય તો મૈત્રી બહુ ટકતી નથી. એવી જ બહુ હોંશિયાર અને સામાન્ય માનવી વચ્ચે પણ મૈત્રી બહુ ટકતી નથી. નથી જ ટકતી એવું છેક નથી.

કૃષ્ણ અને સુદામાની મૈત્રીની વાત તો કવિતા રૂપે ભણવામાં પણ આવતી હતી :

પછી શામળીઆજી બોલીયા તને સાંભરે રે,
હાજી નાનપણાની રીત મને કેમ વીસરે રે.

આવી જ કંઈક પંક્તિઓ હતી એ કવિતામાં. બન્ને મિત્રો બહુ વરસો પછી દ્વારકામાં મળે છે ત્યારે બાળપણની વાતો યાદ કરી કરીને આનંદ માણતા હોય છે.

ઘણા બધા લેખકોએ મૈત્રી વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. મૈત્રીમાં કોઈ સ્વાર્થ નથી હોતો. એમાં તો મિત્ર માટે 'શું કરું, શું કરું' એવું જ મનમાં થયા કરે. એમાં માત્ર આપવાની જ ભાવના હોય છે. કારણ મૈત્રી એ પ્રેમનો જ એક પ્રકાર છે. પ્રેમમાં આપવાની જ ભાવના હોય લેવાની નહિ.

સાચો પ્રેમ વ્યક્તિઓને ચિરંજીવપણું અર્પે છે. લોકો એમને ક્યારેય ભૂલતા નથી. મૈત્રીમાં સામી વ્યક્તિને એની બધી જ નબળાઈઓ સાથે સ્વીકારી લેવામાં આવે છે. એ જેવો છે તેવો જ એને સ્વીકારી લેવામાં આવે છે. પ્રેમને એટલે કે મૈત્રીને કોઈ કારણ જોડે કોઈ સંબંધ હોતો નથી.

મૈત્રી માનવીને પશુમાંથી માનવ બનાવે છે. આ દુનિયામાં તો પશુઓ પણ ઉત્તમ મિત્ર બની શકે છે. એમના પ્રેમની પણ કેટલીય વાતો નોંધાયેલી પડી છે. એમાં કૂતરાનું સ્થાન પ્રથમ આવે છે.

'મિત્ર' માટેનાં કેટલાંક કથનો જોઈએ.

હેન્રિ એડમ્સ કહે છે, 'મિત્રો જન્મે છે, બનતા નથી.'

હેન્રિ એડમ્સનું એક બીજું કથન પણ જોવા જેવું છે, એ કહે છે, 'જીવનમાં એક મિત્ર પૂરતો છે. બે એ વધારે કહેવાય અને ત્રણ તો શક્ય જ નથી.'

એરિસ્ટોટલ કહે છે, 'મારો સૌથી ઉત્તમ મિત્ર એ છે જે મારું સારું ઇચ્છે માત્ર મારે માટે.' એટલે કે હું જેવો છું તેવો સ્વીકારીને મારું સારું ઇચ્છે તે મારો ઉત્તમ મિત્ર. એરિસ્ટોટલ કહે છે, 'મૈત્રી એટલે બે શરીરોમાં એક આત્મા.'

સિસેરો કહે છે, 'મૈત્રી આપણા આનંદને બેવડાવે છે અને દુ:ખનો ભાગાકાર કરે છે.'

મૈત્રી માટેનું એક સુભાષિત ખરેખર સરસ છે :

क्षीरेणात्मगतोदकाय हि गुणा दत्ताः पुरा तेऽखिलाः ।
क्षीरे तापमवेक्ष्य तेन पयसा ह्यात्मा कृशानौ हुतः ।
गन्तुं पावकमुन्मनस्तदभवद् दृष्ट्वा तु मित्रापदं
युक्तं तेन जलेन शाम्यति, सतां मैत्री पुनस्त्वीदृशी ॥

મળવા આવેલ પાણીને દૂધે પોતાના બધા જ ગુણ આપી દીધા. (એટલે દૂધના મૂલ્યે પાણી વેચાવા લાગ્યું) પછી જ્યારે દૂધને ચૂલા ઉપર ગરમ કરવા મૂક્યું ત્યારે દૂધને ગરમી લાગી. એ જોઈને મિત્રને ખાતર આપણે આપણું બલિદાન આપવું જોઈએ એમ સમજીને પાણીએ પહેલું બલિદાન આપ્યું. જ્યારે પોતાના મિત્ર પાણીને મિત્રને ખાતર બલિદાન આપતું જોયું ત્યારે દૂધને ખૂબ દુ:ખ થયું એટલે ઊછળીને એ જઈને અગ્નિમાં પડ્યું. એ જોઈને ગૃહિણીએ એમાં પાણી છાંટ્યું. મિત્રને પાછો મેળવીને દૂધે ઊછળી ઊછળીને અગ્નિમાં પડવાનું બંધ કર્યું અને શાંત થઈ ગયું.

મૈત્રી આવી હોય. મૈત્રી માટેનો એક પ્રસંગ જોઈએ :

બંગાળના વિખ્યાત સંત ચૈતન્ય મહાપ્રભુએ શ્રીકૃષ્ણ માટે બધું છોડી દીધું તે પહેલાંનો આ પ્રસંગ છે. એક વખત ચૈતન્ય મહાપ્રભુ એમના મિત્ર રઘુનાથ સાથે હોડીમાં જતા હતા. ચૈતન્ય મહાપ્રભુએ એ વખતે એમણે લખેલ ઉત્તમ ભાષ્ય એમના મિત્રને સંભળાવ્યું. આ ભાષ્ય સાંભળીને રઘુનાથનું મોઢું પડી ગયું.

'શું થયું મિત્ર? આમ કેમ તારું મોઢું પડી ગયું, દોસ્ત?' ચિંતાતુર થઈને ચૈતન્ય મહાપ્રભુએ પૂછ્યું.

'કંઈ નહીં. કંઈ એવું ખાસ નથી.' મિત્રે કહ્યું.


'એમ નહીં, રઘુનાથ! મને નહીં કહે?'

'સારું. તારી ઇચ્છા જ છે તો કહું. મેં પણ ભાષ્ય લખ્યું છે. આ જ વિષય ઉપર. પણ..... પણ..... તારા મહાન ભાષ્યની સામે એ એક કોડીનું પણ નથી. મને થાય છે કે મેં ના લખ્યું હોત તો સારું થાત.' રઘુનાથે સસંકોચ કહ્યું.

'હું પણ એમ જ ઇચ્છું છું'. એવું કહી ચૈતન્ય મહાપ્રભુએ રઘુનાથ એમને અટકાવે એ પહેલાં એ મહાન ભાષ્યને નદીના વહેણમાં મૂકી દીધું. જોતજોતામાં એ ભાષ્ય ક્યાંનું ક્યાં ચાલ્યું ગયું અને નદીના પાણીમાં સમાઈ ગયું.

રઘુનાથ ચૈતન્ય મહાપ્રભુની સામે એકીટશે જોતો જ રહી ગયો. રઘુનાથની આંખોમાંથી અશ્રુઓ ખરવાં માંડ્યાં. ચૈતન્ય મહાપ્રભુના મુખારવિંદ ઉપર સ્મિત ફરકી રહ્યું હતું.

આપણી મૈત્રી આવી છે? આપણી જાતને આ પ્રશ્ન પૂછવા જેવો છે. □



આ સદીના પરમ ચિંતક સન્ત

રમણ મહર્ષિ

શ્રદ્ધા ત્રિવેદી

ભારતીય સંસ્કૃતિ તેના સંતો અને ભક્તો થકી ઊજળી રીતે વિસ્તરતી-વિકસતી રહી છે. ઋષિમુનિઓના મંત્રોચ્ચારે કેટલાયે આત્માઓને મુક્તિનો પથ બતાવ્યો છે. ભારતની આ સંત સંસ્કૃતિને કારણે ભારત આજેય વિશ્વ સામે ઉન્નત મસ્તકે ઊભું રહ્યું છે. વેદોની ઋચાઓનાં પુનરુચ્ચારણો અનેક સંતમહાત્માઓ પોતાની શક્તિ-મતિ અનુસાર સમજતા સમજાવતા રહ્યા છે. તે સંતોએ પોતાના જીવન થકી પોતાની આસપાસના માનવ સમુદાયને તો રાહ બતાવ્યો જ છે પણ સાથે જ એમણે પોતાના જીવન બાદ પોતાની વિચારણા-ચિંતનમનન દ્વારા પ્રજાના જીવનપથ પર પ્રકાશ પાથરવાનું કાર્ય કર્યું છે. આવા જ એક સંત તે શ્રી રમણ મહર્ષિ. ગીતાએ પ્રબોધેલા જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણ માર્ગમાંના જ્ઞાનમાર્ગના પ્રવર્તક શ્રી શંકરાચાર્ય ગણાય. તો તેને આ સદીમાં પ્રતિષ્ઠિત કરનાર છે રમણ મહર્ષિ.

મદુરાઈથી ત્રીસ માઈલ દૂર, લગભગ પાંચસો ઘરની વસ્તી-વાળું તિરુચ્ચુલી નામે નાનકડું ગામ. તેમાં પરાશર ગોત્રવાળા દ્રવિડ સ્માર્ત બ્રાહ્મણ નામે સુંદરમ્ અય્યર રહે. વકીલાત કરે. પત્નીનું નામ અલાગમ્માલ. ધાર્મિક વૃત્તિનું આ દંપતી. તેમને ત્રણ દીકરાઃનાગસ્વામી, વેંકટરામન અને નાગસુંદરમ્. આમાંના વચલા દીકરા વેંકટરામન તે આપણા શ્રી રમણ મહર્ષિ. તેમનો જન્મ ઈ.સ. ૧૮૭૯, ૩૦મી ડિસેમ્બર ને સંવત ૧૯૩૬ માગશર વદ બીજને સોમવારે થયેલો. શરૂઆતનાં અગિયાર વરસની વય સુધી તેમણે પોતાના જન્મસ્થળ તિરુચ્ચુલીમાં અભ્યાસ કર્યો. માધ્યમિક શાળાના એક વર્ષ માટે તે ઈ.સ. ૧૮૯૧માં ડિડીગુલ ગામે ગયેલા. ૧૮૯૨માં પિતાનું અવસાન થતાં પહેલો વળાંક આવ્યો. વેંકટરામન અને તેમના મોટાભાઈ નાગસ્વામીને એમના કાકા સુબ્બા અય્યર મદુરાઈ લઈ ગયા. ત્યાં તેઓ સ્કોટ મિડલ સ્કૂલ ને પછી અમેરિકન મિશન હાઈ સ્કૂલમાં ભણ્યા. પ્રકૃતિએ તોફાની તેથી ઠરીને અભ્યાસ ન કરે. પણ બુદ્ધિશાળી ખૂબ ને સ્મરણશક્તિ તીવ્ર. તેથી એક પછી એક ઉપરના વર્ગમાં જાય. શરીરે ખડતલ. કુસ્તી કરવાનું, દંડબેઠક કરવાનું અને તરવાનું વિશેષ ગમે. તો નિંદ્રાનું પણ ભારે વ્યસન. ગાઢ નિંદ્રાના વ્યસની વેંકટરામને પછી પોતાની ઊંઘ તો ઉડાડી જ પણ સાથે-સાથે અનેકોને જાગૃત કર્યા. તેમને ઘરકામમાં ખૂબ આનંદ આવતો. કોઈ કામ કરવામાં તે સંકોચ ન અનુભવે. વળી, તેઓ 'યંગક્કાઈ' (સોનાના અથવા નસીબદાર હાથવાળા) ગણાતા. સારા પ્રસંગે શુકન માટેની વડી-પાપડ જેવી વસ્તુઓની શરૂઆત તેમને હાથે થતી. એ કિશોર હતા ત્યારે એક વયોવૃદ્ધે પોતે અરુણાચલ જઈ આવ્યાની વાત કરી. અરુણાચલનું નામ સાંભળતાં જાણે પોતાને કોઈ જન્મજન્માંતરનો સંબંધ એની સાથે હોય કે પોતાનું કોઈ વિખૂટું પડેલું સ્વજન હોય ને તેને મળવા અધીર થવાય તેવો ભાવ તેમને થયો. પણ તેમના જીવનમાં જે આમૂલ પરિવર્તન આવ્યું તે તો તે ૧૬-૧૭ વર્ષના હતા ત્યારે. એક ઘટના ઘટી તે ઈ.સ. ૧૮૯૬ના જુલાઈની સંભવતઃ ૧૬મી તારીખ ને ગુરુવારનો એ દિવસ હતો. તે દિવસે તે કાકાના ઘરમાં ઉપલે માળે એકલા બેઠેલા. શરીરે બિલકુલ સ્વસ્થ, પણ અનુભવ થયો પોતાના જ મૃત્યુનો. તે અનુભવ તેમના જ શબ્દોમાં જોઈએ : "લગભગ ૧૬-૧૭ વર્ષની ઉંમરે હું સારી તંદુરસ્તી ભોગવતો હતો. મને કોઈ પણ પ્રકારનું દર્દ ન હતું. એક દિવસે સવારે ઊઠતાં મને એકદમ મરણની બીક લાગી. મને લાગ્યું કે હું હમણાં મરી જઈશ. તેથી તે દિવસે હું એકલો મારા ઓરડામાં બેસી રહ્યો. મેં કોઈ દાકતરને અથવા મિત્રને બોલાવ્યા નહિ. મેં મારા મનને પૂછ્યું, 'હવે મરણ આવ્યું છે, માટે હવે શું કરવું?' એમ વિચાર કરી મેં હાથપગ, મડદાની માફક લાંબા કર્યા, મારા પ્રાણ બંધ કર્યા. પછી મેં મારા મનને કહ્યું : 'આ શરીર હવે મરી ગયું છે, તેને હવે સ્મશાને લઈ જવામાં આવશે અને બાળવામાં આવશે, પણ શરીરના મરણને હું જોઈ શકું છું, તેથી હું મરતો નથી. આ શરીર શાંત થઈ ગયું છે, છતાં મને એવો ને એવો શરીરથી



પિતા સુન્દરમય્યર



માતા અલાગમ્માલ

જુદો અનુભવી શકું છું, તેથી હું આત્મા છું, હું શરીર નથી અને આત્મા મરતો નથી."

આ વિદેહાવસ્થાના સ્વાનુભવે તેમની જીવનનાવને એક ચોક્કસ દિશા બક્ષી. કુટુંબીજનો તો ચિંતા કરતાં ને મિત્રો-સગાંસંબંધીઓ મજાક-મશ્કરી કરતાં, પણ તેઓ અંતરમાં સ્પષ્ટ થઈ ગયા. હવે તેઓ એકાંતવાસ અને ધ્યાન કરવા લાગ્યા. તેની અસર રોજિંદા જીવન પર પણ પડી. અભ્યાસ તરફ ઉપેક્ષા સેવાઈ. લખતાં લખતાંય ધ્યાનમાં સરી પડે. પરિણામે મોટાભાઈએ ઠપકો આપ્યો ને વેંકટને લાગ્યું : આ ઈશ્વર તરફથી જ મને કોઈ સૂચના મળી છે. હવે રહ્યો ભાડાનો સવાલ. તો તે બાબતે આ રીતે અનુકૂળતા ઊભી થઈ. એમણે મનમાં અરુણાચલ જવાનું નક્કી કર્યું હતું. દરમિયાન ભાઈ સાથે આવો કંઈક સંવાદ થયો. તેમણે મોટાભાઈને કહ્યું : 'આજે બપોરે બાર વાગ્યે ઇલેક્ટ્રિસિટી વિશેનો વિશેષ વર્ગ ભરવા મારે સ્કૂલે જવાનું છે.'

મોટાભાઈએ જણાવ્યું : 'તો પછી મારું એક કામ કરજે. નીચેની પેટીમાંથી પાંચ રૂપિયા લઈ રસ્તામાં મારી કોલેજની ફી ભરી દેજે.'

વેંકટને લાગ્યું, જાણે ઈશ્વરે તેમની પૈસાની તકલીફ પણ આ રીતે દૂર કરી. ને ૧૮૯૬ના ઑગસ્ટમાં ૧૭ વર્ષની વયે તેમણે ઘર છોડ્યું, ને તિરુવન્નમાલાઈ ગામે અરુણાચલ પર્વતની ગુફાઓમાં તપ કરવાને ચાલી નીકળ્યા. તેમના કુટુંબ માટે એક વાત લોકમાં પ્રચલિત હતી કે એમના કોઈ પૂર્વજ પાસે એક સંન્યાસી એકવાર ભિક્ષાર્થે આવેલા. કોઈ કારણસર તેમને ભિક્ષા ન મળી ને તેમણે શાપ દીધો કે આ કુટુંબમાંથી દર પેઢીએ એક વ્યક્તિ સંન્યાસી બની ભિક્ષા માટે ભટકશે. ને થયું પણ એવું કે સુંદરમ્ અય્યરના કાકા, પછી મોટાભાઈ સંન્યાસી થયેલા અને પછીની પેઢીમાં તેમના જ દીકરાએ આ પ્રણાલી આમ ચાલુ રાખી. રસ્તામાં કેટલીક મુશ્કેલીઓ પડી. કેટલોક રસ્તો તેમને ટ્રેનમાં તો કેટલોક ચાલીને કાપ્યો. રસ્તામાં ક્યાંક માનવતાનાં દર્શન થયાં તો ક્યાંકથી તિરસ્કારનો અનુભવ



રમણ મહર્ષિનું જન્મ સ્થાન

પણ થયો. એમ કરતાં કરતાં એકવાર ભોજન માટે તે મુત્તુએમ કૃષ્ણ ભગવાન નામના બ્રાહ્મણને ત્યાં જઈ પહોંચ્યા. હજી તિરુવન્નમાલાઈ વીસેક માઈલ દૂર હતું. તેમને હવે પૈસાની જરૂર હતી. મુત્તુને ત્યાં ખાધું ને પછી પોતાની પાસે જે વાળીએ હતી તે તેને ત્યાં ગિરવે મૂકી, તેના ચાર રૂપિયા લીધા. મુત્તુએ તેની રસીદ આપી પણ એ વાળીઓ પાછી લેવાનો તેમનો ઈરાદો નહોતો તેથી રસીદ ફાડી નાખીને મુત્તુની પત્નીએ ભગવાનને ધરાવવા આપેલ પ્રસાદ લઈ તે પહોંચ્યા સ્ટેશને ને ટ્રેનમાં બેસી પહોંચ્યા તિરુવન્નમાલાઈ. અરુણાચલેશ્વરનું મંદિર જોઈ, વિખૂટું પડેલું બાળક માને જોઈ જેમ હરખાય તેમ તેમનું હૃદય પુલકિત થયું. વેંકટરામને મંદિરમાં દર્શન કર્યાં બાદ જે લાગણી અનુભવી તે તેમના જ શબ્દોમાં જોઈએ :

'અરુણાચલ ભગવાનની પાસે પહોંચ્યો તેના એક-દોઢ મહિના પહેલાથી મારા આખા શરીરમાં એક અજબ પ્રકારનો દાહ પેદા થયેલો. એ દાહનું કારણ સમજાતું ન હતું. અને એનું ઓસડ પણ જડતું ન હતું. અરુણાચલના મંદિરમાં પ્રવેશ્યો ત્યારે પણ એ દાહ ચાલુ હતો. પણ ભગવાનનાં દર્શનનો લાભ મળતાં જ એ દાહ આપોઆપ શમી ગયો.

અરુણાચલ વેંકટ માટે જગતની સર્વોપરી સત્તા હતી. તેમણે તેને સર્વસ્વ અર્પણ કર્યું. અરુણાચલમાં જ ગુરુભાવ સ્થાપિત કર્યો.

આમ, તે અરુણાચલ પહોંચ્યા. ત્યાં મુત્તુની પત્નીએ આપેલ મીઠાઈનું પડીકું મૂક્યું ને પછી ક્રમશઃ કેશ કઢાવ્યા, માત્ર કોપીન ધારણ કરી બાકીનાં વસ્ત્રોય ત્યજી દીધાં. છેલ્લે યજ્ઞોપવીત પણ બિનજરૂરી લાગતાં ત્યાગ્યું. ને લીધું શું? બ્રહ્મચર્યવ્રત અને મૌનવ્રત. અલબત્ત, એ પોતે બાહ્ય સંન્યાસના વિરોધી નહોતા. પણ તેને તે આવશ્યક નહોતા ગણતા. તે એવું માનતા કે સંન્યાસ શરીરનો નહીં પણ મનનો હોવો જોઈએ. ઘર, કુટુંબ, નામ કે વસ્ત્રો બદલવામાં સાચો સંન્યાસ આવી જતો નથી. પણ સ્વભાવના પરિવર્તન, લૌકિક-પારલૌકિક લાલસાઓ તથા અહંતા-મમતાના પરિત્યાગ, તેમ જ આત્મ-વિકાસની સાધનાના અનુષ્ઠાનની અભિરુચિવાળો સંન્યાસભાવ હોવો જોઈએ ને તે એ માન્યતા પ્રમાણે જીવ્યા. હવે તે મૌનવ્રત ધારણ કરી મંદિરના જ પૂર્વ તરફના એક મંડપમાં કેટલાય દિવસો સુધી બેસી રહ્યા. લોકો માટે તો તમાસો! વળી કેટલાંક તોફાની ટાબરિયાઓ તો સતાવતાંય ખરાં. તો કેટલાંક પ્રેમપૂર્વક



← રમણ મહર્ષિ ૨૧ની ઉંમરે



પોતાની 'લક્ષ્મી' ગાય સાથે રમણ મહર્ષિ



કુદરતના સાંનિધ્યમાં રમણ મહર્ષિ

વ્યવહાર કરતા. હવે લોકો તેમને બ્રાહ્મણ સ્વામી તરીકે ઓળખવા લાગ્યાં. થોડા જ વખતમાં શેષાદ્રિ સ્વામી નામના વિદ્વાને તેમની સંભાળ લેવા માંડી ને છોકરાઓની કનડગતથી બચાવવા તેમને પાતાળલિંગ તરીકે ઓળખાતા ભોંયરામાં લઈ ગયા. ત્યાં માણસોના ત્રાસથી તો તે બચ્યાં તો કીડી-મંકોડા ને મચ્છરોનો ત્રાસ શરૂ થયો. તેઓ ધ્યાનમાં એવા તો મગ્ન બની જતા કે તે જીવજંતુઓ તેમના શરીરને કોરી ખાતાં પણ તે પોતે સમાધિસ્થ જ રહેતા! હવે તેમનો મોટાભાગનો સમય આત્મચિંતનમાં જ વ્યતીત થતો. તેમની આવી ધ્યાનાવસ્થા જોતાં તેમના તરફ ભક્તિભાવ ધરાવનારાંની સંખ્યા વધતી ગઈ. પછી ગોપુરમ્‌માં મૌનીસ્વામીએ તેમની દેખરેખ રાખવા માંડી. છોકરાઓની કનડગતને લીધે ભક્તો દ્વારા ક્રમશઃ તેમનું સ્થળાંતર થતું રહ્યું. વચ્ચે કેટલોક સમય તે ગુરુમૂર્તમના રમણીય સ્થાને રહ્યા. હવે તેમની કીર્તિ ખૂબ ફેલાઈ ગઈ હતી. પલનિ સ્વામી નામના સાધુએ તેમની સતત સંભાળ રાખી ને ભક્તિભાવ રાખ્યો. ક્રમશઃ તેઓ પરમતત્ત્વમાં વધુ ને વધુ રમમાણ રહેવા લાગ્યા. કદાચ તેમની આવી અવસ્થાને પરિણામે એમના ભક્તશિષ્ય ગણપતિ શાસ્ત્રીને 'રમણ મહર્ષિ' તરીકે ઓળખાવવાની પ્રેરણા થઈ ને પછી તેઓ એ જ નામે પ્રખ્યાત થયા.

આમ, એક બાજુએ ઘેરથી નીકળેલો કિશોર વેંકટરામન હવે મહર્ષિ તરીકે જાણીતા થયા હતા. તો ત્યાં ઘરેથી નીકળ્યા બાદ જ્યારે તે સ્કૂલેથી પાછો ન આવ્યો એટલે ઘરવાળાં ચિંતાતુર થયાં. તેમને ખ્યાલ આવ્યો કે તે ક્યાંક જતો રહ્યો છે. એટલે તેની શોધાશોધ શરૂ થઈ. પણ ક્યાંથી પત્તો લાગે? અંતે ઘણા વખત પછી ક્યાંકથી એના સમાચાર માતાને મળ્યા. માતા બીજા પુત્ર સાથે તેમને લેવા આવ્યા. પણ હવે એ વેંકટ- રામન નહોતા! હવે આ રમણ મહર્ષિને સાંસારિક સંબંધવાળું કોઈ સ્વજન નહોતું!


સમય જતાં રમણ મહર્ષિએ પર્વતના ઉપરના પ્રદેશ તરફ પ્રયાણ કર્યું. એક પછી એક ગુફામાં સ્થળાંતર કરી ધ્યાન કરવાનું રાખ્યું. તેમાંની એક વિરુપાક્ષી નામની ગુફામાં તે ઘણાં વર્ષો સુધી રહેલા. ત્યાં હવે ભક્તોની સંખ્યા વધતી ગઈ હતી. મહર્ષિનો એક સિદ્ધાંત કે બધાંએ વહેંચીને ખાવું. પલનિ સ્વામિ જે ભિક્ષા માગી લાવતા તે ભક્તો વધતાં પૂરતી ન થતી. તેથી તેમની વિનંતીથી ભિક્ષા વખતે ગાવા માટે કોઈ ગીત રચી આપવાની ભક્તોએ વિનંતી કરી. ને રચાઈ 'અરુણાચલ શિવ', જે તમિળ રચના આજે પણ ભક્તો માટે મૂલ્યવાન છે. ૧૯૧૬ના આરંભે તેમનાં માતા અલાઘમ્માલ પાછાં મહર્ષિ પાસે આવ્યાં. તેમના નાના ભાઈ પણ ત્યાં આવ્યા ન 'નિરંજનાનંદ' નામ ધારણ કરી આશ્રમની વ્યવસ્થા સંભાળવા લાગ્યા. મહર્ષિએ માતાના ચિત્તને દુન્યવી વિચારોથી મુક્ત કરી અધ્યાત્મજ્ઞાન આપવા માંડ્યું. માતા બધા મુલાકાતીઓને જમાડવાનું કામ કરતાં. ક્રમશઃ સંખ્યા વધવા લાગી. મોટી જગ્યાની જરૂરિયાત ઊભી થઈ. કંદસ્વામીએ પહાડ ઉપર થોડે ઊંચે સમથળ જમીન કરી, બાગ બનાવ્યો. ઈ.સ. ૧૯૧૭માં આશ્રમ તૈયાર કર્યો ને નામ આપવામાં આવ્યું, 'સ્કંદાશ્રમ' મહર્ષિ કોઈ નાતજાતના ભેદભાવમાં માનતા નહોતા. ત્યાં સૌ રહેતા. ૧૯ મે, ૧૯૨૨ના રોજ તેમની માતાનું અવસાન થયું. માતાના દેહને પાલિતીર્થમ્‌ની ટેકરીની તળેટીમાં દફનાવવામાં આવ્યો. માતાની આ સમાધિ પાસે તે અવારનવાર જતા. તે જ વર્ષના ડિસેમ્બર માસમાં તે આમ જ સમાધિની મુલાકાતે ગયા ને સ્કંદાશ્રમમાં પાછા ન આવ્યા. પછી તો એ જ એમનું કાયમી નિવાસસ્થાન બની ગયું. આજે એ સ્થાન 'રમણાશ્રમ' તરીકે ઓળખાય છે. ઘાસથી છવાએલા એક છાપરાથી શરૂ થયેલ એ આશ્રમ ધીમે ધીમે વિસ્તરતો ગયો. રમણાશ્રમ ભક્તો માટે અનુકૂળ જગ્યા બની રહ્યો. દર્શનાર્થીઓ કોઈ પણ સમયે સરળતાથી તેમના દર્શન કરી શાતા પામતા. મહર્ષિ ઘણી વાર પર્વતની પ્રદક્ષિણા કરતા. પાછળથી શરીરનો સાથ ઘટતાં તે બંધ કરી. ધીમે ધીમે તે



રમણાશ્રમમાં વિચારમુદ્રામાં રમણ મહર્ષિ



અવસાન પહેલાં દસ દિવસે રમણ મહર્ષિ




રમણાશ્રમનું પ્રવેશદ્વાર

મુખ્ય ખંડમાં જ વધુ ને વધુ બેસવા લાગ્યા.આવા મહર્ષિની ખ્યાતિ સુદના ચંદ્રની જેમ ચારેબાજુ ફેલાતી જ ગઈ! આથી જ તેમના શિષ્યવૃંદમાં દેશ તેમજ પરદેશના ભક્તો પણ વધતા જતા હતા! તેમના ભક્તમંડળમાં પલનિ સ્વામી, મોદલી મહાશય, ગંભીરમ્, શેષય્યરજી, સુંદરમ્માલ, યોગી રામૈયા, રામસ્વામી અય્યર, રાઘવાચારિયર, નટનાનંદ, શિવપ્રકાસમ્ પિલ્લે, લક્ષ્મી અમ્માલ, ને વિદ્વાન ગણપતિશાસ્ત્રી તો બ્રન્ટન, હમ્ફીસ, પાસ્કાલાઈન માલેટ, હારી ડિકમન, ભિક્ષુ પ્રજ્ઞાનાનંદ ને સાધુ અરુણાચંલ વગેરે અનેકોને ગણાવી શકાય. આ ભક્તોમાંથી ઘણાએ મહર્ષિના સાન્નિધ્યમાં થયેલા પોતાના અનુભવો નોંધ્યા છે.

સામાન્યતઃ તેઓ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠતા. નિત્યકર્મ પરવારી પાંચથી છ વાગ્યા સુધી દર્શન આપતા. પછી સ્નાનાદિથી પરવારતા. તેઓ પરિશ્રમમાં માનતા ને કોઈ પણ કામને નાનું ન માનતા. ૧૧ થી ૧૨ દરમિયાન ભોજન થતું. મહર્ષિ પણ બધાંની સાથે જ બેસતા. પછી વિશ્રાંતિ. ત્રણેક વાગ્યે બધાંને કોફી અપાય. બપોર પછી તે દર્શન આપે. સાંજે ધ્યાન થાય; સાડા સાતેક વાગે ભોજન. પછી પુસ્તકોનું પઠન. ને રાત્રે નવ વાગતાં આશ્રમની પ્રવૃત્તિ પૂરી થતી. સૌ નિદ્રાધીન થતા. આવા નિયમિત જીવનથી તેમનું સ્વાસ્થ્ય પ્રમાણમાં સારું હતું. પણ પાછળથી અસ્થમા સંધિવા વગેરે રોગથી ઘેરાયા. તે માંદા તો ક્યારેક જ પડેલા. પણ ૧૯૪૯ની માંદગી લાંબી ચાલી. ઓપરેશન કરવું પડ્યું. થોડો વખત સારું રહ્યું. પણ પછી ત્યાં ફરી ગૂમડું થયું. વ્યાધિ વધતો ચાલ્યો. ચારેક ઓપરેશન થયાં. તેમણે પોતે જ કહેલું - 'મારું શરીર હવે નકામી પતરાળી જેવું થઈ ગયું છે.' ક્રમશઃ કેન્સરે પોતાનો પ્રભાવ શરૂ કરી દીધેલો તેથી શરીર કથળતું ચાલ્યું. શરીરની આ અસહ્ય વેદના વચ્ચે પણ મહર્ષિ તો શાંત અને સ્વસ્થ જ! તેમની મુખાકૃતિ દિવ્ય પ્રેમ અને કરુણાથી હંમેશ છલકાતી રહેતી. છેવટે ૧૪ એપ્રિલ, ૧૯૫૦ના દિવસે સાંજે લગભગ ૮-૪૭ મિનિટે, જેણે પોતાનું સમગ્ર જીવન માત્ર કમંડળ અને લાકડીને આધારે પસાર કર્યું હતું તેવા આ જંગમ તીર્થ રૂપ મહર્ષિએ જીવનલીલા સંકેલી લીધી. તેમના દેહને યોગાસનની સ્થિતિમાં દર્શનાર્થે રાખવામાં આવેલો. બીજે દિવસે સાંજે સાડા છ વાગ્યે તેમના ક્ષરદેહને સમાધિ માટે લઈ જવામાં આવ્યાં ને મહર્ષિ ૧૯૩૮થી જે સ્થળે ભોજન લેતા હતા ત્યાં તેમના દેહને ૪૦,૦૦૦ લોકોની હાજરીમાં સમાધિ-સ્થાને પધરાવવામાં આવ્યો. આજે પણ તે સમાધિના દર્શને જનાર પર તેમના સાંનિધ્યનો પ્રભાવ પડે છે. શરીર ત્યાગતાં પહેલાં એક વાર તેમણે કહેલું : 'આ બધાં કહે છે કે મારું મૃત્યુ થવાનું છે, પરંતુ હું અહીં આજના કરતાં પણ વધારે જીવન્ત રીતે વાસ કરીશ.'

મહર્ષિના સદ્ઉપદેશનો મુખ્ય આધાર 'હું કોણ છું' - એવા આત્મવિચારપૂર્વકના આત્માના સંશોધનમાં રહેલો છે. જો કે મહર્ષિ કદી પણ સિદ્ધાંતજડ થયા નહોતા. એ વારંવાર કહેતા : 'પુનરાવતાર નથી. ઈશ્વર નથી. તમારે કેવળ તમારા સ્વરૂપમાં સ્થિતિ કરવાની છે.' આત્માના સર્વતંત્ર સ્વતંત્ર સ્વરૂપનો સાક્ષાત્કાર કરનારને જ સર્વોચ્ચ સત્યનો અનુભવ થાય છે. તેમના મોટાભાગના વિચારો જિજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તર રૂપે રજૂ થયા છે. ને તેમાં સ્વાનુભવની સચ્ચાઈનો રણકો રહેલો છે. 'ધ માઉન્ટન પાથ, ત્રૈમાસિકમાં એમના આવા સત્ત્વશીલ વિચારો વ્યક્ત થયેલા જોવા મળે છે. તેમની વાણીના કેટલાક ચિરંજીવ અંશો જોઈએ :

- હું કોણ છું? એ પ્રશ્નનો વિચાર મનને શાંત રાખવાનો એક માર્ગ છે. એ વિચાર બીજા બધા વિચારોનો નાશ કરી નાખશે અને બળી રહેલી ચિતાને હલાવવાની લાકડીની જેમ છેવટે એ વિચાર પણ નાશ પામી જશે અને ત્યારે આત્મ-સાક્ષાત્કારનો પ્રાદુર્ભાવ થશે.
- માત્ર જ્ઞાનપૂર્વકની શોધ જ મુક્તિ અપાવે છે.
- સાચી ગંગા તો તમારી અંદર છે. તેમાં સ્નાન કરો.
- 'આત્મા' સમુદ્રની જેમ એક જ છે. સત્યની સાથેનું તમારું ઐક્ય સ્વીકારી લો. જળ બની રહો. પરપોટા નહીં. અંદર ડૂબકી મારો.



અરુણાચલેશ્વર મંદિર

। નાવ પાણીમાં ચાલે છે. પણ પાણી તેની અંદર જવું જોઈએ નહિ. આપણે જગતમાં જીવીએ છીએ પણ જગત આપણા મન પર છવાઈ જવું જોઈએ નહિ.● તમારો પોતાનો આત્મસાક્ષાત્કાર એ જ તમારી દ્વારા કરાતી સંસારની સર્વોત્તમ સેવા છે.

● જ્યારે કોઈને મળો ત્યારે વિચાર કરો કે એના શરીરમાં જે વસે છે તે ઈશ્વર જ છે.

● ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે.

● પહેલાં પુરુષાર્થ-પરાયણ વૃત્તિથી પ્રેરાઈને જે કર્મો કરવામાં આવ્યાં હોય છે તે જ પાછળથી પ્રારબ્ધ અથવા ભાગ્ય બને છે. એટલે સુયોજિત પુરુષાર્થથી ભાગ્ય અથવા પ્રારબ્ધને પલટી શકાય છે.

● સિદ્ધિઓની પાછળ પડનારા મુક્તિ નથી મેળવી શકતા ને શાંતિનો અનુભવ પણ નથી કરી શકતા. મહર્ષિ પોતાની આવી વૈચારિક ભૂમિકાથી ભક્તોનું શંકા-સમાધાન કરતા રહ્યા છે. એ બોલ્યા છે ખૂબ ઓછું, પણ એમનું સાન્નિધ્ય પણ વૈચારિક પરિવર્તન કરી શકતું. લોકોને એમને માટે અલૌકિક પ્રેમ અને ભક્તિભાવ ઊપજતા. મહર્ષિ ચમત્કારો કરતા નહોતા એ જાણીતું હતું. પણ મહર્ષિ પોતે જ સૌથી મોટો ચમત્કાર હતા! તેઓ ધ્યાન પર ખૂબ ભાર મૂકતા. ને ધ્યાન એટલે તેમની દૃષ્ટિએ નીરવતા, શાંતિ અથવા તો પોતાની અંદર લીન થઈ જવું. આથી જ તેમણે મૌનનો મહિમા ખૂબ જ કર્યો છે.

મહર્ષિએ કોઈ ખાસ અવસરને અનુલક્ષીને કે કોઈની વિનંતીથી કેટલાંક કાવ્યોની રચના કરી હતી. તેમણે સત્ય પર ચાલીસ કડીઓ જુદે જુદે વખતે તૈયાર કરેલી, જે પાછળથી અન્ય દ્વારા પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલી. અરુણાચલની સ્તુતિ રૂપ અગિયાર અને આઠ કડીઓની રચનાઓ તેમણે હૃદયના ઉમળકાથી - સાહજિકતાથી સર્જેલી. તો ભક્તોની વિનંતીથી ભિક્ષા - સમયે ગાવા માટે એકસો આઠ કડીની 'અરુણાચલ શિવ' નામે ઓળખાતી અત્યંત લોકપ્રિય કૃતિ રચી હતી. એ ખૂબ જ અસરકારક કૃતિ છે. તેમાં ભક્તનો તલસાટ અને કૃપાપ્રાપ્તિનો આનંદ બંને રહેલા છે. આમ તો મહર્ષિ સંસ્કૃત ભાષામાં સિદ્ધહસ્ત તો નહોતા, પણ ગણપતિ શાસ્ત્રીએ એમને એક છંદ શીખવ્યા પછી તેમણે તે જ દિવસે સંસ્કૃતમાં પાંચ શ્લોકની રચના કરી હતી. તેમણે બે મહત્ત્વની ગદ્યકૃતિઓ પણ રચી છે : 'આત્મવિચારણા અથવા તત્ત્વવિચાર' અને 'હું કોણ?' શંકરાચાર્યના 'વિવેક ચૂડામણિ'નો અને આત્મબોધના ગ્રંથોના તમિળમાં સરળ અનુવાદો તેમની પાસેથી મળ્યા છે. સાધુ નિશ્ચલદાસના હિન્દી ભાષાના વેદાંત વિષયક લોકપ્રિય ગ્રંથ 'વિચાર સાગર'ને સાર રૂપે લોકભોગ્ય ભાષામાં તૈયાર કર્યો, જે 'વિચારમણિમાળા' નામે જાણીતો છે. આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કારના રસિયાઓ માટે એ નોંધપાત્ર પુસ્તક છે. એમની છેલ્લી કાવ્યરચનાનું નામ 'એકાત્મપંચકમ્' છે. એ રચના તેમણે ૧૯૪૭માં રચેલી. પહેલાં તેલુગુ અને પાછળથી જેનો તમિળમાં અનુવાદ કર્યો છે તેવી આ આત્મજ્ઞાનની અભિવ્યક્તિ કરતી પાંચેય કડીઓ ખરેખર મનનીય છે. આ તથા અન્ય કેટલીક રચનાઓ અને અનુવાદોનું કાર્ય તેમણે કર્યું તો તેમના સંનિષ્ઠ શિષ્ય શ્રી ગણપતિશાસ્ત્રીએ 'રમણ ગીતા' સંસ્કૃતમાં રચી, જેમાં શાસ્ત્રીએ પોતે તથા બીજા ભક્તોએ - શિષ્યોએ શુદ્ધ જિજ્ઞાસા વૃત્તિથી મહર્ષિને પૂછેલા પ્રશ્નો અને તેમણે આપેલા તેના ઉત્તરો શબ્દબદ્ધ કર્યા છે. એની રચના મોટે ભાગે ઈ.સ. ૧૯૧૭ના ઓગસ્ટમાં થયેલી. 'રમણ ગીતા' અઢાર અધ્યાય અને ત્રણસો શ્લોકની રચના છે.

શ્રી રમણ મહર્ષિના દેહાવસાનને આજે લગભગ ૫૦ વર્ષ થવા આવ્યાં. છતાંય આજે પણ તેઓ વૈચારિક-ચૈતસિક ભૂમિકાએ હયાત જ છે. દક્ષિણ ભારતના - અરુણાચલના આ સંતપુરુષની સમાધિ પાસે આજે પણ ભક્તો - શિષ્યો ભેગા થઈ સ્તોત્રગાન કરે છે અને ધન્યતા - તથા શાંતિ પામે છે. આજે પણ તેઓ તેમના શિષ્યો - ભક્તો માટે કેન્દ્ર રૂપ જ છે. તે પોતાની પાછળ જે પવિત્ર પ્રેમ અને જ્ઞાન મૂકી ગયા છે તેનાથી માનવ સમુદાય સાચી શાંતિ મેળવી રહ્યો છે. આવા મૌન - મહાતીર્થરૂપ તપસ્વી શ્રી રમણ મહર્ષિને શત શત વંદન! □

જેરૂડી

રાઘવજી માધડ

જશવંત, સ્રીપોશાક પહેરીને આદમકદના અરીસા સામે ઊભો રહ્યો. પછી કોઈ છોકરો, છોકરી સામું જુએ તેમ અરીસામાં જોયું. થોડી વારે છોકરીની માફક સહેજ લજ્જાળુ હસ્યો, પણ મોં પર મેકઅપના લીધે લજ્જાનો ભાવ ઊપસ્યો નહિ અને અંદર ને અંદર હાસ્ય વિલાઈ ગયું. છતાંય થોડી વાર સુધી ચહેરાને નીરખ્યો... ને પછી એકાએક શું થયું તે, મરેલી ઘો માફક ધબ્... દઈને ખુરશીમાં બેસી ગયો.

દૂરદર્શનમાં ભવાઈનો કાર્યક્રમ રજૂ કરવા માટે જશવંત અહીં આવ્યો છે. પણ જ્યારથી આ કાર્યક્રમ અંગેનો કરારપત્ર મળ્યો છે ત્યારથી જ જશવંતના શરીરમાં સળો બેસી ગયો છે. અંદરથી કંઈક અમળાઈને બહારની ચામડીને પણ ઊતરડી રહ્યું હોય તેવી પીડા, જાણ્યે-અજાણ્યે થવા લાગી છે. તો સામે પાછું કોઈ અંદરથી આળસ મરડીને બેઠું થઈ રહ્યું હોય - પ્રસૂતાની માફક રુંવે રુંવે પ્રસવની મીઠી વેદના ઉદ્‌ભવાવી રહ્યું હોય તેવું લાગે છે. આમ, કંઈ નક્કી થતું નથી કે શું થઈ રહ્યું છે... અને જે નક્કી થાય છે તેની સાથે મન સમાધાન કરવા તૈયાર નથી.

રૂમ સાવ ખાલીખમ હતો તે જશવંતે ખુરશીમાં લાંબા પગ કરીને બેઘડી આંખો મેળવવાનો પ્રયાસ કરે છે. છેલ્લી કેટલીય રાતો, અધકચરી ઊંઘમાં પસાર થઈ હતી. એટલે એક ઝોકું આવી જાય તો સારું. પણ આંખમાં ઊંઘ ભરાવાના બદલે, હળવે-હળવે જશવંતના કાનમાં ગોકીરો ને છોકાંઓની રીડિયારમણ ભરાવા લાગી...

વાળુપાણી પતાવ્યા પછી સહેજ મોડેથી, બે-ત્રણ અધ્ધરોટિયાં છોકરાં, પતરાના ડબ્બા લઈને તેને વગાડવા લાગે. કાન ફાડી નાખે તેવો કર્કશ અવાજ ગામ અને છેક સીમ સુધી રેલાય...ને સાંભળનારા સૌને ખ્યાલ આવે કે, વાસના નાકે, ભવાઈનો ખેલ હવે શરૂ થવામાં છે!

બસ; પોતાને હવે થોડીવારમાં જ 'જેરૂડી' તરીકે પડમાં જવું પડશે... સામે, આખું ગામ ઉલેચાઈને પ્રેક્ષક તરીકે બેઠું હશે. જુવાન છોકરીઓ, રમવાના પડની લગોલગ બેઠિયું હસે ને વચ્ચે બેઠી હશે. વિમુ!

જશવંત બળપૂર્વક આંખોને દબાવે છે. અંદર લાલપીળાં, અંધારામાં ગોટેગોટા ઊડતા હોય તેવું લાગે છે. મન ત્યાં કેન્દ્રિત થાય છે. અંધારાં, ઉલેચાવા લાગે છે ને પછી શરૂ થાય છે લાંબેસા દશ્યોની વણઝાર...!

ખેલની શરૂઆતમાં ડાગલો, પ્રેક્ષકોને સંભાળી લે. એ સમયગાળામાં, બીજા પાત્રો તૈયાર થઈ ગયા હોય. એટલે પડદાની પાછળ કોઈ ભાળે નહિ તેમ ગોઠવાઈને ઊભાં રહે. ને તુરંત જ ડાગલો તેની માયા સંકેલીને, ગીત ઉપાડે -

વા'લી વીજળીને કેમ લાગી વાર...

ત્યાં પડદા પાછળથી એકસમાટી પાંચ-સાત જેરૂડીઓનો સાગમટે અવાજ પ્રગટે -

અમે સોનાના શણગાર સજીએ...
હુકમ હોય તે જલદી ફરમાવો...

- ને થોડી વાર પ્રેક્ષકોને ટટળાવ્યા પછી, પડદો હટાવી લેવામાં આવે. ત્યાં તો ડબ્બા, દોકડ, ઝાંઝ, કલબલિયાં...ને જુવાન છોકરાઓની સિસોટીયો વાગે ને ઘડીભરમાં કાન પડ્યું સંભળાય નહિ તેવો દેકારો બોલી જાય. પણ તેમાં છોકરીઓ મૌન હોય. તે તો ટીકી-ટીકીને જોઈ રહી હોય... જેરૂડીઓએ શણગાર કેવાં અને કેમ સજર્યાં છે તે! ટાપકટીપક કેમ કર્યું છે, અંબોડો કોના વાળે ગૂંથ્યો છે, હાથમાં લેડીઝ ઘડીયાળ છે કે નહિ? આ બધી બાબતોની સાથે અગત્યની બાબત હોય તો, તેણે કપડાં કોના પહેર્યા છે તે ! ને બસ, જેરૂડીએ જે સ્રી કે છોકરીનાં કપડાં પહેર્યાં હોય તેનાં નામ માથે ધડ્ દઈને છાપ પડી જાય. પછી સાચું હોય કે ખોટું એ તો ઈશ્વર જાણે. પણ નામની છાપ મારીને, મોં આડે હાથ દઈને હસે... ને હસે તે, હસવાવાળું હસે. તેમાં પોતાનાં કપડાં ન પહેર્યાનો આડકતરો આક્રોશ પણ વ્યક્ત થતો હોય. અને જેનાં કપડાં હોય તેનાં મનમાં તો... જાણે, અષાઢ માસની વીજળીના ઝબકારા!

જશવંતના શરીરનો સપ્રમાણ બાંધો, કપડાં પહેરવાની રીત, મોં પર વ્યવસ્થિત મેકઅપ, નકલી અંબોડો, લ્હેકાથી બોલવું, સ્હેજ તીણો અવાજ ને સાથે ગળાની થોડી નરવાઈ... અદલ, સોળ-સત્તર વરસની છોકરી જ લાગે! જશવંત નહિ, જશવંતી જ છે તેવી જોનારા થાપ ખાઈ જાય.

જશવંત ફરી એક વખત અરીસામાં જુએ છે. નજરના ખીલાને અરીસામાં ધરબી દે છે અને તેમાંથી જશવંત જેરૂડીનો ચહેરો શોધવાનો પ્રયાસ કરે છે. પણ થોડીવારે પોતાના પ્રયાસને ખિસ્સામાં ભરી, સ્હેજ મોં બગાડતો જશવંત બારી પાસે ઊભો રહે છે.

પંખીડા જાજે... પારેવડા જાજે...
જાજે પ્રીતમ કેરે દેશ કે'જે એટલો સંદેશ,
બાઈ મુને પિયરીએ ગમતું નથી...

આ ગીતમાં જશવંતની માસ્ટરી. વન્સમોર થયા વગર રહે જ નહિ. પડમાં રૂમાલના છુટ્ટા ઘા આવે - તેમાં ચલણી સિક્કા અને રૂપિયા - બે રૂપિયાની નોટો બાંધી હોય!

અને વારંવાર 'કટ્' થાય તેવું ગીત -

હું તો તમારી ઘરવાળી અમથાભાઈ
હાલો ને ફિલમ જોવા જાઈ, અમથાભાઈ !

જશવંત સાચ્ચે જ કોઈની ઘરવાળી હોય તેવા ભાવ અને નારીલ્હેકાથી તે રજૂ કરે... જુવાનીઆઓ પાણી પાણી

થઈ જાય ને સાવ લગોલગ બેઠેલ છોકરીઓ, જશવંતનો નારીભાવ પોતાના પંડ્યમાં ઉતારીને મર્માળુ હસે - જે જશવંતની નજરથી અળગુ ન હોય. તે ઓર રંગમાં આવે ને બમણા ઉત્સાહથી અંગમરોડના ઉલાળા લે!

એક વખત ગીતના ગુલતાનમાં ખભા પરથી સાડી લસરી ગયેલી. જશવંત સાડી સરખી કરવા ગયો ત્યાં, પેટનો ભાગ થોડો સંકોચાયો - ઉપરનું બ્લાઉઝ ઢીલું પડ્યું ને છાતીને ઉંપસાવવા ભરાવેલો કપડાંનો ડૂચો ફ્ફ દઈને બહાર નીકળી ગયો. છોકરીઓ શરમની મારી નીચું ઘાલી ગયેલી ને છોકરાઓએ દાંત કાઢ્યા... ને પછી તો આખું ગામ હી...હી...હી...

- ને જશવંત, સાડીનો છેડો હાથમાં લઈને ભાગ્યો...

'એલા... તારું, ઓલ્યું લેતો જા...!' પણ સાંભળે કોણ !?

બારણાંના કિચૂડ અવાજે જશવંત ચોંક્યો. તેની આંખોમાં, નવેલી આણાતની જેમ પથરાયેલો અસબાબ ઘડીભર વેરવિખેર થઈ ગયો. કોઈ નહોતું. ક્યાંથી હોય! હજુ પૂરા દોઢ કલાકની વાર હતી! પોતે તો વ્હેલો ઊઠીને સીધો જ અહીં ચાલ્યો આવ્યો હતો.

- વળતાં દિવસે જશવંત નદીએથી નાહીને ગામ બાજુ આવતો હતો ત્યાં રસ્તામાં વિમુ મળેલી. પહેલા તો શરમની મારી ઊંધું ઘાલી ગયેલી. પણ પછી સાવ ઉરાઉર આવીને બોલેલી : એવી લહરકણી હાડી પે'રો તે ખભા પરથી પડી જ જાયને !

જશવંત થાંભલાની જેમ ખોડાઈ ગયેલો. જિંદગીમાં પ્રથમ વખત જ, આમ એકાંતમાં મન ભરીને બોલાવ્યો હોય તેવો બનાવ હતો.

ઘડીભર સમય થંભી ગયેલો.

'હંભળાણું કે નંઈ...!?'

'હંભળાય તો સે, પણ હારી હાડિયું કાઢવી ક્યાંથી!?

એક પણ શબ્દ બોલ્યા વગર, વિમુ ઝડપથી ચાલવા લાગેલી. ને જશવંત તેની પીઠને ક્યાંય સુધી તાકતો રહેલો.

ખુરશી પર બેસવું ગમ્યું નહિ. એક તો ક્યાંય ગમતું ન હોતું - સારું લાગતું નહોતું. તેમાંય પાછો આ પોશાક! સાડી-ચણિયો... તે સાવ મોકળું - મોકળું લાગે, વિચારમાં અટવાયા પછી થયું કે પોતે કપડાં પહેર્યાં નથી... પણ ત્યાં છાતી પરનું બ્લાઉઝ અને તેમાંની તડોતડ ગોઠવણ કપડાં પહેર્યાંનું ભાન કરાવે.

એક પછી એક કલાકારો આવવા લાગ્યા હતા. ને મેકઅપમેન, એક પછી એકને મેકઅપ ચઢાવવા લાગ્યો હતો. જશવંત, અગાઉથી જ ફ્રી થઈ ગયો હોવાથી એક બાજુ ઊભો સઘળું બારીકાઈથી જુએ છે.

- કેટલાં કૉસ્ચ્યૂમ... ને સાધન સામગ્રી. માણસની સિકલ જ બદલી નાખે. વૃદ્ધ કે યુવાન જેવો ઓપ આપવો હોય તેવો આપી શકાય.

ને ત્યારે તો કોસ્ચ્યૂમ કે સાધન-સામગ્રી કહો તે, બોદાર, કંકુ, કાજળ ને એક નાનકડો અરીસો!

વેશ પહેરવાની એક અલાયદી ઓરડી હતી. તેમાં સૌ પોતપોતાનો વેશ પહેરતાં. જશવંત વેશ પહેરીને લગભગ તૈયાર થઈ ગયો હતો. બસ, સાડીને પાટલીઓ પાડી, નેફામાં નાખવી બાકી હતી. ત્યાં એક દશેક વરસનો છોકરો, થેલી લઈને આવેલો.

'લ્યો... વિમુબેને દીધી સે!'

જશવંતના હાથમાં થેલી તોળાઈ રહેલી. ને જીવ તો જાણે...

'લ્યે, તું તારે ઠપકાર્ય...ઈણે મોકલાવીસે..આપડે હામેથી લેવા ગ્યા હોઈ તો, એના બાપના વાંક-ગુનામાં...'

થેલીમાં, ચાર સાડીઓ, તેને મેચિંગ બ્લાઉઝ... ને અડકતાં પણ શરમ આવે... અલગ, લેડીઝ રૂમાલમાં બોડીસ!

જશવંતે જૂનાં કપડાં ઉતારેલાં ને વિમુનાં કપડાં પહેરેલાં. ઘડીભર ધ્રુજારી થવા લાગેલી ને પછી તો પંડ્યમાં વિમુ જ ઊતરી આવી છે અથવા તો ચૂપચાપ અંદર બેસી ગઈ છે તેવો ભાવ મનને ઉદ્દીપકની જેમ ઉશ્કેરવા લાગેલો.

વિમુનાં નવા નકોર કપડાંમાં જશવંતને જોયા પછી સૌ અન્ય પાત્રોને થયું કે, જશવંત નક્કી નજરાઈ જશે... ને પછી તેના કાન પાછળ મેશનું ટપકું કરવામાં આવેલું.

જશવંત પડમાં આવેલો... ને, વિમુનાં કપડાં જોતાં જ, ઓળખીતી છોકરીઓ સમજી ગયેલી ને તુરંત જ વિમુના નામ માથે સિક્કો મારીને મનોમન સળગવા લાગેલી.

પણ જશવંત તો એક નવી જ ભાતે ઘૂમવા લાગેલો. તેના લ્હેકા ને નખરાં તો સાવ જુદાં જ... જાણે, કોઈ બીજો જ જશવંત આવ્યો હોય !

બસ, વળતાં દિવસે જ ગામની છોકરીઓની બજારમાં જશવંતનો ભાવ એકાએક ઊંચકાઈ ગયેલો ને, કપડાં આપવાની અંદરો અંદર સ્પર્ધા થાય તેવા એંધાણ ઊપસવાં લાગેલાં. જશવંતને તો આ બાબતનો ખાસ ખ્યાલ નહોતો પણ વિમુને પૂરેપૂરો ખ્યાલ હતો એટલે, જશવંતને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું : તારે એક કરતાં અનેક જોતી હસે તો હું દેસ્ય પણ બીજી કોઈની...

'ના...!' જશવંતથી બોલાઈ ગયેલું.

પોતે, વિમુના આવા આગ્રહને શા માટે વશ થઈ ગયેલો, તે સમજી શક્યો ન હતો.

જશવંત પહેરેલા પોશાકને જુએ છે. સાડી અને બ્લાઉઝ પર હાથ ફેરવે છે...ને તુરંત જ મન આંચકો અનુભવે છે. મેકઅપ રૂમમાં, ભીડ થવાના કારણે જશવંત બહાર આવે છે. લોબીમાં ઊભો રહે છે. કંઈ સૂઝ્યું નહિ તે, બીડી પીવાની તલપ જાગે છે. પણ બીડી ક્યાં? બીડી તો ઉતારેલાં કપડામાં હતી. અને અત્યારે તો પોતે સ્ત્રીપાત્રમાં છે !

આ હોળી જ સ્ત્રીપાત્ર અને તેનાં કપડાંની સળગી હતીને?

નાનકડા ગામમાં જશવંત અને વિમુના નામનો ધજાગરો બંધાઈ ગયેલો. સાચી-ખોટી વાતો થવા લાગેલી. પણ વાત વધારે ફેલાય એ પહેલાં તો નવરાત્રી પૂર્ણ થઈ ગયેલી એટલે ધૂંધવાયેલો અગ્નિ સળગ્યા પહેલાં જ હોલવાઈ ગયેલો.

પણ બન્નેનો સંબંધ હોલવાયો નહોતો. વિમુ, કંઈક ને કંઈક, જશવંત પાસે મંગાવતી અને જશવંત ભણવા જતાં અમરેલીથી લઈ આવતો. ચીજ-વસ્તુ મંગાવવી એ તો એક બહાનું હતું બાકી તો...'

નવરાત્રીની શરૂઆત થાય એ પહેલાં જ, ગામના સરપંચ એવા નરુભાના કાને વાત નાખવી. નરુભા આખા વાસને સાગમટે બોલાવે, ગઢની ડેલીમાં બેસાડે પછી બે-ચાર ટોપરાં જેવી ગાળો રમકાવે...ને, ખેલ કાઢવાની ના પાડે...! આવો પ્લાન વિમુના બાપનો હતો. પણ કોઈકે સમજાવેલો : આમાં તો ઘોડી અને અસવાર બન્નેની ઘટે... એનાં કરતાં, તલ ખંખેરીને તલસરાંને દીવાસળી મૂક...!

પણ પોતે પોલીસ પટેલ એટલે વાતને સાવ જાતી થોડી કરે ! નરુભાના કાને વાતનો અણસાર વહેતો મૂકેલો. અને નરુભાએ, વાસમાંથી બે-પાંચ મોટિયારને બોલાવીને ધધલાવેલા. પછી વાતને વાળતા હોય તેમ કહેલું : તમ તમારે રમો, રમવાની કોઈ ના નથી પણ કોય ફર્યાદ આંણ્યા લગી આવવી નો જોઈ... હમજ્યાં!?

જશવંતનો ચહેરો સાવ ફિક્કો પડી જાય છે. તે દયામણા ભાવે, દરેકના ચહેરાને ફંફોસવા લાગે છે. પણ સૌ, પોત-પોતાનામાં લીન છે. કોઈ જશવંત સામે નજર માંડતું નથી. તેનાં શરીરમાં કોહવાઈ રહેલી પીડા ફરી બેઠી થઈ હોય તેવું લાગે છે. ઊભું રહેવું સારું લાગ્યું નહિ તે ફરી પાછો મેકઅપ રૂમમાં આવે છે. ઘડિયાળમાં જુએ છે. ને તેનું હૃદય થડકવા લાગે છે.

- બસ, તું રમતો રહેને હું જોતી રહું.

- તું ગાતો રહેને હું સાંભળતી રહું...

એ રાતે વેશ કાઢવાની ઓરડીમાં, ખાલી હાથ ઉલાળતો નાનકડો છોકરો જશવંત પાસે ઊભો રહેલો.

'વિમુબેન બોલાવે સે...' 'ક્યાં...!?'

- પાછળના ભાગે વિમુ અંધારામાં ઊભી હતી. તેના હાથમાં થેલી હતી. જશવંતને જોતાં જ થેલીવાળો હાથ લંબાવેલો... બન્ને ના હાથનો પ્રથમ સ્પર્શ, તારાની જેમ સ્હેજ ચમકીને આથમી ગયેલો.

'લે... હું જોવા નંઈ આવું.' વિમુએ થેલી આપતા કહેલું.

જશવંત એકપણ શબ્દ બોલ્યા વગર, વિમુની તગતગતી આંખોને જોઈ રહ્યો હતો.

'ને તું કે'તો હો તો, હાસ્ય આંયાથી જ...' 'ના.'

જશવંતથી ઊંચા અવાજે બોલી જવાય છે. પણ કોઈને ખાસ ખ્યાલ આવ્યો નહિ. છતાં પણ તેનું મોં લાપસી ખાવા લાગે છે!

ઝેર ધોળવાની વાતે જશવંત મૂંઝાઈ ગયેલો. ને પછી, રમવુંજ નહિ... તેવા નિર્ણય પર આવીને ઊભો રહેલો. ત્યારે, જશવંતના આવા નિર્ણયથી સૌ ડઘાઈ ગયેલા. છેવટે નવરાત્રીનું ભવાઈ મંડળ તૂટ્યું. પણ જશવંત એક ટળીને બે ન થયો તે ન જ થયો. પછી તો દિવસો વિતતા ગયા, સઘળું વિસરાતું ગયું. પણ મનમાં રહેલી વાત, દિવસે ને દિવસે મંજાતી રહી - ઊજળી થતી રહી.

પ્રોડ્યૂસર આવી ગયા હતા. સ્ટેજ તૈયાર હતું.

લાઈટ... કેમેરા... કટ્... ઓ.કે.... જેવા અવાજો ઉભરાવાના હતા. અને પોતે તેની વચ્ચે...

જશવંતના પંડ્યમાં કારણ વગર ચટકાં ભરાવા લાગે છે.

શરીરનો ક્યાં ભરોસો રહ્યો છે ? બસ, એક વખત મન ભરીને રમી લેવું... જશવંતથી નિઃશ્વાસ નખાઈ જાય છે.

વિમુ સામે હોય પછી ક્યાં વાંધો? વિમુ સામે નહોય તો રમવામાં વાધો... બાકી, આજે તો ઘેર-ઘેર ટી.વી. છે. અને તેના ઘેર ટી.વી. નહો. તેવું બને?

'પણ વિમુ ટી.વી. સામે હશે જ એવું કોણે કહ્યું?'

'મારા ભાઈ ! કેટલાં દિવસથી જાહેરાત થાય છે... તેને ખબર ન પડે તેવું બને !?'

જશવંત છેલ્લાં કટેલાંય. દિવસોથી, આ બે અંતિમો વચ્ચે ભીંસાઈ રહ્યો છે.

સૌની સાથે જશવંત સ્ટૂડિઓમાં ગોઠવાય છે.

પોતાનાથી હવે એવું થાશે... કે પછી જાતી જિંદગીએ, પોળામાં ધૂળ પડશે !

'હોય કાંઈ... ભાંગેલ તોય ભરૂચ...!

જશવંતના પગમાં ચચરાટ થવા લાગે છે. પગમાં બાંધેલી ઘૂઘરિયો, ઝીણું-ઝીણું બજવા લાગે છે. અંગમાં અશ્વ જેવો હણહણતો સંચાર થવા લાગે છે ને ગળામાં જાણે, એક સાથે બે-ત્રણ કોયલો માળો બાંધી રહી છે !

'વિમુ, જોતી હશેને!?'

'હા...હા... જોતી જ હશે...'

જશવંતનું મન સંવાદ કરતું ક્ષણભર અટકી જાય છે. ને પછી અનર્ગળ દુઃખ વ્યક્ત કરતું હોય તેમ તેનું મન પોકારી ઊઠે છે : 'ભારે કરી!'

'કાં!?'

જશવંતથી પોતાના પોશાક પર નજર નખાઈ જાય છે. શરીરમાંયે કપડાં નહિ પરંતુ કાંટાળા થોર ચોંટાડ્યા હોય તેવું લાગે છે.

'વિમુ આ કપડાંમાં જોશે તો..??'

જશવંત એકદમ ઊભો થાય છે. પછી કોઈને ખ્યાલ ન આવે તેમ, મેકઅપ રૂમમાં આવે છે. કપડાં બદલાવે છે. ને દબાતા પગલે, સ્ટૂડિઓ બહાર નીકળી જાય છે. □

ટર્મિનેટર ટેક્નોલૉજિ

પ્રહ્લાદ છ. પટેલ


ચાર-પાંચ દસકા પહેલાં ભારતના ખેડૂતો અનુભવ પર આધારિત વણલખાયેલ નિયમને અનુસરતા. પાક તૈયાર થાય અને અનાજ ઘરભેગું કરે ત્યારે પછીના નવા વર્ષ માટે પ્રથમ કોટિનું ચોખ્ખું બિયારણ તૈયાર કરી સુરક્ષિત રાખતા અને આપસ-આપસમાં આપ-લે કરતા. આ રીતે, કોઈપણ મુશ્કેલી વિના ખેતીને લગતો તેમનો વ્યવહાર ચાલતો. આશરે ત્રણેક દસકા પહેલાં સંકર બિયારણ શરૂ થયું. સંકર બિયારણથી મૂળ જાતના પાક કરતાં દોઢો-બમણો પાક ઊતરે પણ સ્વાદ અને પોષણમાં ઊતરતો. કેટલાંક અનાજ-(જેમકે કંજરી બાજરી)ની મૂલ જાત આજે અદશ્ય થઈ છે. અનાજની અસલ જાત ભાવે તેવી અને પૌષ્ટિક હતી.

હાઈબ્રીડ પછી હવે ટર્મિનેટર ટેક્નોલૉજિ (સીમાન્ત પ્રાવૈધિકવિજ્ઞાન) નો જમાનો આવ્યો છે. ટર્મિનેટર ટેક્નોલૉજિનું મૂળ G-5 (યુ.એસ., યુ.કે., ફ્રાન્સ, જર્મની અને રશિયા) દેશોમાં છે, તેમાંય યુ.એસ.માં ખાસ. આ ટેક્નોલૉજિનો વ્યાપ વધારવા માટે રાજકીય અને આર્થિક તરકીબો અજમાવવામાં આવી રહી છે. (ખેડૂતોને ટર્મિનેટર જર્મન ટેક્નોલૉજિનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે.) પરિણામે આગળના વર્ષના પાક માટે ઉત્તમ બિયારણને તૈયાર રાખવાની ખેડૂતોની માફક આવેલી જૂની પદ્ધતિનો અંત આવી રહ્યો છે. આ ટર્મિનેટર ટેક્નોલૉજિ છે શું? ટર્મિનેટર (સીમાન્ત) બીજ એ હાઈબ્રીડ પાકનું જ બીજ છે. તેને વૈજ્ઞાનિક ઢબે એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે જેથી તે પોતાના ગુણોની વાહકતા (અભિવ્યક્તિ) ગુમાવી બેસે છે. એટલે કે આવું બીજ ઊગતું નથી. પરિણામે તે એક પેઢી પછી વંધ્ય સાબિત થઈ ખતમ થઈ જાય છે. 'છોડના જનિન ઉપર વાહકતા (અભિવ્યક્તિ)ના અંકુશ'ના નામે યુ.એસ.ના મિસિસિપિ 'ડેલ્ટા અને પાઈન કંપની' અને 'યુ.એસ. કૃષિ વિભાગ'ને સંયુક્ત રીતે ઈજારો (યુ.એસ.પેટન્ટ નં. ૫૭૨૩૭૬૫) આપ્યો. બીજની વંશ-વાહકકતા ગુણને નષ્ટ કરી વંધ્ય બનાવવાની પ્રક્રિયાને વૈજ્ઞાનિક ભાષામાં ટર્મિનેટર ટેક્નોલૉજિ કહે છે. તેમાં બીજના જનિનને મર્યાદિત કરી દેવામાં આવે છે. આ ટર્મિનેટર જિન-ટેક્નોલૉજિએ ઘણા ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે, જેમ કે છોડમાંથી બીજ અને બીજમાં છોડની પરંપરાનો અંત આ ટેક્નોલૉજિ પ્રમાણે ટર્મિનેટર-જિનવાળું બિયારણ બીજનાં તમામ લક્ષણો ધરાવે છે. પણ આવા બીજનું અંકુરણ થતું નથી. તેથી તે પોતાની પેઢી ને આગળ વધારવાની ક્ષમતા ગુમાવી બેસે છે. પરિણામે ભવિષ્ય માટે બિયારણ સંઘરી રાખવાની ખેડૂતોની પદ્ધતિ સામે ભારે જોખમ ઊભું થયું છે. ટર્મિનેટરરૂજિન-ટેક્નોલૉજિ વિકસાવવા પાછળનો (બદ!) ઈરાદો સ્પષ્ટ છે એટલે કે બિયારણના પુરવઠા ઉપર સંપૂર્ણ જૈવ-નિયંત્રણ કરીને અંકુરણ માટે ગમે ત્યારે સક્ષણ એવા બિયારણથી ખેડૂતોને વંચિત રાખવા અને કૃત્રિમ બિયારમ માટે બહુ રાષ્ટ્રિય કંપનીઓના દરવાજે ખેડૂતોને મજબૂર કરવા વિકસિત દેશોનું આ કાવતરું છે. ટર્મિનેટર ટેક્નોલૉજિ અત્યંત જટિલ છે. અહીં બે જનિન-તંત્રોને ભેગાં કરવામાં આવે છે. અને ગર્ભ(ભ્રૂણ)ના વિકાસની સામાન્ય પ્રક્રિયાને બંધ કરી દેવામાં આવે છે. આથી બીજનું અંકુરણ થતું નથી. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જનિન-તંત્ર - I જનિન A ધરાવે છે. તે નિષ્ક્રિય પ્રોટીન રિબોઝોમ (RIP) પેદા કરે છે. રિબોઝોમ વિકસતા ગર્ભને ખતમ કરે છે. જનિન A નું અવરોધી ઘટનાક્રમ (blocking sequence) દ્વારા પ્રવર્તક (promoter) PA સાથે સંયોજન કરવામાં આવે છે.

જનિન-તંત્ર - II, B જનિન ધરાવે છે. તેને પ્રવર્તક PB સાથે જોડી દેવામાં આવે છે. ત્રીજો જનિન C દમનશીલ પ્રોટીન પેદા કરે છે. જે પ્રવર્તક PB ઉપર નિયંત્રણ રાખે છે. અને જનિન B ની ગુણવાહકતા (અભિવ્યક્તિ)ને અટકાવે છે. (ટેટ્રાસાઈક્લીનનો બહારથી ઉપયોગ કરીને) જનિન Bને મંદ પાડી દેવામાં આવે છે.

આ બે વર્ષને સંયોજી એક વું તંત્ર બનાવવા માટે ઉપર મુજબ તૈયાર કરેલા પારસ્પરિકજનહિતનું સંકરણ કરવામાં આવે છે. તે રીતે સામાન્ય સંકટ બીજ મળે છે, જનિન A વ્યક્ત ન થતો હોઈ આરીતે મળતું બીજ પાંગરી અને ઉછરી શકે છે. બહીજને ટેટ્રાસાઈક્લીનનો ઉપચાર કરવાથી બીજારોપણ ઉતક (trsshe) પ્રતિ જૈવિકનું શોષણ કરે છે. જનિન B માટે ટેટ્રાસાઈક્લીન પ્રેરક તરીકે વર્તતો હોઈ, તે જનિનને મંદ કરે છે અને પુનર્યોજક પેદા થાય છે. જનિન A અને પ્રવર્તક PA વચ્ચેના અવરોધી ઘટનાક્રમને પુનર્યોજક દૂર કે છે આથી પ્રવર્તક PA જનિન A સાથે યોગ્ય રીતે આભિમુખ બને છે. અને જનિન ઉગવા લાયક બને છે. ગર્ભના પ્રારંભિક વિકાસ માટે પ્રવર્તક કાર્યાન્વિત હોય છે. આથી તે જ પેઢીમાં જનિન સામાન્ય રીતે અંકુરણ પામે છે પાક આપે છે અને બહીજ પણ. અર્થાત્ બીજ વંધ્ય પૂરવાર થાય છે કારણ કે જનિન A કાર્યાન્વિત બનતાં બીજના ગર્ભનો નાશ થાય ચે. જ્યાં લગી જનિન B ટેટ્રાસાઈક્લીનની ગેરહાજરીમાં દમનકારક હોય છે ત્યાં લગી પાંગરી શકે તેવું બીજ પેદા કરવા માટે જનિન A વ્યક્ત થતો નથી.

એવું માનવાને આધાર છે કે ટર્મિનેટર-જિન સંકરણ-પરાગણ (cross pollination) દ્વારા બીજા છોડ ઉપર જઈ શકે તો તે વંધ્યત્વ ધારણ કરી શકે છે, બીજા પાકને વિપરીત અસર કરી શકે છે. આમ થાય તો જૈવ-વૈવિધ્યને નાશ થતાં પારિસ્થિતિક



ટર્મિનેટર - ટેક્નોલૉજિનું કાર્ય

સમતુલા તૂટી પડશે. આ બાબત એટલી બધી ગંભીર નથી તેવું કહેવામાં-સમજાવવામાં આવે છે, પણ સત્ય માટે રાહ જોવી રહી. ઉપજ ઘટવા માંડશે, પરિણામે અનાજનું ઉત્પાદન ઘટશે. અનાજની સલામતીને ભોગે જૈવ-સલામતી એ કંઈ ઉકેલ નથી.

આ ટેક્નોલૉજિ USDA (United States Department of Agriculture) જેવા જાહેરક્ષેત્રે વિકસાવી છે. તેનો ઇજારો હવે ખાનગી કંપની મોન્ટાસો કૉર્પોરેશનને આપવામાં આવ્યો છે. સરકાર અને યુનિવર્સિટીઓ પાસે નાણાંની મર્યાદિત જોગવાઈ હોઈ આ ટેક્નોલૉજિ ખાનગી કંપનીઓ પૂરી પાડશે. આજે બિયારણની કંપનીઓ કૃષિવિષયક બાયોટેક્નોલૉજિના સંશોધન અને ખાસ જનિન અને વિશેષકોનો ઇજારો મેળવવા માટે અબજો ડૉલરનું રોકાણ કરી રહી છે. જે કંપનીઓ પાસે આ ટેક્નોલૉજિ હશે તેમના હાથમાં પ્રજનન (ઉછેર) કાર્યક્રમ ક્રમશઃ જશે. આવી પરિસ્થિતિમાં ખેડૂતોએ મોંઘાં બિયારણ માટે ભારે કિંમત ચૂકવવી પડશે અથવા તો પાકની અસલ જાત શોધવા નીકળવું પડશે. પણ જૂની જાત આ સમય દરમિયાન લુપ્ત થયેલી હશે. જે રીતે આ ટેક્નોલૉજિ આંતરરાષ્ટ્રિય બજારમાં આવી રહી છે તે રીતે, વીસમી સદીના અંતે, ત્રીજા વિશ્વના ૧.૪ અબજ ગરીબ લોકોનું ભાવિ જોખમાશે. આથી વાસ્તવિકતા અને ઘેલછા વચ્ચે પાતળી રેખા દોરવાનો સમય પાકી ગયો છે. આ અને આવી અન્ય ટેક્નોલૉજિનું લક્ષ્ય વિકાસ નથી પણ વિકસતા રાષ્ટ્રોની પ્રગતિનો અંત છે. એટલે ટેક્નોલૉજિનો અંત લાવવા અથવા તેને મોકૂફ રાખવા માટે વૈશ્વિક મત તૈયાર કરવો જોઈએ.

અત્યારે તો આવી ઈજારાયુક્ત ટેક્નોલૉજિ કપાસ અને તમાકુ પૂરતી મર્યાદિત છે. પણ ભવિષ્યમાં બીજા પાકોને આવરી લેવામાં આવશે. બહુરાષ્ટ્રિય કંપનીઓનું લક્ષ્ય બીજા અને ત્રીજા વિશ્વના બજાર ઉપર છે. એટલે હવે પછી તેમની બાજનજર ચોખા, ઘઉં કઠોળ ઉપર છે. કૃષિ વ્યવસાયમાં આ બધા પાકોનું ઓછું મહત્ત્વ છે, કારણ કે તેમાંથી આર્થિક વળતર ખાસ મળતું નથી. તે માટે (Rural Advancement Foundation International - RAFI)નો મત આ પ્રમાણે છે 'વિશ્વના ૭૫ ટકા ગરીબોનો મુખ્ય આધાર ઘઉં અને ચોખા છે. આ બે પાક પણ તેમના ઈજારાશાહીમાં સમાઈ જાય છે.' વધુમાં રાફી માને છે કે આવી ટેક્નોલૉજિ અને ઈજારાપદ્ધિતિની નીતિના ઘડવૈયા અને વિજ્ઞાનીઓના સમૂહ સામે પડકાર છે. બાયોટેક ક્ષેત્રે કદાવર કંપની મોન્ટાસોએ આ ટેક્નોલૉજિ મેળવવા માટેનું આયોજન કરી દીધું છે. અને આ કંપની ભારતમાં કાર્યરત છે. તેથી આ પ્રશ્ન આપણી સાથે નિસબત ધરાવે છે. તેને કારણે આપણે ત્યાં 'જૈવિક અને આર્થિક બાબતોને આનુષંગિક પ્રત્યાઘાત ઊભા થશે. આ પ્રત્યાઘાતો સામાજિક-આર્થિક આપત્તિને આમંત્રિત કરશે. વાંઝિયું બીજ તૈયાર કરવાનો ઈજારો બહુરાષ્ટ્રિય કંપનીઓ જ ધરાવે છે. આ બાબતે વિશ્વ વ્યાપાર સંસ્થા (World Trade Organisation - WTO) શંકાસ્પદ ભૂમિકા ભજવી રહી છે. કારણ કે તે યુ.એસ.ના પ્રભાવ તળે હોઈ તેનું સંરક્ષણ કરવાનું વલણ ધરાવે છે. જેમ કે વિકસિત રાષ્ટ્રો સંરક્ષણાત્મક પ્રયુક્તિઓ ધરાવે તો WTO ને કોઈ વાંધો નથી. તેથી ઊલટું વિકસતા દેશોને પર્યાવરણ અને માનવ-હક્કોના મુદ્દે તેમની સામે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ છે, જ્યારે ધનાઢ્ય દેશોને આવી જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે! બિયારણ મેળવવા માટે આપણે યુ.એસ. સામે ઘૂંટણીએ પડવું પડશે, કારણ કે અમેરિકાને મળેલા એકાધિકાર સંલગ્ન કાનૂન મુજબ આપણે ભારતમાં આવાં બિયારણ તૈયાર કરી શકતા નથી. યુ.એસ. વિકસતા દેશનાં કાંડાં કાપી લીધાં છે. આ બાબત એટલા માટે અતિ ગંભીર છે કે ભારતની ૭૫ ટકા વસ્તી કૃષિ અને કૃષિ-વિષયક પેદાશો ઉપર નિર્ભર છે. જ્યારે યુ.એસ.ની માત્ર ૧ ટકો વસ્તી કૃષિવ્યવસાય સાથે સંકળાયેલી છે. આ રીતે ભારત અને યુ.એસ. વચ્ચે સામાજિક-આર્થિક ક્ષેત્રે વિશાળ તફાવત છે. એટલે આપણા ખેડૂતોની પરિસ્થિતિને અનુકૂળ હોય તેવી જ ટેક્નોલૉજિનો આપણે આગ્રહ રાખવો જોઈએ.

ટર્મિનેટર ટેક્નોલૉજિમાંથી ઉદ્ભવતા ચિંતાયુક્ત જનિન નિર્દોષ પાક ઉપર ધસી જાય તો આપત્તિજનક અને પડકારરૂપ પરિણામ આવી શકે છે, જેવું કે નિર્દોષ પાકનું સામૂહિક

વંધ્યત્વ. વધુ ખતરનાક હકીકત તો એ બને છે કે જીવનના આત્મ ચિરસ્થાયીત્વ (self perpthation) નો પાયાનો સિદ્ધાંત નાબૂદ થાય છે. પરિણામે જૈવ-વિજ્ઞાન એ દ્રવ્ય-વિજ્ઞાન બનીને ઊભું રહેશે. આ ટેક્નોલૉજિના વ્યાપારીકરણના આરક્ષણને આંતરરાષ્ટ્રિય સ્વરૂપ આપવામાં આવ્યું છે. આથી કેનેડા સ્થિત રાફી (RAFI) એ આ ટેક્નોલૉજિ સામે સમયસર ચેતવણી આપી છે કે આવો એકાધિકાર મુખ્ય આહારને આવરી લેશે તો ભારે ચિંતાજનક પરિસ્થિતિ પેદા થશે. તો આવા એકાધિકારથી પેદા થતા ભય, ચિંતા અને પડકાર સામે શું થઈ શકે?

આથી સ્પષ્ટ છે કે આપણા વિજ્ઞાનીઓને ઊંઘતા કે રૂઢિચુસ્ત રહેવાનું પાલવે નહિ. તેમણે અંતરદૃષ્ટિ વિસ્તારીને ઊંડો ચંચૂપાત કરવાની તૈયારી રાખવી પડશે. એવી ટેક્નોલૉજિ આવકારવા તત્પર રહેવું પડશે. નવી ટેક્નોલૉજિ સમાજને ફાયદાકારક હોવી અનિવાર્ય છે, અર્થવ્યવસ્થાને લકવાગ્રસ્ત કરે તેવી તો નહીં જ. કોઈ પણ ટેક્નોલૉજિની સ્વીકૃતિ વખતે જનકલ્યાણનો આશય કેન્દ્રસ્થાને હોવો જોઈએ.

બહુરાષ્ટ્રિય કંપનીઓનું વ્યાપારી બજાર વિકસતાં રાષ્ટ્રો છે. આથી તેમના માટે ટર્મિનેટર ટેક્નોલૉજિ ગંભીર બાબત છે. બહુરાષ્ટ્રિય કંપનીઓ તેમની ઇચ્છા પ્રમાણે બિયારણ આપશે, અથવા નહીં આપે. જે રાષ્ટ્રો તેમનું કહ્યું કરશે તેને બિયારણ આપશે. અને તેમની સામે માથું ઊંચકનારને ટટળાવશે. તેમાંથી રાજકીય સોદાબાજીનો પ્રભાવ થશે. અનાજ મેળવવા માટે વિકસતા રાષ્ટ્રોએ ભવિષ્યમાં તેમના દરવાજે ચપણિયાં લઈને ઊભા રહેવું પડે તો નવાઈ નહીં. યુ.એસ. અને બહુરાષ્ટ્રિય કંપનીઓ તેમની મનમાની કરશે અને વિશાળ માનવ-સમૂહને તેમની દયા ઉપર જીવવાનું રહેશે. આ બાબતે કર્ણાટકના ખેડૂતોનો વિરોધ નોંધપાત્ર છે. કપાસનાં બિયારણ સામે પેહેલેથી વિરોધ કરતા આવ્યા છે. કર્ણાટકના ખેડૂતો તેની સરકાર સામે રણે ચડ્યા છે. ડિસેમ્બર ('૯૮)ના પ્રથમ સપ્તાહમાં આંદોલનને જોર પકડ્યું. આંદોલનકારોએ કપાસનો લીલો પાક ઉખેડી નાખીને તેની હોળી કરી. આમાં ખેડૂતો સંમત અને સામેલ થયા.

કેટલાંક અનાજની અસલ જાત આજે લુપ્ત થઈ ગઈ છે. કોઈ પણ અસલી પાકની જાત સાથે સંકળાયેલા જીવો પણ લુપ્ત થશે. આ બધું જોતાં લાગે છે કે જૈવ-વૈવિધ્ય ઉપર ભારે ભય ઝળૂંબી રહ્યો છે. કૃષિવિજ્ઞાની એમ.એસ. સ્વામીનાથન કહે છે કે 'આવી ટેક્નોલૉજિને આગળ વધતી રોકવા માટે આજે આપણી પાસે કોઈ કાર્યવિધિ નથી. કોઈ પણ હિસાબે આપણે આ ટેક્નોલૉજિ રોકવી રહી. આયાત-નીતિને કડક બનાવવી જોઈએ. આ બાબતે તગડાં રાષ્ટ્રોની ચાલાકી અને આપણામાંથી કોઈને મળતી નાની સરખી લાંચથી આપણા રાષ્ટ્રને ભગવાન બચાવે.' આપણા રાજકારણીઓ કાયદામાં બાકોરાં પાડવાનું નહીં છોડે તો દેશની દુર્દશા થશે. રોગને નિર્મૂળ કરવા આજે કાર્યવાહી કરવી પડે તેવી જ કાર્યવાહી દેશમાં કરવી રહી.

પ્રસંગપરાગ

શેઠશ્રી રમણભાઈ પેટલાદની રાજરત્ન મિલના માલિક ખરા, પણ વરસના કેટલાય મહિના તીર્થાટન અને સંત-સત્સંગમાં ગાળતા. એક વખત સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન ભાવનગરના એક બાગમાં ફરતાં એક યુવકની ભેટ થઈ. તેના કુશળની પૃચ્છા કરતાં જાણ્યું કે સારા ગુણાંક સાથે એસ.એસ.સી. પાસ ભાઈ પ્રવીણ ભટ્ટનું શિક્ષણ આર્થિક સંકોચને કારણે સંભવિત નહોતું. વિશેષ વાર્તાલાપ થતાં જાણ્યું કે એ યુવક પાસે તો બાળશિક્ષણ માટેનું પ્રમાણપત્ર હતું...ને એથી વિસ્મય સર્જાયું. શેઠશ્રીએ પોતાના પૌત્ર વ્રજેશના શિક્ષણ માટે એને પેટલાદ લાવી પોતાની સાથે રાખ્યો. પોતાની સાથે જ રહેવાનું, અને તે પણ પરિવારના એક સદસ્ય તરીકે.

કૉલેજનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં પ્રવીણ ભટ્ટને પોતાને ખર્ચે દાખલ કર્યો. આ યુવકને આમ આવા પરિવારમાં સુખદ સગવડો, મનગમતું શિક્ષાકાર્ય અને ઉચ્ચતર શિક્ષણની તક મળતાં તેનું વ્યક્તિત્વ નવું બળ પામ્યું અને અભ્યાસમાં એની આગવી શક્તિનો પરિચય પણ થયો.

વિનિયનના પ્રથમ વર્ષના ગુજરાતીના અભ્યાસક્રમમાં ૧૦૦ માર્ક્સના પ્રશ્નપત્રમાં ૧૫ માર્કસનો એક પ્રશ્ન ગુજરાતી મધ્યકાલીન સાહિત્ય વિષે પુછાતો. એ કક્ષાએ અત્યંત પ્રાથમિક માહિતીની જ અપેક્ષા રહેતી. તેથી એને માટે પુસ્તક ખરીદીને તૈયારી કરવાનું ભાગ્યે જ બનતું. કૉલેજના પુસ્તકાલયમાં પણ જરૂરી પુસ્તકની એકાદ બે નકલો જ હોય. તેથી એ કક્ષાના વિદ્યાર્થીઓ એનો ઉપયોગ ત્વરાથી કરી લઈ બીજાંને ખપ લગાડતાં. એક દિવસ રાતે અઢી-ત્રણના સુમારે શેઠશ્રીએ પ્રવીણભાઈને અભ્યાસમાં રત જોયા. પૃચ્છા કરતાં તેમને સ્થિતિની જાણ થઈ. ...ને એક સદ્ભાવ સ્ફુર્યો.

શેઠશ્રીએ પ્રવીણભાઈને પૂછી પુસ્તકની, તેના પ્રકાશક-વિતરકની પૂરી વીગતો લીધી, તેમના વર્ગમાંના વિદ્યાર્થીઓની સંખ્યા લીધી...અને પંદર દિવસ પછી એ પ્રત્યેક વિદ્યાર્થી તથા તે વિષયના વ્યાખ્યાતાને (મને) એક એક નકલ પોતાની ભેટમુદ્રા આંકી મોકલી આપી. એમના વિદ્યાપ્રેમને સલામ! - **'ત'**

તે માટે આણ્વિક જૈવ-વિજ્ઞાનીઓ અને જનિન-ઈજનેરોએ તાત્કાલિક સાવધ બનવાની જરૂર છે. તેમણે એવાં આણ્વિક-અન્વેષકો (probes)ની રચના કરીને વિકસાવવાં જોઈએ, જેથી પરદેશથી આપણાં બંદરો ઉપર ઊતરતાં આવાં ચિંતાયુક્ત બિયારણનું પરીક્ષણ-નિરીક્ષણ કરીને અટકાવી શકાય. ઈલાજ કરવા સુધી જવું પડે તે પહેલાં જ રોગને મૂળમાંથી અટકાવી દેવામાં ડહાપણ છે. □

આવો, શીખીએ અંગ્રેજી (૧૮)

ધનુભાઈ મહેતા

'Double prepositions' - ડબલ પ્રેપઝિશન્સ - બેવડા પ્રેપઝિશન્સ, 'phrase prepositions' - ફ્રેઝ પ્રેપઝિશન્સ - શબ્દસમૂહ પ્રેપોઝિશન્સ - અને 'Preposition followed by a verb' - પ્રેપઝિશન ફોલોડ બાઈ અ વર્બ - ક્રિયાપદ સંલગ્ન પ્રપોઝિશન.

આગળના પાઠમાં સાદા અને સામાસિક પ્રેપઝિશન્સ શીખ્યાં. હવે 'બેવડા', 'શબ્દસમૂહ' અને 'ક્રિયાપદ સંલગ્ન' પ્રેપઝિશન્સ વિશે શીખીએ.

જ્યારે 'single preposition' થી કહેવાનો ભાવ સંપૂર્ણ-પણે દર્શાવી શકાય નહિ ત્યારે 'double preposition' વાપરવું પડે. આ પ્રકારના પ્રેપઝિશન્સ રોજિંદા ચલણમાં જૂજ છે. થોડાંકને ઉદાહરણ લઈ સમજીએ -

Fromunder - ફ્રોમઅન્ડર - ની નીચેથી - દા.ત.
બી એકાએક જમીનની અંદરથી ફૂટી નીકળ્યું.
All of a sudden the seed sprouted fromunder the ground (a seed - સીડ - બી, to sprout - સ્પ્રાઉટ - ફૂટવું)
સરઘસ કલેકટરની ઓફિસ સામે આવીને અટક્યું.
The procession stopped overagainst the collector office.
બળતો કોલસી ભઠ્ઠીમાંથી બહાર કાઢવામાં આવ્યો.
Live coal was taken off from the furnace.
(a furnace - ફરનેસ - ભઠ્ઠી)
બાળકો ઘરની અંદરના ભાગમાંથી બહાર દોડી આવ્યાં.
Children ran out from within the house.

નીચેનાં 'phrase prepositions' રોજબરોજના વ્યવહારમાં પ્રચલિત છે. તેને તેના અર્થ સાથે સમજવા જરૂરી છે.

In fromt of - ઈન ફ્રન્ટ ઓવ્ - ના આગળના ભાગમાં
મારા ઘરના આગળના ભાગમાં એક નાનો બાગ છે.
There is a small garden in front of my house.
Instead of - ઈન્સ્ટેડ ઓવ્ - ને બદલે, ની અવેજીમાં
મુલ્લાએ કેળાને બદલે દ્રાક્ષ ખરીદી.
Mulla bought grapes instead of bananas.
Inspite of - ઈન્સ્પાઈટ ઓવ્ - તેમ છતાં
મારી ચેતવણી છતાં તે જીવતા તારને અડ્યો.
Inspite of my warning he touched a live wire. (a warning - અ વોર્નિંગ - ચેતવણી, a live wire - અ લઈવ વાયર - જીવતો તાર - વિદ્યુતપ્રવાહ વહેતો તાર)
For the sake of - ફોર ધ સેક ઓવ્ - ને ખાતર
ખુદાને ખાતર મને એકલો છોડી દો.
For the sake of god please leave me alone.
Because of - બિકોઝ ઓવ્
On account of - ઓન એકાઉન્ટ ઓવ્ } ને કારણે / ને લીધે
Owing to - ઓઈંગ ટુ
તેની માંદગીને લીધે તે બહાર ન ગયો.
He did not go out because of his illness.
હોળીના તહેવારને લીધે શાળા આવતી કાલે બંધ રહેશે.
The school will remain closed on account of the Holi festival.
તેની માંદગીને કારણે તે શાળામાં ગેરહાજર હતો.
He was absent from school owing to his illness.
According to - અકોર્ડિંગ ટુ - ના અનુસાર, ના મતે પ્રમાણે
ગાંધીજીના મતે સત્ય એ જ ઈશ્વર છે.
According to Gandhiji truth is god.
In order to - ઇન ઓર્ડર ટુ - ના હેતુથી
તેને મદદ કરવાના હેતુથી મેં તેને થોડાક પૈસા આપ્યા.
I gave him some money to help him.
On behalf of - ઓન બિહાફ ઓવ્ - ના વતી
વિદ્યાર્થીમંડળ વતી હું પ્રમુખનો આભાર માનું છું.
I thank the chair on behalf of the students, union (the chair - ચેર - પ્રમુખ)
In honour of - ઈન ઓનર ઓવ્ - ના માનમાં
ગ્રીસનાં લોકો તેમના દેવ ઝ્યૂસના માનમાં રમતોત્સવ ઉજવતા.
The Greeks celebrate the festival of sports in honour of their god Zeus. (to celebrate - સેલિબ્રેટ - ઊજવવું, a festival - અ ફેસ્ટિવલ - તહેવાર)
On the point of - ઓન ધ પોઈન્ટ ઓવ્ - ની અણી પર
તે મરવાની અણી પર હતો.
He was on the point of dying.
To be in search of - ટુ બિ ઇન સર્ચ ઓવ્ - ની શોધમાં
શિયાળ ખોરાકની શોધમાં હતું.
The fox was in search of food.
With a view to - વિથ અ વ્યૂ ટુ - ના ઉદ્દેશથી
આગળ અભ્યાસ કરવાના ઉદ્દેશથી તે પરદેશ ગયો.
He went abroad with a view to studying further.
(to go abroad - ટુ ગો અબ્રોડ - પરદેશ જવું)
With a view to પછી હંમેશાં ક્રિયાપદનું gerund એટલે કે ક્રિયાપદનું - 'ing'વાળું રૂપ વપરાય છે.
as a result of - એઝ અ રિઝલ્ટ ઓવ્ - ના પરિણામે

ફ્રાન્સના બેરૉ પેરી - દ - કુબરતીનના પ્રયત્નોના પરિણામે આધુનિક ઓલ્મપિક રમતો અસ્તિત્વમાં આવી.
As a result of a Frenchman Baron Pierre de Coubertin's efforts modern olyrnpic games were born.
To belong to - ટુ બિલૉંગ ટુ - ની માલિકીનું હોવું, ઊતરી આવવું.
રવીન્દ્રનાથ ટાગોર એક પ્રખ્યાત બંગાળી કુટુંબમાંથી ઊતરી આવ્યા હતા.
Rabindranath Tagore belonged to a famus Bangali family.
આ મારા કાકાનું ઘર છે.
This house belongs to my uncle.
To come to an end - ટુ કમ ટુ એન એન્ડ - અંત આવવો.
છેવટે લિન્ડબર્ગના લાંબા કંટાળાભર્યા ઉડ્ડયનનો અંત આવ્યો.
At last Lindbergh's long tiring flight came to an end. (tiring - ટાયરિંગ - થકવી નાખે તેવી, a flight - અ ફ્લાઈટ - ઉડ્ડયન)
In addition to - ઇન એડિશન ટુ - વધારામાં, ઉપરાંત
તેની શિષ્યવૃત્તિ ઉપરાંત તેની સાઈકલ રિપેરિંગની કમાણી હતી.
His income from cycle repairing earning was in addition to his scholarship.
To be full of - ટુ બિ ફુલ ઓવ્ - ના થી ભરચક હોવું
બાગ પુષ્પોથી ભરચક હતો.
The garden was full of flowers.
To fill with - ટુ ફિલ વિથ - ના વડે ભરવું
આ પ્યાલીને દૂધથી ભરો. Fill this cup with milk.
All the way from - ઑલ ધ વે ફ્રોમ - છેક દૂરની વાટથી
આ રસાળ દ્રાક્ષ છેક દમાસ્કસથી આવી છે.
These juicy grapes has come all the way from Damascus (Juicy - જ્યૂસી - રસાળ)
By means of - બાઈ મીન્સ ઓવ્ - ના સાધન વડે
વિજ્ઞાનીઓ કમ્પ્યૂટર વડે રૉકેટ કે ઉપગ્રહનું પ્રસ્થાન કરાવી શકે છે.
Scientists can launch a rocket or a satellite by means of a computer. (to launch - ટુ લૉન્ચ - નવ-પ્રસ્થાન કરવું-કરાવવું. a satellite - અ સેટેલાઈટ - ઉપગ્રહ)
Consist of - કન્સિસ્ટ ઓવ્ - નાથી સમાયેલ હોવું, નો સમાવેશ થવો.
આ પુસ્તકમાં ચિત્રો અને નકશાઓનો સમાવેશ છે.
This book consist of pictures and maps.
આ શીશીમાં મધ સમાયેલું છે.
This bottle consists of honey.
In lieu of - ઈન લ્યૂ ઓવ્ - ને બદલે, ની અવેજીમાં
એક મહિનાની નોટિસને બદલે તેને એક મહિનાનું મહેનતાણું ચૂકવવામાં આવ્યું.
He was paid a month's wages in lieu of a month's notice.
On purpose - ઑન પર્પસ - હેતુ કે ઇરાદાપૂર્વક
તેણે ઇરાદાપૂર્વક મારાં કપડાં બગાડ્યાં.
He spoilt my clothes on purpose.
To be in charge of - ટુ બિ ઇન ચાર્જ ઓવ્ - ના હસ્તક કે હવાલામાં હોવું.
વિજ્ઞાનમંડળ શ્રી ગાંધીને હસ્તક છે.
The science club is in charge of Mr. Gandhi.
In favour of - ઇન ફેવર ઓવ્ - ના પક્ષે
સરદાર પટેલે 'કરેંગે યા મરેંગે'ની ચળવળના પક્ષે જોરદાર પ્રવચન કર્યું.
Sardar Patel spoke strongly in favour of the 'Do or Die' movement.(movement - મુવમેન્ટ - ચળવળ).
At the top of - એટ ધ ટૉપ ઓવ્ - ખૂબ મોટેથી
તે ખૂબ મોટેથી બોલ્યો.
He spoke at the top of his voice.
By and by - બાઈ એન્ડ બાઈ - રફતે-રફતે - ધીમે ધીમે
હકીકત શું છે તેની તમને રફતે-રફતે જાણ થશે.
By and by you will come to know what the fact is.

કેટલાંક 'ક્રિયાપદ સંલગ્ન' પ્રેપઝિશન્સ જાણીએ. કેટલાંક ક્રિયાપદો એવાં છે કે કોઈ પણ પ્રેપઝિશન વગર તે વપરાય તો તેનો એક અર્થ થાય પણ તેના પછી અમુક પ્રેપઝિશન વપરાયું હોય તો અમુક અર્થ થાય અને તેને બદલે પ્રેપઝિશન બદલે તો બીજો અર્થ નિષ્પન્ન થાય. માટે અમુક ક્રિયાપદ પછી અમુક ચોક્કસ અર્થ વ્યક્ત કરે તે પ્રમાણેનું પ્રેપઝિશન વાપરવાની સાવધાની રાખશો, નહિતર અર્થનો અનર્થ થવા સંભવ છે. અંગ્રેજી ભાષાના મહાસાગરમાં આવાં તો અનેક ક્રિયાપદો છે. તો સાગરમાંથી ગાગર રૂપ થોડાંક શીખીએ. દરેકનો વાક્યપ્રયોગ પણ સમજીશું.

To break - ભાંગવું, તૂટવું, ફોડવું
નોકરે શીશી ફોડી.
The servant broke the bottle.
To break with - ઝઘડો કરવો
નજીવી બાબત માટે બે પડોશીઓ ઝઘડ્યા.
The two neighbours broke with on a trifle. (a trifle - અ ટ્રાઈફલ - નજીવી બાબત)
To break into - ઘરફોડ કે ઘૂસણખોરી કરવી
ગઈ રાત્રે ચોરોએ અમારા લત્તામાં ઘરફોડ કરી.
Last night thieves broke into our area.
To break out - દુકાળ પડવો કે મહામારી ફાટી નીકળવી

૧૮૫૬માં ભારે દુકાળ પડ્યો.
A great femine broke out in 1856.
(a femine - અ ફેમિન - દુકાળ)
To break down - યંત્ર કે વાહનનું ખોટકાઈ જવું
રસ્તા વચ્ચે બસ ખોટકાઈ પડી.
The bus broke down in the middle of the road.
તે તેના પ્રવચનની વચ્ચે જ ભાંગી પડ્યો.
He broke down in the middle of his speach.
To break up - સભા બરખાસ્ત કરવી
પ્રમુખે સભા બરખાસ્ત કરી.
The president broke up the meeting.
To bring - બ્રિન્ગ - લાવવું
પેલું મેજ અહીં લાવો. Bring that table here.
To bring up - ઉછેરવું, કેળવવું
રીનાને તેની દાદીમાએ ઉછેરી.
Rina was brought up by her grandmother.
To bring forth - જન્મ આપવો
તેણે ત્રણવાર ગર્ભ ધારણ કર્યો પણ કશાને જન્મ આપ્યો નહિ.
She conceived thrice but brought forth nothing.
(to conceive - ટુ કન્સીવ - ગર્ભ ધારણ કરવો, વિચારવું).
to bring out - વાત કઢાવવી, પ્રકાશન કરવું
પોલીસે ગુનેગાર પાસેથી હકીકત બહાર કઢાવી.
The police brought out the facts from the culprit,. (a culprite - અ કલ્પ્રિટ - ગુનેગાર)
ટૂંક સમયમાં જ તે એક નવું દૈનિક પ્રકાશિત કરવાનો છે.
He is going to bring out a new daily in a short time. (a daily - અ ડેઈલી - દૈનિક)
To bring under - તાબે કરવું
સેનાપતિએ બળવાખોરોને તાબે કર્યા.
The commander brought under the rebellions.
(a commander - અ કમાન્ડર - સેનાપતિ, a rebellion - અ રિબેલિઅન - બળવાખોર)
To call over - મોટેથી બોલવું
ઉમેદવારોનાં નામ મોટેથી બોલો.
Call over the names of the candidates.
To call in - તેડાવવું
દર્દી ગંભીર છે, દાક્તરને બોલાવો.
The patient is serious, call in the doctor.
Call up - યાદ કરવું
મને તે વાતનું વિસ્મરણ થયું છે. મને યાદ કરવા દો.
I have forgotten the matter, let me call up. (to forget - ફર્ગેટ - ભૂલી જવું. forgot ભૂ.કા. forgotten ભૂ.કૃ.)
To call on - મુલાકાત લેવી
તે અમદાવાદ આવશે ત્યારે હું તેની મુલાકાત લઈશ.
When he comes to Ahmedabad I shall call on him.
To call for - માગવું
શ્રી વાગલેએ ટાઈપિસ્ટને બોલાવ્યો અને સ્પષ્ટતા માગી.
Mr. Wagle called the typist and called for an explanation. (an explanation - એન એક્સપ્લેનેશન - સ્પષ્ટતા)
To carry - લઈ જવું - વહન કરવું - ઊંચકવું
મજૂર આપણો સામાન ઊંચકશે.
The coolie will carry our luggage.
To carry out - આજ્ઞાનું પાલન કરવું - શિરોમાન્ય કરવું
લક્ષ્મણે રામની આજ્ઞા શિરોમાન્ય કરી.
Laxman carried out Rama's order.
To carry on - વ્યવસ્થા સંભાળવી
રેખા તેના પતિનો ધંધો સંભાળે છે.
Rekha carries on her husband's business.
To carry on with - ચાલુ રાખવું, આગળ ધપાવવું.
તમે તમારું કામ ચાલુ રાખો. Carry on with your work.
To carry off - ઉપાડી જવું
બાજ લોખંડની પેટી ઉપાડી જઈ શકે?
Can a hawlk carry off a trunk?
To pass - સફળ થવું
તેણે એસ.એસ.સી.ની પરીક્ષા પસાર કરી.
He passed the S.S.C. examination.
To pass on - આગળ પસાર કરવું
છોકરાઓ આ દડો આગળ પસાર કરો
Boys, pass on this ball.
To pass through - માંથી પસાર થવું
દોરડું સોયના નાકામાંથી પસાર થઈ શકે નહિ.
A rope can not pass through the hole of a needle.
To pass away - અવસાન પામવું
ગાંધીજી ૧૯૪૮માં અવસાન પામ્યા.
Gandhiji passed away in 1948.
To set - આથમવું
સૂર્ય પશ્ચિમમાં આથમે છે.
The sun sets in the west.
To set out - પ્રયાણ કરવું, ઊપડવું
અમે લંડન જવા વહેલી સવારે ઊપડ્યા.
We set out for London early in the morning.
To set up - ઊભું કરવું
સૈનિકો રણમાં તંબુઓ ઊભા કરશે.
The soldiers will set up tents in the desert.
To set in - ઋતુ બેસવી

માર્ચ મહિનામાં વસંત બેસશે.

Spring will set in March. (spring -સ્પ્રિન્ગ - વસંતઋતુ)

To see અને to lookનો અર્થ જોવું એમ જ થાય છે. ભેદ માત્ર એટલો છે કે to look પછી at પ્રેપઝિશન વાપરવું અનિવાર્ય છે. જેમ કે, આકાશ સામે જુઓ. Look at the sky.

To look - લુક - જોવું. કૂદતાં પહેલા જુઓ.

Look before you leap. (to leap - ટુ લીપ - કૂદવું)

To look into - ની અંદર જોવું

છોકરાઓ, તમારી ચોપડીમાં જુઓ.

Boys, look into your book.

To look for - શોધવું

તે તેની ખોવાયેલી ચોપડી શોધે છે.

He looks for his lost book.

To look after - ની દેખભાળ રાખવી

તમારાં વૃદ્ધ માબાપની દેખભાળ રાખો.

Look after your old parents.

To look forward to - આતુરતાપૂર્વક રાહ જોવી

વિદ્યાર્થીઓ લાંબી રજાઓની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

Pupils are looking forward to a long vacation.

To give - આપવું

મારો મિત્ર મને ફૂલો આપે છે. to give away - વહેંચવું

My friend gives me flowers.

મુખ્ય મહેમાને વિજેતાઓને ઇનામો વહેંચ્યાં.

The chief guest gave away prizes to the winners.

To give out - છાની વાત છતી કરી દેવી, રહસ્ય બહાર પાડવું.

આ વાતને છતી ન કરશો. Don't give out this secret.

To give in - શરણે જવું, તાબે થવું.

રાણા પ્રતાપ બહાદુરીથી લડ્યા અને મર્યા, પણ તાબે ન થયા.

Rana Pratap fought bravely and died but did not give in.

To give up - ત્યજી દેવું, છોડી દેવું.

બાળકો, ખરાબ ટેવો છોડી દો.

Children, give up bad habits.

To put - મૂકવું

આ ચોપડી પેલા ટેબલ પર મૂકો.

Put this book on that table.

To put on - પહેરવું, ચાલુ કરવું

તમારો કોટ પહેરી લો. Put on your coat.

બત્તી કરો. Put on the light.

To put off - ઉતારવું, કાઢવું, બુઝાવવું.

તમારાં પગરખાં અહીં ઉતારો. Put off your shoes here.

પંખો બંધ કરો. Put off the fan.

To put up - ઊતરવું, નિવાસ કરવો

મુંબઈમાં હું મારા મિત્રને ત્યાં ઊતરીશ.

I shall put up at my friend's house in Mumbai.

अलम् अति विस्तरेण । અતિ વિસ્તારથી બસ. પણ જ્ઞાનક્ષેત્રે કશું 'બસ' પોષાય નહિ. પ્રસ્તુત વિષયમાં બસ કહી શકાય તેમ નથી. ચલણી સિક્કા જેવા પ્રેપઝિશન્સ આપણે શીખ્યાં. તમારા વ્યવહારમાં તમને સરળતા કરવામાં તે સહાયભૂત થશે. આ તો માત્ર આંગળી-ચીંધામણ છે અને અફાટ માર્ગ તરફ આંગળી ચીંધી આપપ્રયત્નોથી જ વિદ્યાર્થીને તેની ઈંતેજારી જાગ્રત કરી આગળ ધપવા દેવો એ જ સાચો શિક્ષકધર્મ છે. આત્મનિર્ભર બની સ્વપ્રયત્ને આગળ ધપજો અને નવું તથા વધુ ને વધુ મેળવવા સતત પ્રયત્નશીલ રહેજો. (ક્રમશઃ)

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૬૦થી

આવ્યો હતો. તે સમયે અમેરિકી T.V. પર 'A Girl in My Life' નામની એક શ્રેણી આવતી. તેમાં એક મહિલા (નામ યાદ નથી)નો પતિ લગભગ ત્રણ વર્ષથી વિયેતનામ હતો. તેની ગેરહાજરીમાં આ ભલી બાઈએ તેમની બેબીની બરાબર સાર-સંભાળ લીધી. ઘર ચલાવ્યું. તેના પતિનાં માતપિતાના ફોન પર ખબર પૂછતી રહે, પતિને કોઈ જાતની ચિંતા-ઉપાધિ રહેવા ન દીધાં. તદુપરાંત તેનો પતિ વિયેતનામ રહ્યો ત્યાં સુધી રોજ સમાચાર અને પ્રોત્સાહન આપતું એક પોસ્ટકાર્ડ તેને નિયમિત લખતી રહી! આ સત્ય કિસ્સો છે. પણ તે તો હજારો નહિ પણ કદાચ લાખોમાં એક હોય તોય લગભગ અજોડ છે. આવા કિસ્સા પરથી સામાના જનસમાજની છાપ ન બાંધી શકાય. 'કુમાર'માં વર્ણવેલ કિસ્સો અપવાદરૂપ હોઈ શકે.

અમારા (અમેરિકાના) ત્રણેક મિત્રોને અચાનક જ વિયેતનામ યુદ્ધમોરચે જવાનો હુકમ મળ્યો અને અભ્યાસ, ઘરબાર બધું છોડી ભાગવું પડ્યું. ત્રણે જણા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. તેમના લગ્નજીવનને ત્રણથી તેર મહિનાનો ગાળો વીતેલો. તેમણે પોતાના બે-ત્રણ મિત્રો પાસે વ્યથા વ્યક્ત કરી, 'અમારી ગેરહાજરીમાં અમારી પત્નીઓનું (તેમને ખબર ન પડે તેમ) ધ્યાન રાખજો. અને અમને અવારનવાર સમાચાર જણાવતા રહેજો. જો કે અમને તો લગભગ ખાતરી જ છે કે અમે પાછા આવીશું ત્યાં સુધીમાં તેમને ગુમાવી દીધી હશે.' અને આવી સ્થિતિ તો કોઈ પણ કારણસર થોડો લાંબો વિયોગ થનારા માટે સાવ સામાન્ય જણાય છે. ખુદ અમેરિકીઓમાં આ માટેની એક રમૂજ પ્રચલિત છે. ચાર-પાંચ સ્ત્રીઓ વાતે ચડેલી. લીઝી (ઇલિઝાબેથ) કહે, 'પેમ (પેમેલ્યા) તે કેવી ઊતરેલી બાઈ ગણાય? તેના બિલ (વિલિયમ)ને મર્યે હજુ માંડ ત્રણ અઠવાડિયાં થયાં હશે ત્યાં તો બીજાં લગ્ન કરી બેઠી?' તો બીજી સાહેલીએ પૂછ્યું, 'કેમ, તને ન ઠીક લાગ્યું?' તે કહે, 'હું કંઈ તેના જેવી નથી. જો મારો બોબ (રોબર્ટ) ગુજરી જાય તો કમસે કમ બે-ત્રણ મહિના તો હું રાહ જોઉં જ!!?' લીઝી બે છોકરાની મા હતી. આ સામાન્ય સ્તર છે. - દેવ ચાવડા (વડોદરા)

સંગીતશાસ્ત્ર - ૨૨

ડૉ. હસુ યાજ્ઞિક

રાગ શું સમય અને ઋતુ પ્રમાણે જ ગવાય ?

રાગના પ્રાણભૂત અંગ એવા સ્વરને આમ ભારતીય સંગીત દિવસ-રાતના સમય સાથે સાંકળે છે અને તેના મુખ્ય ત્રણ વર્ગમાં (૧) સંધિપ્રકાશ રાગ જેમાં કોમલ રે - ધ હોય છે (૨) શુદ્ધ રે - ધ હોય તેવા રાગ અને (૩) ગ - નિ કોમલ છે તેવા રાગનો સમાવેશ થાય છે.

સંધિપ્રકાશ રાગનો સંબંધ સમયના સન્ધિકાલ સાથે છે. સામાન્ય રીતે તો આપણે દિવસનો અંત આવે અને રાતનો આરંભ થાય તે સાંજના સમયને, સંધિકાળ કે સંધ્યાકાળ કહીએ છીએ. પરંતુ દિવસ અને રાતના કુલ ૨૪ કલાકને રાત અને દિવસના બાર કલાકના બે ભાગમાં વહેંચીએ છીએ અને તે બે ભાગને ત્રણ કલાકના એક એવા કુલ આઠ પ્રહરમાં વહેંચીએ છીએ. આનો સંબંધ સૂર્યના ઉદય અને અસ્ત સાથે છે. સૂર્ય અને પૃથ્વીના આ પ્રતિદિન સંપર્કના પરિણામે પૃથ્વી પરનું વાતાવરણ, એનું પ્રતિદિનનું હવામાન અવનવું રૂપ ધારણ કરે છે અને એની પ્રત્યક્ષ અસર માનવ ચિત્ત અને એની સંવેદના પર પડે છે. સૂર્યોદય પહેલાંનાં ભળભાંખળા તેજમાં હવા શીતળ હોય છે અને પ્રકૃતિ નિદ્રાનો ત્યાગ કરી પ્રવૃત્તિનો આરંભ કરે છે. પંખીઓનો કલરવ સંભળાય. તાજી ઠંડી હવા અને રાતની નિદ્રા પછી તનમન અદ્ભુત સ્ફૂર્તિ અનુભવે. આકાશમાં પૂર્વદિશા લાલ બને અને સૂર્યનો ઉદય થાય. એનો તાપ સહ્ય ને મધુરો લાગે. નવ-દશ વાગતાં એ તાપ વધે, સાથે માનવ સમાજની પ્રવૃત્તિઓ ગતિ પકડે. બાર વાગતાં મધ્યાહ્ને સૂર્ય માથા પર આવી પ્રખર બને ને ક્રમશઃ તાપ વધતો જાય. ચાર પછી ફરી વાતાવરણ બદલાય અને સાંજ પડતાં જ ફરી વાતાવરણ સહ્ય અને આહ્લાદક બને. જેમ પ્રહર બદલાય તેમ બે પ્રહર વચ્ચેનો સન્ધિકાળ આવે. પરોઢ અને સૂર્યોદય, સવાર અને બપોર, બપોર અને સાંજ, સાંજ અને રાત વચ્ચેનો આ સન્ધિકાળ. ભારત જેવા વિષુવવૃત્તની નજીકના દેશ માટે બારમાંથી આઠ ગરમીના અને ચાર ઠંડીના માસ. એમાં હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ એ છ ઋતુઓ. આ ઋતુ-ઋતુ વચ્ચેનો પણ ઋતુ સન્ધિકાળ. એ પ્રમાણે પરોઢ, સવાર, બપોર, સાંજ અને રાત બદલાતાં જાય. એની વૈવિધ્યસભર અનુભૂતિનું લયાત્મક નાદમય સ્વરૂપ તે ભારતીય શાસ્ત્રીય અને લોકસંગીત. સ્વરના જ માધ્યમે દિવસના, ઋતુના સંવિભાગો તથા તદ્જન્ય ચૈતસિક અનુભૂતિઓને, ભાવસંવેદનને ભારતીય સંગીતે આકારબદ્ધ કર્યાં છે, આસ્વાદ્ય બનાવ્યાં છે. સુદીર્ઘ એવી પરંપરાએ સ્વરનો અને સમયનો, દૈનિક પરિમાણના અને વાર્ષિક પરિમાણના ઋતુગત સમયનો સંબંધ પ્રકટ કર્યો છે.

સમય-સમય વચ્ચેની સંધિમાં જે રાગ ગવાય છે તેને સંધિપ્રકાશ રાગ કહેવાય છે. જેમ સમય બદલાય, સૂર્ય ચડે કે ઊતરે, તે સાથે સ્વર પણ ચડે કે ઊતરે છે. કોમળ મટી શ્રુતિ ઉપર આવતા શુદ્ધ બને કે નીચેની શ્રુતિએ પહોંચી કોમળ બને. મુખ્ય સન્ધિકાળ તો સાંજનો જ છે, જ્યાં દિવસ રાત બને છે. પરંતુ રાત ફરી દિવસ બને તે પણ સન્ધિકાળ છે સમયનો. આથી રાગ-સંગીતની દૃષ્ટિએ સૂર્યોદય પહેલાંનો અને સૂર્યાસ્ત પછીનો એમ બે સંન્ધિકાળ છે. અને આ સમયે જે રાગ ગવાય છે તે સંધિપ્રકાશ રાગ કહેવાય છે. ભૈરવ, કાલિંગડા, ભૈરવી, પ્રાતઃ કાલીન સંધિપ્રકાશ રાગ છે અને પૂર્વી, મારવા વગેરે સાયંકાલીન સન્ધિપ્રકાશ રાગ છે.

આ રીતે સંધિપ્રકાશ રાગ (૧) પ્રાતઃકાલીન અને (૨) સાંયકાલીન એવા બે વર્ગમાં છે. આ બન્ને વર્ગના સંધિપ્રકાશ રાગમાં મધ્યમ પણ મહત્ત્વનો છે. પ્રાતઃકાલીન સંધિપ્રકાશમાં મધ્યમ શુદ્ધ હોય છે, જ્યારે સાયંકાલીન સંધિપ્રકાશમાં મધ્યમ તીવ્ર 'મા' હોય છે. અહીં રે - ધ કોમળ હોય છે. ગ-નિ શુદ્ધ હોય છે. રે માત્ર કોમળ હોય અને ધ સુદ્ધ હોય તો પણ ગ-નિ મોટેભાગે શુદ્ધ જ હોય છે. માત્ર ભૈરવીકુળ એવું છે, જેમાં રે - ધ કોમળ છે, તે સાથે ગ - નિ પણ કોમળ છે.

રે-ધ શુદ્ધ હોય તેવા રાગ

સંધિપ્રકાશ રાગમાં રે - ધ કોમળ હોય છે, પરંતુ જેમ સમય આગળ વધે, સૂર્ય ઉપર ચડે કે સાંજના સમય પછી રાત જામે તેમ આ કોમળ રે-ધ સ્વરો પણ ઉપર ચડે અને તે શુદ્ધ રે-ધમાં પરિણમે. આથી સવારના કે સાંજના સમયના સંધિપ્રકાશ પછી જે રાગ ગવાય છે, તેવા કલ્યાણ, બિલાવલ અને ખમાજ થાટના રાગોમાં રે-ધ શુદ્ધ છે. આમ, સવારના સાત વાગ્યાથી રાતના દશ વાગ્યા સુધીનો સમય શુદ્ધ રે-ધ -વાળા રાગોનો છે.

આમ રે-ધ શુદ્ધ હોય ત્યારે 'ગ' પણ શુદ્ધ હોય છે અને મધ્યમ પણ શુદ્ધ હોય છે. સવારના સાતથી રાતના દશ વાગ્યા સુધીના રાગમાં 'મ' શુદ્ધ છે. અને એની સીમા સાંજના સાત પછી બદલાય છે. સાંજના સાતથી રાતના દશ વાગ્યાનો મધ્યમ તીવ્ર, એટલે કે 'મા- હોય છે. શુદ્ધકલ્યાણ, યમનકલ્યાણ વગેરેમાં તીવ્ર મધ્યમ છે.

ગ - નિ કોમળવાળા રાગ

શુદ્ધ રે-ધ - વાળા રાગ પછી ગવાતા રાગના ગ-નિ કોમળ

હોય છે. દિવસના ૧૦ થી સાંજના ૪ અને રાતના ૧૦ થી પરોઢના ૪ વચ્ચે ગવાતા રાગમાં ગુ-નિ કોમળનું પ્રાધાન્ય છે. આવા રાગોમાં રે-ધ શુદ્ધ હોય કે રે-ધુ કોમળ હોય, પરંતુ ગુ-નિ કોમળ જ હોય છે. જોનપુરી, આશાવરી, તોડી આ પ્રકારના છે. અને રાતના આરંભમાં યમન વગેરે ગવાય તથા રાત જામે ત્યારે આરંભે સ્વરસન્ધિના રાગ જયજયવંતી અને જોગ ગવાય, જેમાં ગાંધાર આરોહ શુદ્ધ 'ગ' અને અવરોહે કોમળ 'ગુ' હોય છે. ને એ પછી હવે ગાંધાર માત્ર કોમળ જ હોય એવા બાગેશ્રી, માલકૌંસ જેવા રાગો ગવાય છે.

પરમેલ-પ્રવેશકરાગ

જેમ સમય બદલાય છે તેમ સ્વર બદલાય છે અને એમ થતાં એક થાટના રાગના ગાવાનો સમય પૂરો થાય છે અને ભિન્ન થાટના રાગના ગાનનો સમય આરંભાય છે. આવી રીતે સમય બદલાતાં જ્યારે થાટ બદલાય ત્યારે આરંભમાં એવા થાટનો રાગ લેવાય જેમાં ચાલતા સમયના સ્વરનો પ્રયોગ હોય તે સાથે નવાગત આરંભક થાટના સ્વર પણ હોય. જયજયવંતી અને જોગ જેવા રાગ જેમાં એક જ સ્વરના શુદ્ધ અને કોમળ બન્ને સ્વરો છે, તે પરમેલપ્રવેશક રાગની ભૂમિકા પૂરી પાડે છે. ભીમપલાસી, ધાની, ધનાશ્રી જેવા ગુ-નિ કોમળ-વાળા રાગ પૂરા થાય, જેમાં મધ્યમ શુદ્ધ હોય એ પછી મુલતાની ગવાય જેમાં ગુ-નિ કોમળ છે જ પરંતુ મધ્યમને બદલે તીવ્ર મધ્યમ 'મા' પ્રયોજાય છે. તે સૂચવે છે કે હવે તીવ્ર મધ્યમના સાન્ધ્ય રાગો, રાતના પ્રથમ પ્રહરના રાગોનો આરંભ થયો. એ રીતે મુલતાની રાગ પરમેલ-પ્રવેશક રાગ છે.

ઋતુરાગ

હેમંત, બહાર, મલ્હારના વિવિધ પ્રકારો ઋતુરાગ છે. એ રાગ સમયના બંધન વગર, સંબંધિત ઋતુમાં ગમે ત્યારે ગાઈ-વગાડી શકાય છે. હકીકતે જેમ વિવિધ સ્વરમાં પ્રહર-નિબદ્ધ સમયના પ્રાકૃતિક અને ચૈતસિક વાતાવરણને, એની અનુભૂતિને પ્રકટ કરવાની શક્તિ છે તેમ વિવિધ સ્વરજૂથથી જે નાદરૂપ સર્જાય છે, તેમાં પ્રાકૃતિક વાતાવરણ અને તદ્જન્ય ભાવસંવેદનને જન્માવવાનું સામર્થ્ય છે. હકીકતે તો સંગીત પણ સાહિત્ય અને અન્ય કલાઓની જેમ અનુભૂતિનું આસ્વાદ્ય સ્વરૂપ છે, Form of feeling છે. શબ્દનો સ્વામી એવો સાહિત્યસર્જક ઈમેજ રચીને ચિત્તને જુદા જ વિશ્વમાં હોવાનો અનુભવ કરાવે, પ્રતીતિ કરાવે છે તેમ સંગીતકાર તેની નાદરૂપ ઈમેજ દ્વારા ઈન્દ્રિયાતીત સંવેદ્યતાની અનુભૂતિ કરાવે છે, પ્રતીતિ કરાવે છે. ભરઉનાળો હોય ને વર્ષાનું કાવ્ય તમને વર્ષાઋતુની ચૈતસિક અનુભૂતિ કરાવે કે બેઠા હો વાતાનુકુલિત કક્ષમાં ને કોઈ વર્ણન તમને રણની આંધિની ઊડતી ઉષ્ણ રેતીથી દઝાડે એવો હોય ભર ઉનાળો, પરંતુ મલ્હાર પ્રકાર તમને વર્ષાઋતુનો અનુભવ કરાવે.

આમ, સવાર, બપોર, સાંજ, મધરાત, પરોઢના રાગ તે તે સમયમાં ગવાય કે ઋતુના રાગ સંબંધિત ઋતુમાં ગવાય એ સામાન્ય ને સ્વીકાર્ય હકીકત છે, પરંતુ કલાનું સત્ય ને કલાની સિદ્ધિ એવી સમયસાપેક્ષ વસ્તુ નથી. જો એવું હોય તો કલા કલા શાની? એ તો તત્ત્વતઃ નિયતિકૃત-નિયમ-રહિત છે. જુદા જ વિશ્વકર્માએ રચેલું પોતાનું સ્વતન્ત્ર વિશ્વ છે. આથી ખરું સત્ય તો એ છે કે તમે રાગ બિભાસ ગાવ ને હોય બપોર કે રાત, તમારી જાત પ્રભાતને અનુભવે. હોય ધોમધખતો ઉનાળો ને મલ્હાર તમને વર્ષાના આહ્લાદનો અનુભવ કરાવે. સમય અને ઋતુ અનુકૂળ હોય અને વાતાવરણને અનુરૂપ હોય એવા સમયાનુસારી રાગ ગવાય-વગાડાય તો પ્રકૃતિનો, સમયનો વિશેષ લાભ કલાપદાર્થને મળે, એટલું જ. પરંતુ એથી કંઈ સમયના રાગ સમય પ્રમાણે જ ગવાય, અને તો જ એનો અનુભવ થાય એમ માનવું ઉચિત નથી. સમય કે ઋતુ ન હોય તો પણ એ સમય અને ઋતુને પોતાના સ્વરસામર્થ્યે ખેંચી લાવે, એ જ સંગીતનું, કોઈ પણ કલાનું સત્ય છે અને એ જ સિદ્ધિ છે. નરસિંહે રાગ ગાયો ને વરસાદ વરસ્યો, કલાકારે વીણા છેડી ને હરણ દોડી આવ્યાં, ઉદયને વીણા વગાડી અને પ્રમત્ત એવો હાથી શાંત થઈ ગયો અને વશ થયો, તાનસેને રાગ દીપક ગાયો અને એનું શરીર બળવા લાગ્યું ને તાનારીરીએ મલ્હાર ગાઈને વરસાદ વરસાવ્યો ત્યારે એનો દેહતાપ શાન્ત થયો. જે કથાઓ છે તેને કલાવિશ્વના સત્યરૂપે જ જોવી જોઈએ, એની પાછળ કોઈ બનેલી ઘટના અને વાસ્તને જોડવાની જરૂર નથી. હકીકતે તો કલાપદાર્થમાં એક નવી જ જુદી અને સ્વતન્ત્ર એવી નિયતિએ કરેલા નિયમોથી સંપૂર્ણ મુક્ત એવી ચૈતસિક ઈન્દ્રિયાતીત અનુભૂતિની આસ્વાદ્ય સૃષ્ટિ સર્જવાની જે શક્તિ છે. તે દર્શાવવાનું જ એમાં તાત્પર્ય છે. સૌન્દર્યને મૂર્ત કરવા મુખને ચંદ્ર કહેવા જેવું આ કલાવિશ્વનું સત્ય છે. બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા છે, એની અનાયાસ પ્રતીતિ કલાવિશ્વ જ કરાવે છે. આથી સમય અને ઋતુ સાથેના રાગના સગપણને એ સૂક્ષ્મ રૂપમાં સમજવા અને પ્રતીત કરવા જોઈએ. (ક્રમશઃ)

જાસાચિઠ્ઠી

મૂળ લેખક : ઓ. હેન્રી : રૂપાંતર : હરિત પંડ્યા

આમ તો વાતમાં કંઈ માલ ન લાગે પણ હું પૂરી વાત કરું પછી કહેજો કે સીધીસાદી લાગતી આ વાત ખરેખર એવી હતી કે નહીં.

અમે એટલે કે હું અને બિલ અલાબામાની દક્ષિણમાં હતા ત્યારે અમને એકાદ બાળકની ઊઠાંતરી કરવાનો વિચાર સ્ફુરેલો. બિલના મત પ્રમાણે તો એ એક ક્ષણિક ગાંડપણ જ હતું. પણ એની પ્રતીતિ અમને મોડે મોડે થયેલી.

અમે જ્યાં હતા એ વિસ્તારમાં એક ગામ હતું. સમીટ એનું નામ. ગામમાં ખેડૂતોની વસ્તી વધારે. એમનું જીવન જુઓ તો નર્યું એકધારું ને સાવ નીરસ. પણ એ બધા એવા જીવનથી પૂરા સંતુષ્ટ.

મારી અને બિલની સંયુક્ત મૂડી ત્યારે છસો ડૉલરની હતી. પશ્ચિમ ઈલીનોઈની એક લે-ભાગુ ગૃહનિર્માણ યોજનામાં સામેલ થવા અમારે બીજા બે હજાર ડૉલરની જરૂર હતી. અમે એક સાધારણ હોટેલને પગથિયે બેસીને અમારી યોજનાની વિગતે ચર્ચા કરી. નહીં ગામડું, નહીં શહેર એવા વિસ્તારમાં વસતાં લોકોમાં એમનાં સંતાનો માટે ભારે લગાવ હોય છે. જે વિસ્તારોમાં છાપાં પોતાના ખબરપત્રીઓને સુઘડ પોષાકમાં મોકલીને બાળકોની ઊઠાંતરીના કિસ્સાઓની તપાસ કરાવીને એ કિસ્સાઓને આગલાં પાને ચમકાવતી હોય છે. એના કરતાં આ વિસ્તાર અમારી યોજના માટે અમને વધુ અનુકૂળ લાગ્યો. આ વિસ્તાર પર પસંદગી ઉતારવાનાં બીજાં કારણો પણ હતાં. જો કે આળસુ ગુનાશોધક કૂતરાઓની ને ખેડૂત-પત્રિકાઓમાં યાદગાર કિસ્સાઓ ચમકાવનારાઓની બીક હતી. તોય આ યોજનાને કાર્યાન્વિત કરવા માટે આ વિસ્તારની અમારી પસંદગી અમે કાયમ રાખી. અમારી યોજના પણ અમને ગમી.

અમારા શિકાર તરીકે અમે સમીટમાં રહેતા શ્રીમાન ડૉર્સેટના એકના એક દીકરાને પસંદ કર્યો. શ્રીમાન ડૉર્સેટ ગામમાં સારી પ્રતિષ્ઠા ધરાવતો હતો. એ કડક સ્વભાવનો હતો. ગીરે રખાતી વસ્તુઓમાં એને ભારે દિલચસ્પી હતી. તે એ વસ્તુઓ હસ્તગત કરવામાં પૂરી સજ્જાઈ કરતો. છોકરો દસ વર્ષનો હતો. એના આખા શરીર પર લાલ ચકામાં દેખાતાં હતાં. એના માથાના વાળનો રંગ, રેલવે સ્ટેશન પરના ન્યૂઝ સ્ટેન્ડ પરથી તમે ખરીદેલા સામયિકના પૂઠા જેવો હતો. અમે માનેલું કે ડૉર્સેટ એના છોકરાને મુક્ત કરાવવા અમારી માગણી મુજબની પૂરેપૂરી રકમ લગીરે આનાકાની કર્યા વિના ચૂકવી દેશે. માગણીની રકમમાંથી એક પાઈ સુધ્ધાં ઓછી કરાવવા એ કાકલૂદી નહીં કરે. પણ વાત પૂરી સાંભળો :

સમીટથી બેએક માઈલ દૂર સિડારનાં વૃક્ષોથી છવાયેલા ડુંગરાઓ છે. ડુંગરાઓની પાછલી બાજુના ઢોળાવ પર એક ગુફા છે. એ ગુફામાં અમે અમારી જરૂરી વસ્તુઓ અગાઉથી ભંડારી દીધી.

ને એક દિવસ સૂર્યાસ્ત પછી અમે ઘોડાગાડીમાં બેસીને ડૉર્સેટના ઘર પાસેથી પસાર થયા. છોકરો સામેની વાડમાં ભરાઈ બેઠેલ બિલાડીના બચ્ચા ભણી પા'ણા નાખી રહ્યો હતો.

'એ છોકરા, ગાડીમાં બેસવું છે? તને થેલી ભરીને સાકર પણ મળશે.' બિલે કહ્યું.

એ સાથે જ છોકરાએ બિલ ભણી ઈંટાળાનો ઘા કર્યો. બિલની આંખ માંડ બચી ગઈ.

'આ ઈંટાળાના ઘાના પાંચસો વધારે ચૂકવવા પડશે તારા બાપે' કહી બિલ પૈડાં વાટે ઝટપટ ગાડીમાં ચડી ગયો.

છોકરો ભારેખમ રીંછની જેમ ઝઝૂમતો રહ્યો. પણ આખરે અમે એને ગાડીમાં ચડાવી દીધો ને એને ગાડીની સીટની નીચે હડસેલી દીધો, ને પછી ગાડી મારી મૂકી.

અમે એને ગુફામાં લઈ આવ્યા. પછી ઘોડાને ગાડીએથી છોડીને સિડારની ઝાડીમાં બાંધ્યો. અંધારું જામતાં મેં ફરી ઘોડાને ગાડીએ જોતર્યો. ને જે જગાએથી મેં ગાડી ભાડે લીધી હતી ત્યાં ગાડી હંકારી ગયો. એ સ્થળ ગુફાથી ત્રણેક માઈલ દૂર હતું. ગાડી એના માલિકને પરત કરીને હું ચાલતો ડુંગરે પાછો ફર્યો.

હું ગુફામાં પ્રવેશ્યો ત્યારે બિલ એના ચહેરા ઉપર પડેલા ઉઝરડા પર મલમ લગાવી રહ્યો હતો. ગુફાના પ્રવેશદ્વાર પાસેના ખડકની નજીક તાપણું જલી રહ્યું હતું. છોકરો એના વાળમાં બાજ પક્ષીનાં પીંછાં ખોસીને, તાપણા પર ઊકળતી કૉફી ભણી જોઈ રહ્યો હતો. જેવો હું ગુફામાં દાખલ થયો કે તરત છોકરાએ એની પાસેની લાકડી મારી સામે તાકીને કહ્યું, 'એ ધોળિયા, નીચેનાં મેદાનોમાં જેની હાક વાગે છે એ રેડ ચીફની છાવણીમાં દાખલ થવાની તેં હિમ્મત કરી!?'

બિલે એનો ચોરણો ઊંચો કર્યો ને એના પગ પર પડેલા ઉઝરડા તરફ જોઈને કહ્યું, 'હમણાં એ લગીર શાંત પડ્યો.' ને એ એના નળા પરના ઉઝરડા ચકાસવા લાગ્યો. 'અમે રેડ ઇન્ડિયનોની રમત રમીએ છીએ. હું હેન્ક છું, રેડ ચીફનો કેદી. સવાર થતાં એ જીવતેજીવ મારી ચામડી ઉતારી નાખવાનો છે. ભગવાનના સમ, છોકરાની લાત બહુ જોરદાર છે.'

ને મારા સાહેબ! બિલની વાત સાવ સાચી હતી. છોકરાને આવી મજા એની જિંદગીમાં અગાઉ ક્યારેય આવી નહોતી. અહીં ગુફામાં રહેવાની એને એટલી મજા પડી ગયેલી કે એ પોતે અમારો કેદી છે એ વાત જ એ ભૂલી ગયેલો. એણે મારું નામ બદલીને સ્નેઈકઆઈ રાખી દીધું. એણે મને કહ્યું, 'મારા સાગરીતો પિંગાણામાંથી પાછા ફરશે પછી હું તને વહેલી સવારે જીવતો ભૂંજી નાખીશ.'

ત્યાં સાંજની વેળા થઈ. છોકરાએ બ્રેડના ટુકડા માંસના રસમાં બોળી-બોળીને મોંમાં ઠાંસવા માંડ્યા ને ખાતાં-ખાતાં એ કહેવા લાગ્યો, 'મને અહીં બહુ ગમે છે. આ પહેલાં, આ રીતે હું છાવણીમાં પડાવ નાખીને કદી રહ્યો નથી. મારા ગયા જન્મદિવસે મને નવ પૂરાં થયાં. મને નિશાળે જવાનો ભારે કંટાળો આવે છે. હું નિશાળે

પિક્કારું છું. જીમીની માસીની પટાદાર મરઘીનાં સોળ ઈંડાં ઉંદરો ખાઈ ગયેલા...અહીંનાં જંગલોમાં સાચૂકલા રેડ ઇન્ડિયનો રહે છે ખરા? મને માંસનો રસ જરા વધારે આપો; મારે હજુ વધારે જોઈએ છે. ઝાડ ડોલે એટલે પવન વધુ જોરથી ફૂંકાવા માંડે? મારી પાસે પાંચ ગલૂડિયાં છે. તમારું નાક લાલ કેમ છે? હેન્ડ, મારા બાપુ પાસે ઘણા પૈસા છે. આકાશના આ બધા તારા ગરમ હોય? શનિવારે એડ વૉકરને મેં બે વાર મારેલો. મને છોકરીઓ તો નામે નથી ગમતી. દેડકાના બચ્ચાને તમે દોરી વિના ન પકડી શકો. બોલો, બળદો ભાંભરે ખરા? નારંગીઓ ગોળ શાથી હોય? ગુફામાં સૂવા માટે પથારીઓ છે? એ માણસને છ આંગળીઓ હોય છે? પોપટ બોલી શકે પણ વાંદરું કે માછલી ન બોલી શકે. બાર કેમ કરીને થાય? બારની સંખ્યા કરવા કેટલાં માણસો જોઈએ?'

થોડી વારે એને પાછું યાદ આવી જાય છે કે પોતે માથાભારે ખૂંખાર રેડ ઇન્ડિયન છે. ને એ યાદ આવતાંની સાથે જ એ એની લાકડીને બંદૂકની જેમ પકડીને ગુફાના પ્રવેશદ્વારે આવે છે ને ધોળિયા પાસે જાસૂસના માણસોને આંતરીને ઊભો રહે, ને પછી ધિંગાણામાં થતી હોય એવી કિલકારીઓ પાડવા માંડે. આ કિલકારીઓથી હેન્ક થથરી જતો. એમણે હેન્કને તો ક્યારનો પરાસ્ત કરી દીધો હતો.

મેં એ છોકરાને પૂછ્યું, 'સરદાર, ઘેર જવાની ઇચ્છા નથી થતી?'
'શું થાય? ઘેર તો મને કશી મજા નથી પડતી. મને નિશાળે જવાનું નથી ગમતું. મને તો આ રીતે બહાર રહેવાનું ગમે, મને તમે પાછો ઘેર તો નહીં મોકલી દોને? બોલોને સ્નેઈકઆઈ, મોકલી દેશો?'

'ના હમણાં તો નહીં, આ ગુફામાં આપણે થોડાક દિ રોકાઈશું.' મેં એને કહ્યું.

'તો ઠીક. આવી મજા મને મારી જિંદગીમાં ક્યારેય નથી આવી.'

રાત્રે અગિયારેકને સુમારે અમે સૂતા. અમારી પાસેનાં ગાદલાં-ધાબળા બિછાવીને અમે છોકરાને સુવાડ્યો, ને એની અડખે-પડખે અમે બેય સૂતા. જો કે એ ભાગી જશે એવી બીક તો અમને હતી નહીં, પણ એ ઘડીકેય જંપ્યો નહીં. એ પથારીમાં કૂદાકૂદ કર્યા કરતો કે એની બંદૂક લેવા ઊઠતો. નહીં તો પૂછી મારા ને બિલના કાનમાં ચીસો પાડતો. આમ, શરૂના ત્રણ કલાક સુધી તો એણે અમને મટકુંય મારવા દીધું નહીં. જંગલનાં સૂકાં ડાળખાં ભાંગવાના ને પવનમાં ઝાડવાંનાં પાન ફફડવાનાં ને દબાતા પગલે બહારવટીઆઓની ટોળકીના સાગરીતોના આગમનના ભણકારા મને વાગતા રહ્યા. અંતે મને ઊંઘ આવી ગઈ. સ્વપ્નમાં મને લાલ માથાળા ચાંચિયાઓ ઉપાડી ગયા. એ લોકોએ મને સાંકળથી ઝાડ સાથે મુશ્કેટાટ બાંધી દીધો...'

સવાર થતાં. બિલની ઉપરાઉપરી ચીસોથી હું સફાળો જાગી ગયો. એ ચીસો સાધારણ આદમીના ગળામાંથી ઊઠતી ચીસો નહોતી. પણ ભૂત ભાળીને કે વંદાને જોઈને સ્ત્રીઓ જે પ્રકારની ચીસાચીસ કરી મૂકે છે એવી એ ચીસો હતી. બિલ જેવા ભડ આદમીને આ રીતે ગુફામાં ચીસો પાડતો સાંભળવો એ કોઈના માન્યામાં ન આવે એવી વાત હતી. શી બાબત છે એ જાણવા હું પથારીમાંથી કૂદીને ઊભો થઈ ગયો. મેં જોયું તો રેડ ચીફ બિલની છાતી પર ચડી બેઠો હતો. એણે એક હાથે બિલના વાળ ઝાલ્યા હતા ને બીજા હાથમાં કાપવાની છરી હતી ને આગલી રાત્રે એણે બિલને ફટકારેલી સજા મુજબ એ બિલની ચામડી ઉતારવા મથી રહ્યો હતો.

મેં એના હાથમાંથી ફટ દઈને છરી ઝૂંટવી લીધી ને એને ફરી સુવાડી દીધો. બિલ તો ગભરાટનો માર્યો ઢીલોઢસ થઈ ગયો હતો. એ પડખું ફેરવીને પથારીમાં પડ્યો રહ્યો પણ પેલો તોફાની એની બાજુમાં જ્યાં સુધી સૂતેલો રહ્યો ત્યાં સુધી બિલ એક મટકું સુધ્ધાં મારી શક્યો નહીં. સવાર થતાં મને ઝોકું આવી ગયું. પણ સૂર્યોદય થતાં મને થાંભલે બાંધીને જીવતો સળગાવી દેવાનું છોકરાએ કહેલું એ યાદ આવતાં હું બેઠો થઈ ગયો ને એક થાંભલાને અઢેલીને મેં ચૂંગી સળગાવી. હું કંઈ ગભરાઈ નહોતો ગયો, સાચ્ચે જ.

'કેમ આટલો વહેલો ઊઠી ગયો સેમ?' બિલે મને પૂછ્યું.

એ તો એના ખભામાં જરા કળતર થતી હતી, એટલે મને થયું આ રીતે બેસવાથી કદાચ થોડી રાહત લાગે.

'સેમ, શું કામ જૂઠું બોલે છે? સાચું કહેને કે તનેય મારી જેમ આ છોકરાની બીક લાગે છે. એણે તને જીવતા જલાવી દેવાનું કહ્યું ત્યારથી તને બીક પેસી ગઈ છે. રખેને આ તોફાની બારક્સ તને ખરેખર જીવતો જલાવી દે. ને જો એના હાથમાં દીવાસળી આવી જાય તો એ એનું ધાર્યું કર્યા વિના રહે નહીં એય સાચું! સેમ, તને લાગે છે. આવા છોકરાને પાછો મેળવવા કોઈ રાતી પાઈ પણ વેડફવા તૈયાર થાય?'

'હા, ચોક્કસ વળી, તને ખબર નથી. પણ આવાં છોકરાં પર તો એમનાં મા-બાપો વારી જતાં હોય છે. હવે તુ ને રેડ ચીફ ઊઠો ને નાસ્તો તૈયાર કરો. હું જરા ડુંગર પર આંટો મારતો આવું ને છોકરાંના મા-બાપની હિલચાલ વિષે માહિતી મેળવતો આવું.' મેં કહ્યું. હું ડુંગરની ટોચ પર પહોંચ્યો ને આજુબાજુના વિસ્તાર પર નજર નાખી. મને હતું કે સમીટ ગામનો ખડતલ ખેડૂતવર્ગ હાથમાં દાતરડું ને પંજેરી લઈને છોકરાની ઊઠાંતરી કરનારાઓની તલાશમાં નીકળી પડ્યો હશે. એને બદલે નજીકના એક ખેતરમાં પોતાના ખચ્ચરથી જમીન ખેડતા એક ખેડૂત સિવાય કાળું ચકલુંય ફરકતું મને જણાયું નહીં. મારી નજર સામેના વિસ્તારમાં ઊંઘરેટી- ભર્યો માહોલ હતો. મેં સ્વગત કહ્યું - ઘેટાના ટોળામાંથી એક ઘેટાને વરુઓ ઉઠાવી ગયા છે એ બિના હજુ કોઈના જાણ્યામાં આવી નહીં હોય. વરુઓની રક્ષા કરજો ભલા ભગવાન ને નાસ્તો કરવા હું ડુંગરની ટોચ પરથી નીચે ઊતરી આવ્યો.

હું ગુફામાં પાછો ફર્યો ત્યારે મેં બિલને એક ખૂણામાં સડક થઈને ઊભેલો જોયો. છોકરાના હાથમાં નાળિયેરથી અડધા કદનો પાણો હતો ને એ પાણા વડે એ બિલનું માથું રંગી નાખવાની પેરવીમાં હતો. મેં ઝટપટ છોકરાના હાથમાંથી પાણો લઈ લીધો. ને બન્નેને શાંત પાડ્યા, ને પૂછ્યું, 'આ બધી શી ધમાલ છે?'

આ તોફાનીએ બાફેલો ગરમ ગરમ બટાટો મારી ખુલ્લી પીઠ પર ચીપકાવી દીધેલો ને પછી એના બૂટની એડીથી મારી પીઠ પર જ એણે એ છૂંદી નાખેલો. એટલે પછી મેં એને લાફો માર્યો. સૅમ, તારી પાસે બંદૂક છે? બિલ એકીશ્વાસે બોલી ગયો.

'હું તને જોઈ લઈશ. કોઈએ રેડ ચીફને માર્યો હોય ને એનો યોગ્ય બદલો એને ન મળ્યો હોય એવું કદી બન્યું નથી. હવે તું જોઈ લેજે.' છોકરાએ બિલને સંબોધીને કહ્યું.

નાસ્તા પછી છોકરાએ એના ખિસ્સામાંથી ગિલોલ કાઢી, ને ગુફાની બહાર જઈને એણે ગિલોલના પિલ્લાને ઉકેલી નાખ્યું.

'હવે આ પાછો કયું નવું તોફાન આરંભવાનો સૅમ, એ ભાગી જાય એવું તને લાગે છે?' બિલે કહ્યું.

'ના, એ બાબતે ચિંતા કરવા જેવું નથી. એ ઘરકૂકડી નથી. પણ એને છોડાવવા માટેની કિમ્મત મેળવવા આપણે કોઈ યોજના વિચારી કાઢવી પડશે. એના ગુમ થવાનો સમીટ ગામમાં કોઈ પડઘો પડ્યો હોય એમ જણાતું નથી. પણ સંભવ છે કે એના ગુમ થવાની જાણેય એનાં સગાંસંબંધીઓને ન થઈ હોય. એ લોકોને એમ હશે કે છોકરો એની માસીને ત્યાં ગયો હશે કે પછી અડોશ પડોશમાં ક્યાંક સૂઈ ગયો હશે. ગમે તેમ પણ આજે તો એની ગેરહાજરી વરતાશે જ. આજે આપણે એના પિતાને બે હજારની માગણી કરતો આપણો સંદેશો પહોંચાડી દેવો જોઈએ.

ત્યાં ગોલિયાથે ચેમ્પિયનને ભોંય ભેગો કર્યો ત્યારેએણે જેવી ગર્જના કરેલી એવી ગર્જના અમારે કાને પડી. અમે ગુફાની બહાર નજર કરી. ગુફાના પ્રવેશદ્વાર પાસે ઊભો રહીને છોકરો ગિલોલને એના માથા પર ગોળ ગોળ ઘુમાવી રહ્યો હતો. હું ફટ એક કોર ખસી ગયો, ત્યાં મેં એક મોટો ધબાકો સાંભળ્યો. ધબાકા ભેગો એક વેદના ભર્યો સિસકારો પણ સંભળાયો. ઘોડાની પીઠ પરથી જીન ઉતારીને કોઈએ એ જોરથી ભોંય પર પટક્યું હોય એવો એ ધબાકો હતો. ઈંડાના કદનો એક પથ્થર બિલને ડાબા કાનની પાછળ વાગેલો. એ સાથે જ ડીશો ધોવા માટે ગરમ પાણી કરવા મૂકેલા તપેલા પર કોથળાની જેમ બિલ ફસડાઈ પડ્યો. મેં એને ઝાલી લીધો ને એના માથા પર ક્યાંય સુધી ઠંડું પાણી રેડ્યા કર્યું.

થોડી વારે કળ વળતાં બિલ બેઠો થયો. ને જ્યાં વાગ્યું હતું ત્યાં હાથ ફેરવતો કહેવા લાગ્યો. 'સૅમ, મારું બાઈબલનું પ્રિય પાત્ર ક્યું છે એ તને ખબર છે?'

'ચિંતા ન કર. ધીમે ધીમે તને ઠીક થઈ જશે.' મેં કહ્યું.

'મારું પ્રિય પાત્ર છે કિંગ હૅરોડ. પણ સૅમ મને એકલો મૂકીને તું જતો નહીં રહેને ?'

'તું ફીકર ન કર.' કહી હું છોકરા પાસે ગયો ને એને પકડીને એના સાંધેસાંધા ઢીલા થઈ જાય ત્યાં સુધી એને હલબલાવતો રહ્યો. પછી મેં એને કહ્યું, 'જો તું સીધો નહીં રહે તો હું તને ઘરભેગો કરી દઈશ. બોલ સીધા રહેવું છે કે નહીં?'

'એ તો હું ખાલી ગમ્મત કરતો'તો. હેન્કને વગાડવાનો મારો કોઈ ઇરાદો નહોતો. પણ હેન્કે મને માર્યું'તું શું કામ? ને જો તમે મને ઘરભેગો કરવાની વાત નહીં કરો તો હું સીધો રહીશ. પણ તમારે મને બ્લૅક સ્કાઉટની રમત રમવા દેવી પડશે.' છોકરાએ કહ્યું.

'એ રમત મને નથી આવડતી. તું બિલને વાત કર. આજ તો તારો ભેરુ બિલ છે. મારે એક અગત્યના કામે બહાર જવું છે. હવે ડાહ્યો થઈને તું અંદર જા, ને બિલ સાથે દોસ્તી કરી લે ને એને ઈજા પહોંચાડવા બદલ એની માફી માગી લે, નહીં તો તું ઘરભેગો થઈ ગયો જાણજે.'

મેં બન્નેના હાથ મિલાવી આપ્યા. પછી બિલને એક બાજુએ બોલાવીને મેં કહ્યું, 'છોકરાને આપણે ઉઠાવી લાવ્યા છીએ એના શા પ્રત્યાઘાતો પડ્યા છે એ જાણવા હું અહીંથી ત્રણેક માઈલ દૂરના પૉપલર ગ્રૂવ ગામે જાઉં છું.

પછી મેં વિચાર્યું, મારે છોકરાની મુક્તિ માટેની રકમની માગણી કરતો, ને એ રકમ કેવી રીતે ચૂકવવી એ મતલબનો પત્ર ડૉર્સેટને લખી નાખવો જોઈએ.

ત્યાં બિલે મને કહ્યું : 'સૅમ, તને એ વાતની ખબર છે ને, હું ધરતીકંપ આગ અને પૂર જેવી આફતોમાં તારી પડખે હંમેશાં અડીખમ ઊભો રહ્યો છું. ઉપરાંત પોકરની રમતમાં મારામારી ટાણે પોલીસોના દરોડા પ્રસંગે તથા ટ્રેઈનની લૂંટમાં અને વાવાઝોડામાં પણ મેં તારો સંગ છોડ્યો નથી. આ ઉધમાતિયાને ઉઠાવી લાવ્યા ત્યાં સુધી મેં મારી સ્વસ્થતા ગુમાવી નથી. તું મને એની સાથે એકલો મૂકીને બહુ દૂર તો નહીં ચાલ્યો જાયન?'

ના ના, બપોર થતાં સુધીમાં તો હું પાછો આવી જઈશ પણ ત્યાં સુધી તું છોકરાને મોજ-મજા કરાવીને શાંત રાખજે. ચાલ, હવે આપણે ડૉર્સેટને લખવાનો કાગળ તૈયાર કરીએ.'

ને બિલ અને હું કાગળ-પેન્સિલ લઈને લખવા માંડ્યા. એ દરમિયાન રેડ-ચીફ કાળો કામળો ઓઢીને ગુફાના પ્રવેશદ્વારની રક્ષા કરતો આંટા મારતો રહ્યો.

બિલે છોકરાની મુક્તિ માટે ડૉર્સેટને ચૂકવવાની રકમ બે હજારને બદલે પંદર સો કરવા મને આંસુભીની આંખે આજીજી કરી, 'હું કંઈ પુત્ર માટેનો પિતાનો વાત્સલ્યભાવ ઓછો આંકવા પ્રયાસ નથી કરતો પણ આપણે માનવીઓ સાથે કામ પાડવાનું છે ને ક્યો કાળા માથાનો માનવી આ ચાળીસ પાઉન્ડ વજનના જંગલી બિલાડા માટે બે હજાર જેવી મોટી રકમ વેડફવા તૈયાર થાય? એવુ હોય તો તફાવતની રકમ તું મારી પાસેથી વસૂલ કરજે.'

બિલને ધરપત આપવા મેં એની વાત માન્ય રાખી. ને અમે બન્નેએ ભેળા બેસીને ડૉર્સેટને નીચે પ્રમાણેનો પત્ર લખ્યો :

શ્રીમાન ડૉર્સેટ મહાશય,

અમે તમારા દીકરાને ઉઠાવી ગયા છીએ. ને સમીટથી દૂરના સ્થળે એને છુપાવી રાખ્યો છે. એને શોધી કાઢવાના તમારા કે ગુનાશોધકોના તમામ પ્રયાસો નાકામયાબ નીવડવાના છે. તમારા દીકરાને તમે નીચેની શરતોએ પાછો મેળવી શકશો. એ માટે તમારે

અમને પંદર સો ડૉલર ચૂકવવાના રહેશે. એ રકમ સો-સોની નોટોમાં નીચે દર્શાવ્યા મુજબની જગાએ પહોંચતી કરવી. અમારા આ પત્રના પ્રત્યુત્તર સાથે એ રકમ એક પેટીમાં મૂકી જવી. જો ઉપરની શરતો મંજૂર હોય તો આ પત્રનો જવાબ એક સંદેશવાહક દ્વારા આજ રાત્રે આઠ વાગ્યા સુધીમાં અમને પહોંચાડવો.

ઘુવડની ખાડી વટાવ્યા પછી, પોપલર ગ્રૂવના રસ્તે આવેલ ઘઉંના ખેતરની વાડની નજીક જમણી બાજુએ સો સો વારના અંતરે ત્રણ વૃક્ષો આવેલાં છે. ત્રીજા વૃક્ષની સામેના વાડના થાંભલા નીચે એક પૂંઠાની પેટી હશે. તમારા સંદેશવાહકે તમારો જવાબ એ પેટીમાં મૂકીને તરત સમીટ પાછા ફરવાનું છે. જો તમે કોઈ ચાલબાજી રમવા પ્રયત્ન કરશો કે ઉપર જણાવેલી શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશો તો તમારા દીકરાને તમે જીવતો જોઈ શકશો નહીં. જો માગણી મુજબની રકમ તમે ચૂકતે કરશો તો એ રકમ ચૂકતે કર્યાના ત્રણ કલાકમાં તમને તમારો દીકરો સહીસલામત પરત કરવામાં આવશે. આ શરતો છેવટની છે ને એ અંગે કોઈ પત્રવ્યવહારને અવકાશ નથી. મેં પત્ર પર ડૉર્સેટનું સરનામું લખ્યું. અને હું એ ખિસ્સામાં મૂકવા જતો હતો ત્યાં છોકરો દોડતો મારી પાસે આવ્યો

'સ્નેઇક - આઈ, તેં કહ્યું ને કે તારા ગયા પછી હું બ્લેક સ્કાઉટ-ની રમત રમી શકીશ?'

'હા, જરૂર રમજે. બિલ તારી સાથે રમશે. એ કઈ જાતની રમત છે? મેં પૂછ્યું.

'હું બ્લેક- સ્કાઉટ છું. રેડ ઇન્ડિયનોનાં ધાડાં આવી રહ્યાં છે એની જાણ અમારી વસ્તીને કરવા મારે મારતે ઘોડે ત્યાં જવાનું છે. હવે હું ઇન્ડિયન ઇન્ડિયન રમીને કંટાળી ગયો છું. મારે હવે બ્લેક-સ્કાઉટની રમત રમવી છે. છોકરાએ કહ્યું.

ઠીક, આમ તો રમત સાવ નિર્દોશ લાગે છે. માથાભારે જંગલી લોકોને હરાવવામાં બિલ તને જરૂર મદદ કરશે, મેં કહ્યું.

'મારે શું કરવાનું છે?' બિલે દહેશતભરી નજરે છોકરા સામે જોતાં પૂછ્યું.

'તારે મારો ઘોડો બનવાનું છે. ઘોડા વિના હું વસાહતે કેમ કરીને સમયસર પહોંચી શકું?' છોકરાએ કહ્યું.

'બિલ; તું એને રમતમાં રોકી રાખ ને થોડોક હળવો થઈ જા.

બિલ ઘૂંટણીએ પડીને ઘોડો થઈ ગયો. છટકામાં ફસાએલા સસલા જેવા ભાવ એના ચહેરા પર રમતા થઈ ગયા

'અહીંથી વસાહત કેટલી દૂર છે?' બિલે રુક્ષ સ્વરમાં છોકરાને પૂછ્યું.

'નેવું માઈલ, ને તારે દડબડ દડબડ દોડતાં ત્યાં સમયસર પહોંચવાનું છે. સમજ્યો? ચાલ હવે ઊપડીએ, કહેતોને બ્લેક સ્કાઉટ કૂદીને બિલની પીઠ પર સવાર થઈ ગયો ને એણે એની એડીઓ બિલના પડખામાં ઝીંકવા માંડી.

'સેમ, ભગવાનને ખાતર જેમ બને એમ વહેલો પાછો આવજે. મને થાય છે, આપણે ડૉર્સેટ પાસે હજારથી વધારે માગ્યા નહોતા તો સારું થાત. એઈ! એડીઓ મારવાનું બંધ કર નહીં તો હું ઊભો થઈ જઈશ ને તને બરાબરનો ફટકારીશ' બિલે કહ્યું.

હું ચાલીને પોપલર ગ્રૂવ આવ્યો ને પોસ્ટ ઑફિસે ને સ્ટોર પાસે બેસીને ત્યાં માલની લે-વેચ કરવા આવેલા લોકો સાથે વાતે વળગ્યો વધી ગયેલા થોભિયાવાળા એક આદમીએ કહ્યું, ડૉર્સેટનો છોકરો ગૂમ થવાને કારણે ગામમાં ભારે હલચલ મચી ગઈ છે.

બસ મારે તો એટલું જ જાણવું હતું. મેં થોડીક તમાકુ ખરીદી, એકબે વસ્તુઓના ભાવ પૂછયો ને ચૂપકીદીથી પેલો કાગળ ટપાલપેટીમાં નાખીને ત્યાંથી ચાલી નીકળ્યો.

'એકાદ કલાકમાં પોસ્ટમૅન સમીટની ટપાલ કાઢી જવા આવશે.' પોસ્ટ માસ્તરે કહ્યું. હું ગુફામાં પાછો ફર્યો, ત્યારે બિલ કે પેલા તોફાનીનો પત્તો નોતો. હું ગુફાની આસપાસ જોઈ વળ્યો. મેં બે-ચાર બૂમોય પાડી જોઈ, પણ કોઈ વળતો જવાબ મળ્યો નહીં. એટલે મેં મારી ચૂંગી સળગાવી ને હવે પછી ઘટનારી ઘટનાની રાહ જોતો પાસેના ઝરણાને કિનારે બેઠો.

અડધા એક કલાક પછી મેં નજીકનાં ઝાંખરાંમાં કશોક સળવળાટ થતો સાંભળ્યો. મેં એ દિશામાં જોયું. બિલને મેં ગુફાની સામેની ખીણમાંથી બહાર આવતો ભાળ્યો. એની પાછળ પેલો તોફ'નીય હતો. એ સ્કાઉટની જેમ ધીમાં પગલાં માંડતો આવતો હતો. એનો ચહેરો મરક મરક થઈ રહ્યો હતો.

બિલ મારી સામે આવીને ઊભો રહ્યો. એણે એની હૅટ માથેથી ઉતારી ને એ એનો રક્તવર્ણો ચહેરો લૂછવા માંડ્યો. છોકરો એની પૂંઠે આઠેક ફૂટના અંતરે ઊભો રહી ગયો.

'સેમ, મને ભય છે તું કદાચ મને દગાબાજ માનીશ પણ એ સિવાય મારો છૂટકો નો'તો ને હુંય આખરે તો માણસ છું. દરેક માણસમાં જોવા મળતી આત્મરક્ષણની વૃત્તિ મારામાં મરી પરવારી નથી. મનુષ્યના જીવનમાં એક પળ એવી આવે છે જ્યારે એ સ્વમાન અને નિજના હિતને નેવે મૂકી દે છે. ટૂંકમાં કહું તો, છોકરો ભાગી ગયો છે. સાચું કહું તો મેં જ એને અહીંથી રવાના કરી દીધો છે. આપણું ધારેલું-વિચારેલું બધું ફોક, બધું રદબાતલ! એક એવો જમાનો હતો જયારે માણસો પોતે કરેલો સંકલ્પને પડતો મૂકવાને બદલે મરવાનું પસંદ કરતા. એ બધા શહીદ થઈ ગયેલાઓમાંથી કોઈનેય મારા જેટલી અમાનુષી યાતનાઓ ભોગવી નહીં હોય. આપણે નક્કી કરેલા નીતિ-નિયમોને વફાદારીપૂર્વક વળગી રહેવાનો મેં સન્નિષ્ઠ પ્રયત્ન કર્યો. પણ એનીય છેવટે હદ આવી ગયેલી.

'બિલ, પણ વાત શું છે એ તો કહે!' મેં કહ્યું.

'પૂરા નેવું માઈલ સુધી એ હરામજાદો મારી પીઠ પર સવારી કરતો રહ્યો. નેવું માઈલમાં એક તસુનોય ફરક નહીં! વસાહતીઓને બચાવી લીધા પછી એણે મને ઓટ ખાવા આપ્યા, પણ મારી હોજરીને ઓટને બદલે રેતી અનુકૂળ આવે એવો વિકલ્પ નથી. એ વાત એને ગળે ઊતારતાં મને પૂરો કલાક લાગ્યો.

પછી રસ્તામાં પડેલા ખાડા ખાલી કેમ છે? રસ્તા બે દિશામાં

કેમ જાય છે, ઘાસને લીલા રંગથી કોણ રંગી નાખે છે? આવું બધું આખી વાટ એ મને પૂછતો રહ્યો. સેમ, તું જ કહે, આથી વધારે ત્રાસ કોણ સહન કરી શકે? એટલે છેવટે ત્રાસીને મેં એનો કાંઠલો પકડ્યો ને હું એને ડુંગરના ઢોળાવની નીચે ઘસડી ગયો. નીચે લઈ જતાં સુધીમાં તો એણે લાતો મારી મારીને મારા બન્ને પગને પિંડીથી ને ઢીંચણ સુધી બરાબરના સુઝાડી દીધા. મારા અંગૂઠે એણે બેત્રણ વાર બચકાંય ભરી લીધા મારા હાથમાં અસહ્ય બળતરા થાય છે. પણ આખરે એનાથી આપણે છૂટ્યા. મેં એને સમીટનો રસ્તો બતાવી દીધો ને એક જોરદાર લાત મારીને એના ઘરનું અંતર આઠ ફૂટ જેટલું ઘટાડી આપ્યું. સેમ, આપણે જાસાની રકમ ગુમાવવી પડી એ બદલ હું ખૂબ દિલગીર છું, પણ એનાથી મેં છૂટકારો મેળવ્યો ન હોત તો હું ગાંડો થઈ ગયો હોત.' બિલ બોલતાં બોલતાં હાંફી ગયો. પણ એના ગુલાબી ચહેરા પર સંતોષ અને નિરાંતના ભાવો તરવરતા હતા.

'બિલ તારા પરિવારમાં કોઈને હૃદય રોગની બીમારી ખરી?' મેં બીલને પૂછ્યું.

'ના, મલેરિયા ને અકસ્માત સિવાય અમારા પરિવારે બીજી કોઈ બીમારી જાણી નથી, પણ તું એ કેમ પૂછે છે?'

'તો જરા. પાછળ ફરીને જો.'

બિલે પાછળ ફરીને જોયું ને એના ચહેરા પરથી નૂર ઊડી ગયું. એ જમીન પર ફસડાઈ પડ્યો, ને ગાંડાની જેમ તણખલાં ને સૂકાં કરાંઠાં વીણવા મંડી પડ્યો. કલાકેક સુધી તો મને એના માનસિક સ્વાસ્થ્ય અંગે ભારે ચિંતા રહી.

'જો કશીય આનાકાની કર્યા વિના ડૉર્સેટ આપણી માગણી સ્વીકારી લેશે તો બીજી માથાકૂટ કર્યા સિવાય જાસાની રકમ લઈને મધરાતે જ આપણે અહીંથી રફુચક્કર થઈ જઈશું મેં એને કહ્યું.

એટલે બિલે થોડી હિમ્મત કરીને છોકરાની સામે જોયું. ને પછ. ફિક્કું હસ્યો. ને પછી કહ્યું, 'મને જરાક ઠીક લાગશે એટલે હું પણ જાપાન સામેની લડાઈમાં રશિયાએ જે ભાગ ભજવ્યો હતો તે ભાગ ભજવીશ.'

સામાવાળાની સંભવિત ચાલબાજીમાં ફસાયા વિના જાસામાં દર્શાવેલી રકમ હાથવગી કરવા મેં અગાઉથી યોજના વિચારી રાખી હતી. જે વૃક્ષ નીચે અમારા પત્રનો જવાબ અને અમારી માગણી મુજબની રકમ મૂકી જવાનું જણાવેલું એ વૃક્ષ રસ્તાની નજીકની વાડ પાસે હતું. એ વાડની આસપાસ ચોમેર ખુલ્લાં ખેતરો હતાં. જો પોલીસોની ટુકડી પત્ર લેવા આવનારને ઝડપવા અહીં-તહીં ક્યાંક નજર માંડીને બેઠી હોય તો તેઓ એને ખેતરને પસાર કરતો દૂરથી જ જોઈ શકે એમ હતું. એ રસ્તે પસાર થનાર હરકોઈ એમની નજરે ચડ્યા વિના ન રહે. એટલે જ હું સાડા સાતે તો ઝાડ પર ચડીને બેસી ગયેલો. ને ઝાડની ઘટામાં દેડકાની જેમ લપાઈને સંદેશવાહકની રાહ જોતો રહેલો.

બરાબર નિર્ધારિત સમયે એ રસ્તે એક જુવાન જેવો લાગતો છોકરો સાઈકલ પર આવી પડ્યો. વાડના થાંભલા પાસે આગંતુકે એક પેટી જોઈ. એણે એક ગડી વાળેલો કાગળ સિફતથી પેટીમાં સરકાવી દીધો. ને પછી સમીટની દિશામાં એની સાઈકલ મારી મૂકી.

મેં એકાદ કલાક રાહ જોઈ. મને ખાતરી થઈ કે બધું સલામત છે એટલે હું વૃક્ષ પરથી નીચે ઊતર્યો. ને પેટીમાંથી કાગળ લીધો, ને પછી વાડની ઓથે સંતાતો-છુપાતો હું રસ્તા સુધી આવ્યો, ને ગુફા તરફ ચાલી નીકળ્યો. અડધા કલાકમાં તો હું ગુફાએ આવી પહોંચ્યો ને પત્ર ઉઘાડીને ફાનસને અજવાળે બિલને વાંચી સંભળાવ્યો :

માથાભારે મહાશયો,

મારા દીકરાને પરત કરવાના બદલામાં ૧૫૦૦ ડૉલરની માગણી કરતો તમારો પત્ર આજે મને ટપાલ દ્વારા મળ્યો. તમારી માગણી મને જરા વધારે પડતી લાગે છે. હું તમને સામો બીજો એક પ્રસ્તાવ મૂકું છું. મને લાગે છે કે, તમને એ સ્વીકાર્ય હશે. હું જોનીને તમારી પાસેથી પાછો સ્વીકારું એના બદલામાં તમારે મને ૨૫૦ ડૉલર ચૂકવવા. એ શરતે હું જોનીને પાછો લેવા તૈયાર છું. તમે એને પાછો મૂકવા રાત્રે આવો તો સારું, કારણ કે અડોશ-પડોશના સૌ તો એમ માની બેઠાં છે કે જોન'ના ત્રાસમાંથી તેઓ કાયમને માટે મુક્ત થયાં છે, એટલે જોનીને પાછો મૂકવા આવનારને તેઓ યોગ્ય શરપાવ આપ્યા વિના રહેશે નહીં. ને એ અંગે હું કોઈ રીતે જવાબદાર લેખાઈશ નહીં.

એ જ લિ. ડૉર્સેટ

'સાલા ચાંચિયાઓ!' હું મનોમન બબડ્યો.

પણ બિલ સામે જોતાં જ હું અચકાયો. એની આંખોમાં કાકલૂદી-ના ભાવો અંકાએલા હતા, એવા ભાવો અગાઉ કોઈના ચહેરા પર મેં જોયા નહોતા.

'સેમ!' એ કહેવા લાગ્યો, 'બસ્સો પચાસ ડૉલરની આજે શી વિસાત છે! ને એટલી રકમ તો આપણી પાસે છે. આ છોકરા સાથે એક રાત વધારે ગાળવાની થશે તો હું ગાંડાંના ઘર ભેગો થઈ જઈશ. મિ. ડૉર્સેટ ભલા માણસ છે, તે એમણે આપણી પાસે આવી નજીવી રકમની માગણી કરી. આ છોકરાથી છૂટવાની આવી અમૂલ્ય તક તું જતી તો નહીં કરેને ? સેમ બોલને.'

'બિલ, સાચું કહું? આ છોકરાએ તો મારુંય માથું દુખાડી દીધું છે. આ છોકરાને આપણે એના ઘરભેગો કરી દઈશું ને શરત મુજબની રકમ એના પિતાને ચૂકતે કરીને ત્યાંથી ભાગી જઈશું.' મેં કહ્યું.

જોને એ રાત્રે જ અમે જોનીને એને ઘેર લઈ ગયા. અમે એને કહ્યું કે એના બાપે એને માટે ચાંદીની બંદૂક ખરીદી છે, ને હરણના ચામડાનાં બૂટ પણ સિવડાવ્યા છે, ત્યારે એ અમારી સાથે આવવા માંડ તૈયાર થયેલો. બીજે દિવસે અમે એને લઈને જંગલી રીંછોનો શિકાર કરવા જવાના છીએ એમ પણ ઉમેરવું પડેલું.

અમે ડૉર્સેટનું બારણું ખખડાવ્યું, ત્યારે રાતના બાર થયા હતા.

(અનુસંધાન પૃ. ૯૭ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વિજ્ઞાન અને રાજકારણ

તા. ૨૧-૧-૯૦. ૧૯૪૭માં આઝાદી આવી તે પહેલાં હું રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય હતો. મુંબઈના પરા-ખાર-ની કૉંગ્રેસ કમિટીનો સેક્રેટરી પણ થયો હતો. ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહ માટે મેં નામ પણ નોંધાવ્યું હતું. ૧૯૪૭ પછી મેં નક્કી કર્યું કે હવે રાજકારણ સાર્વજનિક પ્રવૃત્તિ રહેતી નથી. પણ એક વ્યવસાય બની જાય છે. અને વ્યવસાયે તો હું શિક્ષક છું એટલે મેં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

પણ છેલ્લાં દસેક વર્ષથી જે પરિસ્થિતિ દેશમાં ઊભી થતી હતી તે ઉપરથી મારા મનમાં શંકા ઉત્પન્ન થઈ હતી. શું ૧૯૪૭નો મારો આ નિર્ણય બરાબર હતો? આજકાલ દેશમાં એવી પરિસ્થિત થઈ છે કે સઘળા નિતિ-વિષયક નિર્ણયો; રાજકીય, આર્થિક, સામાજિક, વૈજ્ઞાનિક કે શિક્ષણ વિષયક નિર્ણયો રાજકારણીઓ લે છે. દેશના વિજ્ઞાનીઓ, શિક્ષણશાસ્ત્રીઓ વગેરે બુદ્ધિશાળી વર્ગે રાજકારણમાંથી વિદાય લીધી અને રાજકારણીઓ મારા જેવાને અણગમતા નિર્ણયો લે ત્યારે સ્હેજે વિચાર થાય કે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો ૧૯૪૭ નો અમારો નિર્ણય યોગ્ય હતો?

પણ છેલ્લી પાર્લમેન્ટની ચૂંટણી પછી મારી એ શંકા ઘટવા લાગી છે. નવી સરકારે પહેલું કામ એ કર્યું કે વિજ્ઞાન અને ટેક્નોલૉજિના પ્રધાન તરીકે રાજકારણી નહિ પણ વિજ્ઞાની એમ.જી.કે. મેનનની નિમણૂક કરી. આમ કરીને બે વાત પ્રતિપાદિત કરી : (૧) વિજ્ઞાન - ટેક્નોલૉજિ ક્ષેત્રે નીતિ નિર્ધારિત કરવાનું કામ રાજકારણીનું નથી પણ વિજ્ઞાનીનું છે. (૨) વિજ્ઞાનીને પ્રધાન થવા માટે રાજકીય પક્ષમાં જોડાઈ ચૂંટણી લડવાની જરૂર નથી.

નવી સરકારની આ બાબતમાં નીતિ સ્પષ્ટ છે તેની ખાતરી તો ગઈ કાલે થઈ. ગઈ કાલે પ્રખ્યાત પરમાણુ વિજ્ઞાની રાજા રામન્નાને સંરક્ષણ પ્રધાન તરીકે નિમણૂક આપીને સરકારે નવો ચીલો સ્પષ્ટ કર્યો. આધુનિક સંરક્ષણમાં વિજ્ઞાન અને તેમાં પણ પરમાણુવિજ્ઞાન અને ઇલેક્ટ્રોનિક્સ ઘણો મહત્ત્વો ભાગ ભજવે છે. અને તે અંગે નીતિ નિર્ધારિત કરવામાં રાજકારણી કરતાં વિજ્ઞાની વધુ લાયક છે.

વડાપ્રધાન વી.પી. સિંઘ કાયદાના સ્નાતક ઉપરાંત પૂના યુનિવર્સિટીના ફિઝિક્સ સાથે એમ.એસસી. છે. નેહરુ પછી આ બીજો વિજ્ઞાન-સ્નાતક વડો પ્રધાન થયો. હવે તેણે પાડેલો ચીલો સમજી શકાશે. મને પણ રાહત થઈ. ૧૯૪૭નો મારો નિર્ણય સાચો હતો. રાજકારણમાં આવેલી વિકૃતિને કારણે મનમાં શંકા ઊભી થઈ હતી!

વિજ્ઞાનક્ષેત્રે ઊહાપોહ

તા. ૧૨-૭-૯૦. હમણાં દેશમાં વિજ્ઞાનક્ષેત્રે એક ઊહાપોહ જગાડનારી ઘટના બની છે. સામાન્ય રીતે વિજ્ઞાનમાં ઊહાપોહ થાય તેનું મૂળ કોઈ ભારતીય વિજ્ઞાનીએ બીજાના પેપરમાંથી તફડંચી કરી પોતાને નામે શોધ ચડાવી હોય તેવું બને છે પણ આ વખતે તેવું નથી.

પહેલાં એ શોધ વિષે જાણી લઈએ. વાંસ (Bamboo) એક પ્રકારનું ઘાસ છે. વાંસ ખાસા ઊંચા, ૧૦૦ ફૂટથી પણ વધુ ઊંચા થઈ શકે છે. પણ કુદરતી રીતે જંગલમાં ઊગી નીકળતા વાંસની જાત સુધારવી હોય કે ઝપાટાબંધ અને મોટા પ્રમાણમાં વાંસ ઉગાડવા હોય તો પ્રયોગો યોજવામાં એક મોટી મુશ્કેલી છે. વાંસને, તેની ૬૦ થી ૧૦૦ વર્ષની જિન્દગીમાં ફક્ત એક જ વખત ફૂલ આવે છે અને સંકર (Hybrid) જાતો વિકસાવવાનો પ્રયોગ ફૂલ બેસે ત્યારે જ થઈ શકે.

૨૨મી માર્ચ ૧૯૯૦ના 'નૅચર' નામના સામયિકમાં નાદગૌડા, પરશરામી અને મેસ્કાન્હેસના નામે એક સંશોધન પેપર પ્રકટ થયો છે. તેમાં પૂનાની નેશનલ કેમિકલ લેબોરેટરીમાં વાંસને ટિસ્યૂ કલ્ચરમાં ઉગાડી તેનું સફળતાપૂર્વક ફલીકરણ (flowering)ની વાત છે. પણ આ તો ખુશ થવા જેવું છે. ભારતીય વિજ્ઞાનીઓની શોધથી હવે ઠેર ઠેર વાંસનાં ગાઢાં વન ઉગાડવાની શક્યતા ઊભી થઈ છે. તો પછી ઊહાપોહ શાનો?

૨૨મી માર્ચે પેપર પ્રકટ થયો તે જ અંકમાં તંત્રીલેખમાં આ શોધની ઉપયોગિતાની વાત હતી. ૨૩મીના 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'માં તેનો ઉલ્લેખ થયો. ૨૪મીના 'લંડન ટાઇમ્સ'માં '૨૫મીના જાપાનના અખબાર'માં તેનો ઉલ્લેખ થયો. વળી પાછું આ તો ખુશ થવા જેવું છે. તેમાં ઊહાપોહ શાનો?

ઊહાપોહ તો અહીંનાં 'કરંટ-સાયન્સ' નામના વૈજ્ઞાનિક સામયિકમાં વી. સિદ્ધાર્થના લેખથી થયો. તેણે તો પેલા ત્રણ ભારતીય વિજ્ઞાનીઓને ઊધડા લીધા. તમારા સંશોધનોની આર્થિક રીતે ઉપયોગિતા સમજ્યા વગર, જરૂરી પેટન્ટ લીધા વગર વિદેશી સામયિકોમાં સંશોધનના લેખો પ્રકટ કરવા મોકલી દો છો? સંભવ છે કે કોઈ અમેરિકન કંપની આ શોધનો ઉપયોગ કરી વાંસનાં વન ઉગાડવાની ટેક્નોલૉજિ વિકસાવે અને આપણી સરકાર એ ટેક્નોલૉજિ આયાત કરી ફોરિન કોલેબરેશનથી દેશમાં વાંસનાં વન ઉગાડે !

સિદ્ધાર્થના આ લેખથી ઊહાપોહ મચી ગયો છે અને વિજ્ઞાનીઓ તથા સરકાર વિચારતાં થઈ ગયાં છે.

મ.ના. ખત્રી

તા. ૧૯-૭-૯૦. તમે બધાં મ.ના. ખત્રીને ઓળખો છો. આજથી દસ વર્ષ પહેલાં તેમની એક રસપ્રદ લેખ-શ્રેણી 'સંખ્યા વાટિકાની સહેલગાહે' 'સુગણિતમ્'માં આવી ગઈ છે. તેમનું ૮૧ વર્ષની ઉંમરે ૧૦-૭-૯૦ના રોજ અવસાન થયું. મગનલાલ નાથાભાઈ ખત્રી વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષક હતા.

પ્રાથમિક શિક્ષક જ, હેડમાસ્તર પણ નહિ. અને પ્રાથમિક શિક્ષક તરીકે જ નિવૃત્ત થયેલા. પણ સંખ્યા-સિદ્ધાંત (Theory of Numbers)માં ઘણો રસ. સાબિતી-બાબિતીમાં બહુ ન સમજે, પણ સંખ્યાના ગુણધર્મો પારખવામાં એક્કા. દેખીતી રીતે જ તેમની અને કાપ્રેકરની દોસ્તી. કાપ્રેકર મારફત મેં તેમના વિષે જાણેલું. વડોદરા યુનિવર્સિટીએ તેમને ૧૯૫૫-૫૬ના અરસામાં એક વર્ષ ફેલોશિપ આપી. તે દરમિયાન તેઓ જરૂરી અંગ્રેજી શીખ્યા અને પોતે શોધેલા સંખ્યાના ગુણધર્મો વિષે અંગ્રેજીમાં પુસ્તક લખ્યું 'Excursions into the Realm of Numbers.'

તેમનાં આ પુસ્તક વિષે મેં 'કુમાર'માં રિવ્યૂ લખ્યો હતો તે કદાચ તમારામાંથી કોઈકે વાંચ્યો હશે. આ પ્રાથમિક શિક્ષક તો પછી વિસરાઈ ગયો. ગુજરાત ગણિત મંડળ, પ્રો. એ.આર. રાવની ષષ્ઠીપૂર્તિ નિમિત્તે એકઠાં કરેલાં ભંડોળમાંથી દર વર્ષે ખાસ પ્રવૃત્તિ યોજે છે. આ પ્રવૃત્તિ નીચે ૧૯૭૮ના વર્ષમાં શ્રી મ.ના. ખત્રીનું બહુમાન કરવાનું નક્કી કર્યું. ગુજરાત ગણિત મંડળના બારડોલી અધિવેશનમાં સંયોગવશાત્ બે પ્રસંગો ભેગા થયા. મને ૬૦ વર્ષ થયાં તે અને મ.ના. ખત્રીને સન્માન. મારા તરફની ભલી લાગણીને કારણે સુરતના કેટલાક પ્રોફેસરો ખાસ બારડોલી આવ્યા હતા. તેમાં ત્યાંના શિક્ષણ વિભાગના પ્રોફેસર ગુણવંત શાહ પણ હતા. તેમણે મારી સાથે શ્રી. મ.ના. ખત્રીનું સન્માન થતું જોયું. અને ખત્રીના કાર્યની વિગતો જાણી. તેના શિક્ષણ સાથે સંકળાયેલા જીવને પ્રાથમિક શિક્ષકની આ સિદ્ધિ અસર કરી ગઈ.

સુરતના એક દૈનિકમાં ગુણવંત શાહનું 'યાદગાર પ્રસંગો' કે એવું કાંઈક મથાળાવાળું એક કૉલમ આવે છે તેમાં તેમણે આ બે સમારંભો વિષે લખ્યું અને શ્રી. ખત્રી વિષે વિગતો જણાવી કહ્યું કે ગુજરાત ગણિત મંડળ તો આ બે ગણિત-શિક્ષકોને (એક યુનિવર્સિટી શિક્ષક અને એક પ્રાથમિક શિક્ષક) સાથે બેસાડીને સન્માને છે પણ ગુજરાતે જનતાએ કે પેલા અજાણ્યા પ્રાથમિક શિક્ષક વિષે કશું કદીયે જાણ્યું છે?

તેમના એ લેખની અસર થઈ કે શું પણ ૧૯૮૦ના જાન્યુઆરીમાં સરકાર તરફથી ખત્રી ઉપર પત્ર આવ્યો અને શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ આપવા માટે તેમની પાસેથી જરૂરી વિગતો માગી. (મ.ના. ખત્રી લગભગ દર અઠવાડિયે મને નિયમિત પત્રો લખતા એટલે મને આ બધી વિગતોની ખબર મળતી રહેતી.) તેમણે તે લખી મોકલી. મને થયું કે આવા એવૉર્ડ નિવૃત્ત શિક્ષકોને આપવાનો રિવાજ નથી તેથી આમાં કાંઈ થવાનું નથી. પણ ૧૫ ડિસેમ્બર ૧૯૮૧ના રોજ સરકારે ઠરાવ બહાર પાડી જાહેર કર્યું કે પ્રાથમિક શિક્ષકની પોતાની કારકિર્દી દરમિયાન શુદ્ધ ગણિત સંશોધનમાં નોંધપાત્ર પ્રદાન કરવાની કદરરૂપે શ્રી ખત્રીને આજીવન વધારાનું પેન્શન આપવું. આમ, પ્રાથમિક શિક્ષક તરીકે તેમને મળતા રૂ.૫૦/-ના પેન્શન ઉપરાંત તેમની ગણિતસેવાની કદર રૂપે રૂ.૨૦૦/-નું માસિક પેન્શન સરકારે બાંધી આપ્યું.

મ.ના. ખત્રી મને નિયમિત પત્રો લખતા. તા. ૩-૭-૯૦નું તેમનું છેલ્લું પોસ્ટ કાર્ડ જવાબ આપ્યા વગરનું પડ્યું છે.!




વી.પી. સિંઘ • રાજા રમન્ના

રવીન્દ્રનાથ ટાગોર

તા. ૯-૮-૯૦. ગઈકાલે રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ હતી. ૧૯૧૧માં રવીન્દ્રનાથનો સુવર્ણમહોત્સવ કલકત્તામાં ઉજવાયો હતો. એટલે કવિ તરીકે બંગાળમાં તો તેમની ખ્યાતિ હતી પણ દેશના અન્ય ભાગમાં તેમને ખાસ કોઈ ઓળખે નહિ. પણ ૧૯૧૩માં તેમને નોબેલ પારિતોષિક મળ્યું એટલે તે દુનિયાભરમાં જાણીતા થયા અને પછી ધીમેધીમે દેશમાં જાણીતા થયાં.

આ નોબેલ ઈનામની વાત પણ જાણવા જેવી છે. ૧૯૧૨ની ૨૯મી માર્ચે કવિ ઈંગ્લન્ડ જવાના હતા. પણ યાત્રાને આગલે જ દિવસે બીમાર પડી ગયા અને યાત્રા મુલતવી રહી. માંદગી પછી આરામ કરવા પદ્મા નદીને કિનારે રહ્યા. પણ કાંઈક પ્રવૃત્તિ તો કરવી જોઈએ. નવું લખવા જેટલી શક્તિ આવી ન હતી એટલે પોતાના બંગાળી કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' તથા અન્ય સંગ્રહોમાંથી કાવ્યોના અંગ્રેજી અનુવાદોનું કામ ઉપાડ્યું.

મે મહિનામાં ઈંગ્લન્ડ ગયા ત્યારે આ અનુવાદો સાથે લઈ ગયા. તેમના ચિત્રકાર મિત્રના આગ્રહથી તે અનુવાદ તેમને બતાવ્યા. ચિત્રકારે આ અનુવાદો કવિ યેટ્સ (Yeats)ને મોકલ્યા. અને પછી એક સાંજે આ ચિત્રકાર મિત્રને ત્યાં એઝરા પાઉન્ડ, ચાર્લ્સ એન્ડ્રુઝ, સિંકલેર, અર્નેસ્ટ રાઈસ જેવા પ્રસિદ્ધ સાહિત્યકારોની હાજરીમાં કવિ યેટ્સે આ અનુવાદો ભાવવાહી કંઠે વાંચ્યા, જેની શ્રોતાઓ ઉપર અદ્ભુત અસર થઈ.

પછી તો 'ગીતાંજલિ' નામે આ અનુવાદિત કાવ્યો પ્રકટ થયા અને ૧૯૧૩માં રવીન્દ્રનાથ વિશ્વ-વિખ્યાત થયા. ૩૦મી જૂન ૧૯૧૨ની સાંજે આ અનુવાદોનું વાચન ન થયું હોત તો દેશની કવિતાના ઈતિહાસની એક મોટી ઘટના બનવાની રહી ગઈ હોત. બંગાળી આપણા જ દેશની ભાષા છે. વળી, બંગાળમાં કેટકેટલા ગુજરાતીઓ વસે છે, છતાં 'ગીતાંજલિ' આપણે પહેલવહેલી અંગ્રેજીમાં વાંચી. અને એ પછી અંગ્રેજીમાંથી ગુજરાતીમાં કવિ કાન્તે ઉતારી. કવિ કાન્તનો અનુવાદ પહેલો. ત્યાર પછી તો ઘણા અનુવાદો થયા પણ એ બધા અંગ્રેજી 'ગીતાંજલિ'ના અનુવાદો. પણ નગીનદાસ પારેખે મૂળ બંગાળી ઉપરથી 'ગીતાંજલિ'નો





રવીન્દ્રનાથ ટાગોર • ડબ્લ્યૂ બી. યેટ્સ

ગુજરાતી અનુવાદ કર્યો છે. તેમણે ભાષાન્તરમાં આપણાં ભજનોના ઢાળ અપનાવ્યા છે. ઝૂલણા જેવા છંદ લીધા છે અને ગદ્યનો આશ્રય પણ લીધો છે. તે અનુવાદનું ચોથું પુનર્મુદ્રણ હમણાં જ બહાર પડ્યું.

મેં કે તમે કોઈએ 'ગીતાંજલિ' વાંચ્યું નથી. મને લાગે છે કે મૂળ બંગાળીમાંથી નગીનદાસ પારેખે કરેલો અનુવાદ આપણે વાંચવો જોઈએ અને તે પુસ્તક આપણી સંસ્કૃતિના પ્રતીક રૂપે ઘરમાં વસાવવું જોઈએ.



સત્યજિત રાય

એવોર્ડ ૧૫મી માર્ચે એનાયત થયો. મહિના દિવસથી તે તો હૃદયની બીમારીને કારણે હૉસ્પિટલમાં છે. વચ્ચે એક અઠવાડિયું તો તબિયત ગંભીર થઈ ગઈ હતી. તેથી ઑસ્કાર સમિતિના બે સભ્યો અમેરિકાથી ખાસ કલકત્તા આવ્યા અને ૧૫મી માર્ચે હૉસ્પિટલમાં જઈ તેમને એવોર્ડ અર્પણ કર્યો. આ વાત જાણી ત્યારે સરકારને કંઈક અંશે લોકોને ખબર પડી કે આ સત્યજિત રાય તો મોટો માણસ લાગે છે! વડા પ્રધાન તાબડતોબ રાષ્ટ્રપતિને મળ્યા અને દેશનો સર્વોચ્ચ ખિતાબ 'ભારતરત્ન' સત્યજિત રાયને આપવાની જાહેરાત થઈ! અને મને રવીન્દ્રનાથ ટાગોરની એક વાત યાદ આવી.

રવીન્દ્રનાથને નોબેલ પારિતોષિક મળ્યું એટલે કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશને તેમને સન્માનવાનો એક કાર્યક્રમ યોજ્યો. કાર્યક્રમમાં રવીન્દ્રનાથે કડવાં વચન કહેલાં, 'હું તો જેવો છું, તેવો જ છું. મારી 'ગીતાંજલિ' તો જેવી છે તેવી તમે વર્ષોથી જાણી છે. તેથી આજ તમે મારું કે 'ગીતાંજલિ'નું બહુમાન નથી કરતા. નોબેલ કમિટીએ મારું જે બહુમાન કર્યું છે તે બહુમાનને સન્માનવા તમે ભેગા થયા છો. અત્યાર સુધી હું એમ માનતો હતો કે આપણે રાષ્ટ્રની આઝાદી ગુમાવી છે પણ આજે લાગે છે કે તે ઉપરાંત સાર-અસારનો ભેદ પારખવાની બુદ્ધિ પણ ગુમાવી છે!

આઝાદીનાં ૪૪ વર્ષ પછી પણ સાર-અસારનો ભેદ પારખવાની બુદ્ધિ આપણે હાસિલ કરી નથી!!

ટચૂકડી

પુરાવા

ડૉ. હરબન્સ પટેલ

ત્રણ મહિનાના લાંબા ડિલિવરી વેકેશન પરથી ગઈ કાલે સાંજે જ નાનકડા મુન્નાને લઈ વિભા પિયરથી સાસરે આવી હતી, ને આજ સવારથી પોતાના ઘરસંસારનું સુકાન ફરી પાછું પોતાના હાથમાં સંભાળી લીધું હતું.

અનિકેતે તો એની ગેરહાજરીમાં ઘરને ધંધોલિયું કરી મેલ્યું હતું. કોઈ ચીજ ઠેકાણે નહોતી. કામવાળાં માજીને પણ વિભાની ગેરહાજરીમાં જાણે લહેર પડી ગઈ હતી. અનિકેત કશું કહે નહિ એટલે માજી તો હડફડ હડફડ જેવુંતેવું કામ કરી ભાગે બીજે ઘેર! માજીની પાછળ કચકચ કરનારી વિભા નહોતી એટલે ઘરમાં બધે કરોળિયાનાં જાળાં જામી ગયાં હતાં. બારીઓના કાચ પર ધૂળ જામી ગઈ હતી. આરસની ફરસ પર ડાઘા સ્પષ્ટ તરી આવતા હતા. ઠેર ઠેર કાગળિયાં, સિગરેટનાં ઠૂંઠાં ને કચરો, અસ્તવ્યસ્ત પુસ્તકો, અરીસાઓ પર ઓઘરાળા... વિભાએ એક જ નજરમાં બધું માપી લીધું ને વળગી પડી ઘર સરખું ગોઠવવા. અનિકેતે કહ્યું યે ખરું : 'એકસામટું બધું સરખું કરવા ના બેસતી, નહિ તો પાછી માંદી પડી જઈશ.' પણ એનુ કહ્યું સાંભળ્યું ના સાંભળ્યું કરી વિભા કામમાં પરોવાઈ ગઇ.

ને અચાનક જ એના હોશકોશ ઊડી ગયા.

હૈયે ફાળ પડી. ચહેરો અજ્ઞાત ભયથી સફેદ પૂણી જેવો થઈ ગયો. અંદરના રૂમમાંથી એને બંગડીના તૂટેલા કાચના ટુકડા કચરો વાળતાં જડી આવ્યા હતા ને બાથરૂમ સાફ કરતી વખતે ઊભી ટાઈલ્સ પર ચોંટાડેલી બિંદિયા!

પુરુષોની ભ્રમરવૃત્તિ વિષે સાંભળ્યું હતું એ બધું યાદ આવ્યું. માત્ર ત્રણ જ મહિનાની જુદાઈમાં... અનિકેત આવો નીકળ્યો? આઘાતથી મન ઉદાસ થઈ ગયું.

બાથરૂમમાંથી બહાર આવી ત્યારે અનિકેત અરીસા સામે ઊભો રહી વાળ ઓળી રહ્યો હતો. વાળ ઓળતાં ઓળતાં કોઈ ફિલ્મી ગીતની ધૂન ગણગણતો હતો. મૂડમાં હતો. વિભા એની સામું જોઈ રહી. હવે વાળ ઓળી લઈને અનિકેતે પરફ્યૂમની નવી શીશી હાથમાં લીધી.

'વાહ... અત્તર પણ છાંટતો થઈ ગયો છે ને!' વિભાનું ખિન્ન મન જલન અનુભવી રહ્યું.

ત્યાં જ પરફ્યૂમની શીશી વિભા સામે ધરી અનિકેત બોલ્યો : 'હં..વિભા, એક વાત તો કહેવાની રહી જ ગઈ. ગયે અઠવાડિયે કામવાળાં માજીએ પાંચ દિવસ અચાનક રજા પાડી દીધી હતી. આથી મારે દિવ્યાને ગામથી અહીં બોલાવી લેવી પડી હતી. દિવ્યા આ પરફ્યૂમ સ્પ્રે તારે માટે મૂકતી ગઈ છે. એણે ઘર સહેજ સરખું કર્યું ના કર્યું ને પાછું થોડા દા'ડામાં મેં હતું તેવું કરી મેલ્યું.'

દિવ્યા અનિકેતની બહેન હતી; વિભાની લાડકી નણંદ. વિભાના મન ઉપરથી મણનો બોજ જાણે હટી ગયો ને એનો ચહેરો ફરી પાંછો હસું હસું થઈ રહ્યો. □

'એનું ઉદ્‌ઘાટન હું કરીશ'

દુષ્યન્ત પંડ્યા

કેટલો ગર્વભર્યો ઉદ્‌ગાર છે આ ! આમ બોલનાર વ્યક્તિ 'હું કરું, હું કરું એજ અજ્ઞાનતા', એ નરસિંહ મહેતાની પ્રખ્યાત પંક્તિથી અજાણ હશે શું? આ ગર્વિલા ઉદ્‌ગાર પાછળ પ્રસિદ્ધિની એષણા ન હતી. આ ઉદ્‌ઘાટનની ઈચ્છા પ્રદર્શિત કરતી વખતે મનોરમાબહેન નાયક આગાહી કરી રહ્યાં હતાં : એ આગાહી મૃત્યુની હતી - પોતાના મૃત્યુની.

મનોરમાનો જન્મ ૧૯૨૭માં કરાચીમાં થયો હતો. બેચરલાલ ત્રિવેદીનું પાંચમું સંતાન તે આ મનોરમા, મનુ. બ્રાહ્મણનો દીકરો હોવા છતાં શ્રી બેચરલાલભાઈ સાહસિક હતા અને દૈવકૃપા પામ્યા હતા એટલે ઈમારતી લાકડાની લાતીના વહીવટદાર હતા. કરાચીના ગુજરાતી લત્તા રણછોડ લાઈન્સના વોરાપીર વિસ્તાર પાસે, ચાર મજલાની ઈમારતના ધણી હતા. મણિબેન જેવું વિરલ, વ્યવહારદક્ષ અને વત્સલ રત્ન એમને પત્ની તરીકે સાંપડ્યું હતું. તે જમાનામાં, કરાચીમાં ૧૯૩૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે કવિશ્રી કરસનદાસ માણેકે રજૂ કરેલી 'કુંવરબાઈનું મામેરું'ની નૃત્ય નાટિકામાં મણિબહેન પોતાની બાર-તેર વર્ષની પુત્રી કુમુદને ભાગ લેવાની રજા આપે છે અને કુમુદ, મનુ અને પુષ્પા - પોતાની ત્રણ પુત્રીઓને, ભણવા માટે ઉત્તેજન આપે છે. પોતાનાં વિધવા નણંદને એ પરાણે શાળાંતની પરીક્ષામાં બેસાડે છે અને તેમાં ઉત્તીર્ણ થયે, શિક્ષિકાની નોકરી કરવા મોકલે છે. તમારા ભાઈ ભલે આબરૂદાર હોય, તમારે તમારા પગ પર ઊભાં રહેતાં શીખવું જ જોઈએ. ૧૯૩૦ પહેલાંના યુગમાં મણિબહેનની આ વિચારધારા હતી.



મણિબહેનની આ વિચારધારા સુખમાં તો ઠીક, આપત્તિકાલેયે ટકી રહી હતી. બેચરલાલભાઈનું અકાળ અવસાન થયું. પુત્રો લાતીની જવાબદારી સંભાળી શક્યા નહીં અને ભાગ્યનું છાબડું બેસવા લાગ્યું. પુત્રી મનુ જન્મથી જ માંદલી. એ લાંબું કાઢશે એવી આશા કોઈને ન હતી. પણ મનુના ભાગ્યમાં સાત દાયકાનું પૂરું આયુષ્ય' હતું એટલે, એક પછી એક આવતી માંદગીમાંથી એ ઊભી થતી ગઈ. આથી નિયમિત માંદગીથી મનુ શાળાએ જવામાં અનિયમિત થતી ગઈ અને એનું પરિણામ ઝળહળાટવાળું કદી આવ્યું નહીં. એ છતાંય એને ઉત્તીર્ણ થવાનો આનંદ તો હતો જ. એના એક મોટાભાઈ, પ્રમોદભાઈને મનુને ચીડવવાનો આનંદ આવતો. એ સદાબહાર, સદાપ્રસન્ન. માંદગી કે સામાન્ય પરિણામ એની પ્રસન્નતાનું હરણ કરી શકે નહીં. આ પ્રસન્નતા મનોરમાનો સ્થાયી ગુણ.

જમાનાને અનુસરીને મનોરમાનું સગપણ તેર-ચૌદ વર્ષની વયે સત્તરેક વર્ષના યુવાન સાથે થયું. યુવાને અભ્યાસ બંધ કર્યો એટલે વડીલોએ એનાં લગ્ન માટે મણિબહેન ઉપર દબાણ કર્યું. અને તે સાથે, મનુને નિશાળેથી ઉઠાડી લેવા જણાવ્યું. મણિબહેને બંને બાબતોનો મક્કમતાથી સામનો કર્યો. મનુ માત્ર શાળામાં અભ્યાસ કરતી એટલું જ નહીં, એ ભરતનાટ્યમ્ શીખવા પણ જતી. બ્રાહ્મણની ઉચ્ચ કુટુંબની છોકરી તે વળી નાચવાનું શીખે? સંગીત શીખે? કાલ ઊઠીને એ જાહેરમાં નાચશે-બજાવશે. આબરૂનું શું? છોકરાપક્ષે આ ઉધમાત જોઈને તથા મણિબહેનનું મળતું પ્રોત્સાહન જોઈને મનુએ સગાઈ ફોક કરી નાખી. અને મનુ નામ પણ ખરી જાહેરમાં! કરાચીની વિખ્યાત શિક્ષણસંસ્થા શારદામંદિરના લાભાર્થે, 'મેરે ગોપાલ' નામની નૃત્યનાટિકા ભજવાઈ તેમાં મનુએ શ્રીકૃષ્ણનો પાઠ સુંદર ભજવ્યો હતો. એની મોટીબહેન કુમુદ મીરાંબાઈ બન્યાં હતાં અને એની નાની બહેન પુષ્પાએ બાળમીરાંનો પાઠ ભજવ્યો હતો. એ નૃત્યનાટિકા આ ત્રણ બહેનોના નર્તનકૌશલ પર જ આધારિત હતી. નવાઈની વાત તો એ કે આ ત્રણમાંથી એક પણ બહેન શારદામંદિરની વિદ્યાર્થિની ન હતી. જો કે શારદામંદિરના સંગીત શિક્ષક શ્રી અમુભાઈ દોશી આ ત્રણ બહેનોના ભાઈ પ્રમોદભાઈ અને બીજા મિત્રોના સહકારથી શારદવૃંદ નામની સંગીતની સંસ્થા ચલાવતા તેમાં એ બહેનો આવતી હતી.

મનબહેનની કલાદૃષ્ટિ સંગીતનૃત્ય કરતાં, ચિત્રકલામાં વધારે ખીલી હતી. ચિત્રકલા ઉપરાંત ભરત, ગૂંથણ, સીવણ, કાતરકામ બધામાં તેમને રસ પડતો, ગૃહસુશોભનનો વિષય શાળામાં શિખવાડાતો ન હતો પણ મનુબહેન એમાં પાવરધાં હતાં. એવાં પાવરધાં એ રસોઈમાં પણ હતાં.

પિતાના અકાળ અવસાન પછી, ઘરના સંજોગોમાં પરિવર્તન આવ્યું હતું. ઘરમાં બાની જવાબદારી ઉપાડી શકે તેવા મોટાં ભાભી બે પુત્રોને જન્મ આપી સ્વર્ગે ચાલી ગયાં હતાં. એટલે દીકરીઓને નાની વયથી રસોઈ અને ઘરકામમાં પ્રવેશવું પડ્યું હતું. તેમાંયે, સને ૧૯૪૨માં, કુમુદબહેનનું લગ્ન થયાં પછી ઘરની જવાબદારી સંભાળવાની આવી. મનુબહેન માટે એ પ્રેમનો અને આનંદનો વિષય હતો. નાની વયે પણ નવીનવી વાનગી બનાવવાનો એમને શોખ હતો. પહેરવામાં ઓઢવામાં, ખાવાપીવામાં, હરવાફરવામાં એમનો અભિગમ કશુંક નવું કરવાનો, નવું જોવાનો, નવું માણવાનો.

નવરાત્રિના નવે નવ દિવસ એ બાંધણી પહેરતાં પણ દરરોજ

જુદી જુદી. સાડી, બંગડીઓ અને પર્સ એક જ રંગનાં હોવાં જોઈએ. વળગણી પરથી કપડું ઉતારી સંકેલવાની સરળ ક્રિયામાં પણ કલાત્મકતા મનુબહેન પ્રકટ કરે. પંજાબી ઢબનું અથાણું કરવું એમને ગમે. કોઈ પાસેથી વિગત મેળવી મનુબહેન નવરત્ન ચટણી બનાવે. ટમેટાંનો કેચઅપ પણ એ ઘેર બનાવતાં. રંગબેરંગી પ્લાસ્ટિક કે મીણકાપડના ટુકડાઓ મેળવી તેમાંથી માણસની કે પશુની આકૃતિ તે સરળતાથી બનાવી કાઢતાં. આવી રીતે બનાવેલો એક ઘોડો એમના રસોડામાં દીવાસળીની પેટી સાચવવાનું કામ કરે છે. રમકડાંનો એક માણસ ટૂથબ્રશ અને ઊલિયાં સાચવવાનું કામ કરે છે. ૧૯૪૭માં સ્વતંત્રતા સાથે આવેલા દેશના વિભાજને પંજાબમાં દાવાનળ ફાટી નીકળ્યો. એની અસર સિંધમાં પણ ફેલાઈ. કેટલાંય ડાહ્યાં લોકો '૪૭ની ૧૫મી ઑગસ્ટ પછી કરાચી છોડવા લાગ્યાં હતાં. સિંધમાં એકંદરે શાંતિ હતી પણ તે ભ્રામક નીવડી. આઝાદી-દિન પછીના ચાર-પાંચ મહિનામાં, ભારતમાંથી હિજરત કરી ગયેલા મુસલમાનોનું દબાણ કરાચી પર ખૂબ વધી ગયું અને પરિસ્થિતિ વિસ્ફોટક બની ગઈ, બેકાબૂ બની ગઈ.

અનેક કુટુંબોની જેમ મણિબહેનના કુટુંબને પણ માત્ર પહેરેલે લૂગડે અંધકાર ઓઢીને ઘર છોડવું પડ્યું. બંદરે પહોંચી, મણિબહેન પોતાનાં ચાર સંતાનો અને બે પૌત્રો સાથે સિંધિયા કંપનીની સ્ટીમરમાં બેઠાં. સ્ટીમરમાં કીડિયારું ઉભરાતું હતું, રીડિયારામણ હતી, કોઈ પુરુષ પોતાની પત્નીને શોધતો હતો, કોઈ સ્ત્રી પોતાના બાળકને બોલાવતી હતી તો કોઈ એકલ વૃદ્ધા પોતાના જુવાનજોધ દીકરા માટે કલ્પાંત કરી રહી હતી! જાન્યુઆરીમાં દરિયો શાંત હતો. આગબોટમાં બેઠેલાંઓનો દિલદરિયો ડહોળાયેલો હતો. વડવાનલ સળગતો હતો. કોઈ પતિએ પોતાની પત્નીની લૂંટાતી લાજના સાક્ષી બનવું પડ્યું હતું. પતિપત્ની બંનેનાં હૈયાં મૂક ક્રન્દન કરી રહ્યાં હતાં. કોઈ માતાની જુવાનજોધ દીકરી જરાક ઘરની બહાર ડોકાઈ ત્યાંથી અલોપ થઈ ગઈ હતી. અનેક નારીઓનાં ગળાંનાં માળા-મંગલસૂત્રો ખેંચાઈ ગયાં હતાં. કોઈને માર પડ્યો હતો. આ દેહના ઘા તો વહેલામોડા રુઝાવાના, પણ દીકરી ગઈ તે પાછી આવશે? આવશે તો હેમખેમ હશે? એને માથે શું શું વીતી હશે? બેચાર નરાધમો બહેનની કે પત્ની ની લાજ લૂંટે તેના સાક્ષી બનનારની આંખને સતત શું દેખાયાં કરે ? આગબોટમાં ઠાંસી-ઠાંસીને ભરેલાં માનવીઓનાં હૈયાંમાં આ વેદનાના વાયરા ઘૂઘવતા હતા, એમની જીવનનૌકાનું સુકાન જ ભાંગી ગયું હતું અને અનિશ્ચિતતાના લોકમાં એ અફળાતી હતી. કેટલાંયનાં રુદન પણ થીજી ગયાં હતાં.

મણિબહેનને સદ્‌ભાગ્યે એમની જુવાનજોધ દીકરીઓ સલામત રહેવા પામી હતી. માવિહોણા બે પૌત્રો, એ બેઉના પિતા મોટા દીકરા કાંતિલાલ, નાના પુત્ર પ્રમોદકુમાર - બધાં અસહાય બનીને બેઠાં હતાં.

મુંબઈમાં પોતાનું પરિચિત કોઈ જ નથી એમ કહે તો, એ આગબોટ એમને મુંબઈ ઉતારવાને બદલે ક્યાંક આગળ લઈ જઈ ગમે ત્યાં ઉતારી દેત. 'મારા ભાઈ છે' કે 'મારા દિયર છે', કહી મણિબહેનનું સાત જણનું કુટુંબ ભાઉને ધક્કે ઊતર્યું. આગબોટની ભીડમાંથી મોકળાશમાં, દરિયા પરથી ધરતી પર અને પાકિસ્તાનથી ભારતમાંનું એ આગમન હતું.

સગા તો શું, કહેવાનાયે ભાઈ કે દિયર મુંબઈમાં ન હતા. નિરાશ્રિત બની ગયાં હોવાનું પ્રમાણપત્ર લઈ, નિરાશ્રિતો માટેની કોઈ છાવણીમાં જઈ સરકાર - આશરે રહેવામાં મણિબહેનને માનહાનિ લાગતી હતી. મુસાફરખાનું, વાલકેશ્વરનું સેનેટોરિયમ, પછી મલાડનું, પછી કાંદિવલીનું..... એમ મીંદડીની જેમ બધાં ફરતાં રહ્યાં. આખરે દહિસરના પશ્ચિમ ભાગમાં એક નાની અર્ધી કહેવાય તેવી ઓરડી ભાડે મળી. જીવ કરતાંયે વહાલી ગણીને કરાચીમાંથી જે કંઈ રોકડ મણિબહેન લાવ્યાં હશે તેના ઉપર દિવસો પસાર કરતાં કરતાં દૈવે જ્યોતિકિશોર છોકરાઓને કોઈ પ્લાસ્ટિક ફેક્ટરીમાં કે કશેક કામ અપાવ્યું. દોઢ-બે રૂપિયાની મજૂરી એમને મળતી હશે તેના પર કુટુંબ નિર્વાહ કરવા લાગ્યું. નસીબે વધારે યારી આપી અને, પ્રમોદકુમારને મસ્જિદ બંદર વિસ્તારમાંની એક શાળામાં સંગીત શિક્ષકની નોકરી મળી. ભગવાન વધારે તુષ્યમાન થયા અને મનોરમાને તથા પુષ્પાને એ શાળાના પ્રાથમિક વિભાગમાં શિક્ષિકા તરીકે કામ મળ્યું. 'આવાં સુખી કદીયે ન હતાં.' એમ તત્કાલ સૌને લાગ્યું.

દહિસરથી મસ્જિદ સુધીની લોકલગાડીની હડિયાપટ્ટી, મસ્જિદ બંદરેથી ઘર માટે માલની ખરીદી કરી એને ગાડીમાં ભેગો લઈ જવો, ઘર ચલાવવું. આ જવાબદારી ઓછી હોય તેમ મનોરમાએ ખાનગી વિદ્યાર્થી તરીકે મહિલા વિદ્યાપીઠનો અભ્યાસ આરંભ્યો. સ્નાતક થયાં. ચિત્રકલાનો શોખ એમને સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં લઈ ગયો. અને મનોરમાએ આર્ટ માસ્ટરની ઉપાધિ પ્રાપ્ત કરી. કલાગુરુ ધોંડનાં એ પ્રિય શિષ્યા હતાં. બૅંગલોરના કોઈ કલાપ્રદર્શનમાં રાસનું દોરેલું મનુબહેનનું ચિત્ર પ્રથમ પારિતોષિકને પ્રાપ્ત ઠર્યું હતું. ક્યૂબિસ્ટ શૈલીના એ ચિત્રમાં બધી સીધી રેખાઓ જ છે, એક પણ વક્રરેખા નથી. પારિતોષિક વિતરણ કરનાર જવાહરલાલ નેહરુ આ ચિત્ર જોઈ સ્તબ્ધ થયા હતા.

મનુબહેન શ્રીમતી ના.દા.ઠા. મહિલા વિદ્યાપીઠનાં સ્નાતિકા હતાં. આર્ટ માસ્ટર હતાં. પ્રાથમિક શાળામાંથી એ માધ્યમિક શાળાનાં શિક્ષિકા બની ચૂક્યાં હતાં. અને સર જે.જે. ગર્લ્સ સ્કૂલમાં ચિત્રકલાનાં શિક્ષિકા તરીકે ખંડ સમયની નોકરી લીધી હતી. કરાચી છોડવાની વાત, મુંબઈ સુધીનો પ્રવાસ, મુંબઈનાં સેનેટોરિયમોમાં દહિસરની અર્ધી ખોલીમાંથી ધીમે ધીમે મળેલી પૂરી બે ખોલી : આ કશાનો ઘસરકો એમની મધુર આકૃતિ પર કે મધુર સ્વભાવ પર પડ્યો ન હતો. એમનું સ્વાસ્થ્ય પણ સુધરી ગયું હતું. ગૃહસંચાલન અને જીવનસંચાલનની કલા તે એવી દાખવતાં કે, મનુબહેન મેનેજમેન્ટનાં વિશારદ છે એવું કોઈને લાગે. પણ...

પણ એમને યોગ્ય જીવનસાથી સાંપડ્યો ન હતો. આવી ભણેલી ગણેલી, કુશળ, રૂપાળી, કલાકાર અને પ્રસન્ન પ્રકૃત્તિની પુત્રી ત્રીસી-માં પ્રવેશની હતી છતાં, કુંવારી હતી એ મણિબાને ખટકતું હતું. મનોરમાને પરણવામાં ક્યાં વાંધો હતો? પરણવા માટે એમની પૂરી તૈયારી હતી. માત્ર બે શરતોનું પાલન થવું જોઈએ. શરત પહેલી - મૂરતિયો પોતાને ગોઠે તેવો હોવો જોઈએ. એ તો કદાચ મળી રહે. પણ બીજી શરત આકરી હતી - પોતાની નાની બહેન પુષ્પાનું પણ લગ્ન થવું જોઈએ. બે-અઢી વર્ષ નાનેરી પુષ્પા કેવળ સહોદરા, નાની બહેન જ ન હતી. બંને બહેનો એકમેકનાં સુખદુખની કાયમી સાથી હતી. આ બાજુ પુષ્પાને જુદા ઉધામા હતા. બેતાળીસના 'હિંદ છોડો' આંદોલનમાં જોડાઈ બાર વર્ષની પુષ્પા કરાચીમાં જેલની હવા ખાઈ આવી હતી. સોળ વર્ષની વયે સારા ગુણે મૅટ્રિક પાસ થયેલી પુષ્પાનું દાકતર થવાનું સ્વપ્ન, વિભાજન થતાં ધૂળમાં રોળાઈ ગયું હતું. લગ્નની વાત જ્યારે પણ નીકળે ત્યારે એનો એક જ જવાબ હતો : 'મારે પરણવું નથી.' એનું આ 'ઊંહું' ચીનની દીવાલના જેવું દુર્ભેદ્ય હતું.

સમય જતાં પુષ્પા માની ગઈ. મનુબહેનને સમજે તેવો પતિ મળી ગયો અને બંને ૧૯૬૨ના ડિસેમ્બરની ૨૨મી તારીખે, ઉત્તર ગોળાર્ધના નાનામાં નાના દિવસે, મોટું કામ કરી લગ્નગ્રંથિથી બંધાઈ ગયાં. મૂળ વલસાડ જિલ્લાના પલસાણા ગામના પણ, મુંબઈમાં વિલેપારલેમાં રહેતા અને ત્યાંની જ ગોકળીબાઈ હાઇ સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતા હકૂમતભાઈ નાયક દેસાઈ હોવા છતાં વાંકડો લેવામા માનતા ન હતા. નાના હતા ત્યારથી કુટુંબની જવાબદારી એમને શિરે આવેલી હતી. ૪૨ વર્ષે પણ એ કુંવારા હતા. કુંડળીઓ મેળવ્યા વગરનું એ લગ્ન વિધિએ અદ્ભુત બનાવ્યું. રામનવમીએ જન્મેલા હકૂમતભાઈને મનોરમાબહેન 'રામ' તરીકે સંબોધતાં અને પોતે એ 'રામ'ની 'રમા' બની ગયાં. ૧૯૫૧માં મુંબઈના સ્કાઉટોની ટુકડીના રખેવાળી તરીકે હકૂમતભાઈ જિનીવા ગયા હતા. બૉમ્બે સેકન્ડરી ટીચર્સ એસોસિએશનના સેક્રેટરી તરીકે સેવાઓ આપ્યા પછી તે એના પ્રમુખ વરાયા હતા. આ હેસિયતે દેશના જુદા જુદા ભાગમાં ભરાતી અખિલ ભારતીય શિક્ષણ પરિષદમાં પતિપત્ની સાથે જતાં. પોતે 'રામ' પરદેશ ફરે તો 'રમા'એ શા માટે પાછળ રહેવું જોઈએ? ૧૯૭૧માં કે ૧૯૭૨માં લાલાની યુરોપની ટૂરમાં મનોરમા પણ દોઢેક મહિનાનો ઈટલી, સ્વિટ્ઝલૅંડ, ફ્રાન્સ, ઈંગ્લંડનો પ્રવાસ કરી આવ્યાં.

મુંબઈની દોડધામ છોડીને મનોરમાબહેન જુહુ વિસ્તારમાં ખૂલેલી એક કન્યાશાળામાં નિરાંતથી ગોઠવાઈ ગયાં હતાં. પારલામાં દાદાભાઈ રોડ ઉપર, ગોકળીબાઈ સ્કૂલની સામે ભોંયતળિયે એક બ્લૉક એ દંપતીને ભાડે મળી ગયો હતો.

પ્રવાસશોખીન મનુબહેન અનેક વાર જામનગર આવ્યાં હતાં. એટલાં તો સુઘડ કે વરાળથી ચાલતાં એન્જિનના જમાનામાં એ મુંબઈથી જામનગરનો લગભગ વીસ કલાકનો પ્રવાસ કરી જામનગર ઊતર્યાં ત્યારે, હમણાં જ નાહીને બેઠાં હોય તેટલાં સુઘડ અને સ્વચ્છ હતાં.

મનુબહેનં નખશિખ સ્વચ્છ, સુઘડ અને સુંદર હતાં. એમનાં કપડાંની પસંદગીમાં એમની સૌન્દર્યદૃષ્ટિ ડોકાતી. એમને પોતાને ઘેરા રંગો ગમતા અને એમના ગોરા અંગે એ બધાં ઓપતાં પણ. એમનાં ચિત્રોમાં પણ રંગો ઘેરા રહેતા. બારીદરવાજાના પડદાઓ, પલંગપોશ, સોફાઢાંકણ, તમામમાં એમની કલાદૃષ્ટિનાં દર્શન થતાં. ચિનાઈ માટીનાં નાનાં નાજુક વાસણોમાં એ મનિપ્લાન્ટની ડાળ રાખતાં.

મનુબહેન નાયકનું લગ્નજીવન પાંત્રીસ વર્ષનું. એને બાળકો ન હતાં. પણ એની ખોટ એમને કદી જણાઈ નહીં. બીજાંના બાળકો પ્રત્યે એમનાં અંતરમાં તિરસ્કારનો ભાવ કદી જન્માવ્યો નહીં એટલું જ નહીં, આવાં કેટલાંય બાળકો તેમનાં સ્નેહભાજન બન્યાં. ૧૯૬૬થી૧૯૭૭ સુધીનાં અગિયાર વરસ અમે વિક્રોળી હતાં ત્યારે, દર પખવાડિયે એકમેકને મળતાં. ૧૯૭૧માં શિવસેનાએ મુંબઈમાં પહેલી વાર ત્રાસ વરતાવ્યો ત્યારે અમારી દીકરી ત્રણેક દિવસ એમને ત્યાં રહેલી હતી. ૭૭-૭૮નું એક વર્ષ એમને ત્યાં રહીને એણે અભ્યાસ કર્યો. અને ૧૯૮૩માં એ અમેરિકા ગઈ ત્યારથી એ જેટલી વાર આવી અને ગઈ તે તમામ વેળા મનુમાસી-નાયકમાસાનું ઘર જ એનું નિવાસસ્થાન હતું. વરદાના વિદેશગમને અમને તો ઠીક, મનુબેહનના હૈયાને હચમચાવી નાખ્યું હતું. મનુબહેન ખૂબ આર્દ્ર હૈયાનાં હતાં.

પ્રમોદભાઈની દીકરી કાર્તિકી પણ એમને ત્યાં ઠીકઠીક વખત રહેલી. મનુબહેનની માફક એ પણ કલાકારીગરીમાં કુશળ. નાયકની ભાણી મનીષા પણ એમને ત્યાં એક વર્ષ રહી ગયેલી. આ રીતે એમની વાત્સલ્યની સરવાણી અખંડ વહેતી રહેતી.

૧૯૮૫માં એ નિવૃત્ત થયાં. વિલેપારલે પૂર્વમાં સામાજિક સેવા આપતી સંસ્થા અખિલ હિંદ મહિલા પરિષદનાં તેઓ સક્રિય સભ્ય બન્યાં. બીજાં સભ્યોની જોડે તેમણે એનાં અખિલ ભારતીય સંમેલનોમાં પણ બે વાર હાજરી આપી. પારલાની શાખામાં એ રોજ જતાં અને ત્યાં, વહીવટી કામ ઉપરાંત, ત્યાં આવતી બહેનોને એ કઈં ને કંઈ કારીગરી શીખવતાં. શાળામાં બાળકોને ભણાવતી વખતે હતાં તેટલાં જ આનંદી અને પ્રફુલ્લ એ હતાં. ખિલખિલાટ હાસ્ય જાણે એમનો ટ્રેડ માર્ક હતો!

અચાનક એમને ઘૂંટણના સાંધા દુઃખવા શરૂ થયા. માલિશ જેવા ઘરગથ્થુ ઉપચારથી કશો ફેર નહીં જણાતાં દાકતર ભાણેજ ઉષાને અને એના પતિ ડૉ. જિતેન્દ્રકુમારને બતાવ્યું.

'માસીબા,આ તો ઉમરની અસર. મારી બાને તો કેટલું છે? આ દવા લો. ચાલવાનું તો રાખજો જ.' દાકતર દંપતીએ કહ્યું.

માસીબાએ ચાલવાનું રાખ્યું જ પણ, એ ચાલ ધીમી પડી અને જરા ટેડી થઈ ગઈ. 'માસીબા'નું દર્દ વાયુવેગથી એમના દેહમાં દોડી રહ્યું હતું.

બહાર જવાનું ધીમે ધીમે કરતાં સદંતર બંધ કરી દેવું પડ્યું. શ્રમ

અને પીડા ખૂબ વધી જતાં, રૂમઝૂમતી પૂતળીની માફક ઘરમાં ઘૂમવાનું પણ મર્યાદિત થઈ ગયું. પાંચસાત મિનિટથી વધારે ઊભા રહેવામાં શ્રમ પડવા લાગતાં, રસોઈ માટે સહાયિકા રાખવી પડી. ગોઠણ વાળી નહીં શકાતાં, જાજરુમાં ફેરફાર કરાવવો પડ્યો. નહાવા માટે પાટલો કાઢી સ્ટૂલ વસાવવવું પડ્યું. હવે ઘરમાં ગૃહસ્થ અને ગૃહિણીના પાઠ બદલાઈ ગયા. અત્યાર સુધી શિક્ષકવિશ્વના પ્રશ્નો સંમેલનો સભાઓ અંગે મહારાષ્ટ્રને અને દેશને ખૂણે ખૂણે દોડાદોડી કરનાર હકૂમત નાયક સાચા અર્થમાં ગૃહસ્થ બની ગયા અને ગૃહમાં પૂરા સ્થિત થઈ ગયા. સિત્તેર વર્ષની વયે પણ એમની સેવાવૃત્તિની આકરીમાં આકરી તાવણી ઘરમાં થતી હતી. નાયક એમાંથી પૂરા પાર ઊતર્યા છે.

દવાઓ બદલાતી જતી હતી, ઉપચારપદ્ધતિ બદલાતી જતી હતી, નિષ્ણાતો બદલાતા જતા હતા. પણ કોઈની કારી મનુબહેનના દર્દ ર્‌હ્યુમેટૉઈડ આર્થ્રાઈટીસ સામે ફાવી નહીં. દર્દ વધતું ગયું. દોઢબે વરસથી કફનો ત્રાસ વધતો ગયો. ઘરમાં વારંવાર આવતી ખાંસીને લઈને ટેલિફોન ઉપર પણ બોલવાનું ઓછું કરી નાખ્યું. આવી, કાચી માટીની હાંડલી જેવી, તબિયત હતી છતાંય, મનુબહેનના ચહેરા પરની પ્રસન્નતા જરાય અદૃશ્ય થઈ ન હતી. અને કદીએ કોઈને પોતાની પીડાની વાત કરી નથી. પ્રસન્ન હાસ્યથી અંકિત મુખ, થોડાંક ઊંચા અવાજે વાતચીત અને હાસ્યની છોળ આ મનુબેહનની લાક્ષણિકતા એમનાથી જરીય અળગી ન થઈ. કહો કે એ એમની બીજી પ્રવૃત્તિ જ હતી.

ચિ. ઉષાના પુત્રો કેયૂર અને દ્વિજ સાથે માસીબાને ગાઢ દોસ્તી. અણસમજુ હતા ત્યારે ઘણી વાર માસીબાને ઘેર જઈ, 'માસીબા , તમારી દાળ ખાવી છે', કહી માસીબાનું દાળનું તપેલું સાફ કરી લાવે અને માસીબા પોતાને બંનેને માટે ફરી દાળભાત રાંધે.

અંગેઅંગમાં પીડા છતાં, સોફા પર સરસ સાડીમાં સુસજ્જ મનુબહેનને હસતાં-હસાવતાં સાંભળીને નવા આગંતુકને એમની શારીરિક દશાની કલ્પના પણ આવી શકે નહીં.

વર્ષોથી એ ડાયરી લખતાં. દિવસની કોઈ મુખ્ય ઘટના કે હકીકતનો ઉલ્લેખ હોય, 'આજે સાંજે જ્યોતિબહેન આવ્યાં હતાં.', 'પુષ્પા-દુષ્યન્તભાઈના વિઝા મળી ગયા.', 'નાયક બૅંકેથી પૈસા લઈ આવ્યા' વગેરે. આવી નોંધો છે, પ઼ા એક પણ નોંધમાં પોતાને ઠીક નથી તેવો ઉલ્લેખ નથી. એ ઉલ્લેખ પચીસ વરસની ડાયરીમાં એક જ પાને છે : ૧૯૯૯ ના ૩૧મી માર્ચને પાને.

'૯૬ના ડિસેમ્બરમાં એમને જુહુ પર આવેલી ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. હાંફી જતાં. ખૂબ ખાંસતાં. ઇંટેન્સિ કેર યૂનિટમાં ત્રણેક દિવસ રહ્યાં બાદ સ્પેશિયલ રૂમમાં ચારપાંચ દહાડા એમને રહેવું પડ્યું હતું. ડાયરીમાં આ બધી નોંધ છે જ પણ, પોતાને ઠીક નથી તેવો ઉલ્લેખ નથી.

એ ઘેર આવ્યાં પછી નાયકનું લોહીનું દબાણ અતિશય વધી ગયું. એનું હૃદય થોડી ક્ષણ માટે ધબકતું બંધ પડી ગયું. દાક્તરે મસાજ કરી એ ફરી ધબકતું કર્યું. પુષ્પા ને હું તત્કાલ ન જઈ શક્યાં પણ માર્ચની છઠ્ઠી તારીખે અમે ગયાં. નાયક લગભગ નૉર્મલ થઈ ગયા હતા. પણ મનુબહેનની બેઠકની બાજુમાં જ ઑક્સિજનનો બાટલો રહેતો. દિવસમાં બેત્રણ વાર એનો ઉપયોગ કરવો પડતો. અમે સાથે ટેકસીમાં માટુંગા, વાંદરા અને ખાર ગયાં. ખાર રામકૃષ્ણ આશ્રમ પાસે ગયાં. શ્રી રામકૃષ્ણની ૧૬૦મી જયંતીનો ઉત્સવ. મનુબહેને ગાડીમાં બેસીને જ દર્શન કર્યાં. ત્યાંથી સાંત્તાક્રૂઝ, નાણાવટી હૉસ્પિટલ, હેઠળનું ઍરોડ્રોમ એ ઍરોડ્રોમની પાસે વિલેપારલે સેવા સમાજની વ્યવસ્થા હેઠળનું વિલેપારલેનું સ્મશાન આવ્યું. નાયક વર્ષોથી એ સેવાસમાજના માનદ્ મંત્રી. સહકારથી અને નાયકની કાર્યનિષ્ઠાથી એ સેવાસમાજ દવાખાનાં તથ સ્મશાનનું સંચાલન કરે છે. સ્મશાન સ્વચ્છ અને સુઘડ ચારસોએક માણસો બેસી શકે તેટલા બાંકડા બગીચો અનેક વિભૂતિઓની પ્રતિમાઓ. અને મહાદેવની એક નાની દેરી પણ. લાકડાં માટે કોઈએ કશું આપવાનું નહીં. મનુબહેન આગ્રહ કરી અમને એ સ્મશાન જોવા લઈ ગયાં. શા માટે તેમણે એવું કર્યું હશે?દસમી માર્ચની એ સાંજ હતી.

૩૧મી માર્ચની રાતે સાડાદસે ફોન આવ્યો કે એમને પાછાં હૉસ્પિટલમાં આઈ.સી. યૂનિટમાં દાખલ કર્યાં છે. એપ્રિલની ૧લી તારીખે વહેલી સવારે ડૉ. ઉષાનોજફોન આવ્યો : 'મનુમાસી સીરિયસ છે. ગમે ત્યારે કોલેપ્સ થઈ જાય. પુષ્પામાસીને તરત રવાના કરો. બપોરે બે વાગ્યે સાન્તાક્રૂઝ વિમાનગૃહની બહાર નીકળ્યાં. અમારા પ્રવાસની ખબર આપી હતી એટલે ઉષા સામે જ ગાડી લઈને ઊભી હતી. અમને સીધા હૉસ્પિટલે લઈ જતાં પાછળની સીટે માસીને ખભે માથું મૂકી રુદન કરતાં કરતાં એણે વિગતે બધી હકીકત કહી.

અમે ક્ષુબ્ધ ચિત્તે હૉસ્પિટલમાં આવેલા આઈ.સી. યૂનિટમાં ગયાં. મનુબહેનના મોંમાં પણ કંઈ નળી ગોઠવેલી હતી એટલે એ બોલી શકતાં ન હતાં. મારી સામે આંખો ખોલી , આંખોથી મારા આગમનની નોંધ લીધી. પુષ્પાના આગમનની નોંધ પણ એ રીતે લીધી. પુષ્પા ત્યાં જ રોકાઈ. મનુબહેનના માથા પર અને શરીરે હાથ ફેરવતી રહી અને એ સ્પર્શ દ્વારા બંને બહેનોએ હૃદય ખોલી એકમેકની સાથે એકમેકના હૃદયમાં પોતાનાં હૃદયને ઠાલવ્યાં હશે.

૨૯મી માર્ચે કોઈ મંડળ તરફથી સ્મશાનને સ્ટેનલેસ સ્ટીલની બે ફોલ્ડિંગ નનામી ભેટ મળી. એ અંગેનો કાર્યક્રમ સાંજે પતાવી નાયક અને મહાદેવ ઘેર આવ્યા ત્યારે નનામીના ઉદ્ઘાટનની વાત નીકળી. પ્રસન્ન ચિત્તે, હસતાં હસતાં, મનુબહેન કહે : 'એનું ઉદ્ઘાટન હું કરીશ.' અને તા. ૧લી એપ્રિલે રાતે નવ વાગ્યે એમણે પોતાની જીવનયાત્રા પૂરી કરી. બીજી તારીખે સવારે સાત વાગ્યે એ સ્ટેનલેસ સ્ટીલની નનામીનું ઉદ્ઘાટન મનુબહેને જ કરી પોતાના વચનને સત્ય કરી બતાવ્યું.

સહનશીલતાની એ મૂર્તિને મૃત્યુદ્વાર ખટખટાવતું દેખાયું ત્યારે જ એમણે ડાયરીમાં લખ્યું :

'આજ મને ઠીક નથી.' અને નનામીના ઉદ્ઘાટનનું વચન પાળી બતાવ્યું! □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૯)



— જયન્તીલાલ મહેતા

૧૯૩૦ થી ૧૯૪૦ દરમિયાન મુનશીનું સક્રિય રાજકારણ, જેલવાસ અને જેલવાસ દરમિયાન સ્વાધ્યાય-ચિંતનમાંથી પ્રકટેલા કેટલાક સર્જનાત્મક ગ્રંથોની પ્રસાદી માણી જેલબહારના વાસ દરમ્યાન તેમની સક્રિય સાહિત્યિક પ્રવૃત્તિમાં મુખ્યત્વે તો હતાં ગુજરાતી સાહિત્ય સંસદનું સંચાલન અને તેનાં સંમેલનોમાં આપેલાં પ્રવચનો ઉર્ફે આદિવચનો.

૧૯૩૧માં હજુ મુનશીએ અલગથી સ્થાપેલી સાહિત્ય સંસદ ચાલતી હતી ત્યારે મુનશી (આદિવચનનો ભા-૨ મુજબ) ઉચ્ચરે છે : '...સંસદની પ્રવૃત્તિ પાછી નવે અવતારે શરૂ થાય છે. ભાઈ અમૃતલાલ શેઠ (સોરઠના સિંહ અને 'ફૂલછાબ'ના સંસ્થાપક, 'જન્મભૂમિ'ના પ્રણેતા)ના સહકારથી 'ગુજરાત' નવેસરથી શરૂ થાય છે... સંસદે સાહિત્ય પરિષદને મજબૂત અને સ્થાયી સ્વરૂપ આપવાનો મોટો પ્રયત્ન કર્યો... પરિષદમાં જો ભાવનાનું તત્ત્વ વધતા પ્રમાણમાં હોત તો એ કાર્ય વધારે સફળ થાત... પરિષદનું નવું બંધારણ તૈયાર છે... પરિષદમાં કાર્ય માત્ર વિરોધ જીતવા પૂરતું જ હોય તો એ કામ છોડી આપણે બીજે કામે વળગી શકીએ...'

૧૯૩૨ ને ૧૯૩૩માં મુનશી જેલમાં છે. એટલે ૧૯૩૪માં પાછા અધ્યક્ષસ્થાનેથી આદિવચન ઉચ્ચારે છે : '....અત્યાર સુધી સંસદ એક સંયુક્ત કુટુંબ જેવી હતી. આજે તેને વિશાળ કરવામાં આવી છે... ગયા વરસથી ભાઈ વિજયરાયે (વિજયરાય કલ્યાણરાય વૈદ્ય તંત્રી-વિવેચક) 'કૌમુદી'ને સંસદનું મુખપત્ર બનાવવાનું સ્વીકાર્યું છે. ('ગુજરાત' બંધ પડી ગયું હતું) 'કૌમુદી' 'ગુજરાત'નું સ્થાન લે અને આપણા બધાની સહાયથી સંસદનો આદર્શ મૂર્તિમાન કરે એ જ મારા અંતરની ઇચ્છા છે.

૧૯૩૫માં સાહિત્ય સંસદના અધિવેશન પ્રસંગે આપેલ આદિવચનનું શીર્ષક છે : 'ગુજરાત જૂનું ને નવું.' ગુજરાત, તેનો ઇતિહાસ, પ્રજા, સંસ્કૃતિ, વિકાસ, સમૃદ્ધિ - આ બધાં મુનશીની રગેરગમાં વણાયેલાં હતાં. એટલે ભાતભાતની વિચારણાથી જાતજાતનાં દૃષ્ટિબિંદુઓથી તે બધી બાબતોની વિચારણા મુનશીના શ્વાસોચ્છ્વાસમાં સતત ધબકતી રહેતી.



વિજયરાય વૈદ્ય



અમૃતલાલ શેઠ

મુનશી લખે છે : '...કેટલાક મૂળભુત પ્રશ્નો સામ આવી ખડા થાય છે : (૧) ગુજરાતની એક સાંસ્કારિક વ્યક્તિ તરીકે અત્યારે શી ભૂમિકા છે ? (૨) અત્યારે એનો વિકાસ કયાં રચનાત્મક બળો પર અવલંબે છે ? (૩) કઈ દિશામાં એ વિકાસની રેખાઓ વિસ્તરે છે ?...'

૧૯૪૦માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અમદાવાદ) - (જે હવે ગુજરાત વિદ્યાસભાને નામે ઓળખાય છે)ની વાર્ષિક સભા સમક્ષ વ્યાખ્યાન આપવા માટે મુનશીએ તેમનો પ્રિય વિષય ઇતિહાસ લીધો અને શીર્ષક આપ્યું : 'હિન્દનું ઇતિહાસ સાહિત્ય - એક દૃષ્ટિ'. તેમાં એક બહાદૂર વિચારકની જેમ બોલે છે :

'...હિન્દના 'ઇતિહાસો' જોઈએ તેટલા છે. તેના ખાસ વિષયો પર પુષ્કળ પુસ્તકો છે. ઘણુંખરું એ સાહિત્ય પરદેશીની દૃષ્ટિએ લખાયું છે. હિન્દની દૃષ્ટિએ હિન્દનો સળંગ ઇતિહાસ હજુ લખવાનો રહ્યો છે. જો કે એનો સમય તો કયારનો આવી ચૂક્યો છે. હિન્દનો આત્મા જે ઓળખતો હોય તે જ એ ઇતિહાસ આલેખી શકે... દેશ એટલે ભૌગોલિક સીમાઓમાં રહેલો વિસ્તાર ને તે ઉપરાંત બીજું ઘણું; એ 'બીજું ઘણું' શું તેનો નિર્ણય દરેક ઇતિહાસકારે પોતે કરવો રહ્યો... ઇતિહાસ એ રાજાઓ અને વિજેતાઓના પરાક્રમોની કથા નથી... લોકજીવનની સળંગ કથા તે ઇતિહાસ... ઇતિહાસ તો દેશના લોકોનો , એટલે કે લોકસમૂહની એકતાના સર્જનાર ને સમૃદ્ધ કરનાર વિચારો, આદર્શોને સંસ્કારનો... હિન્દનો આવો ઇતિહાસ હજુ લખવાનો છે...'

મુનશીની આવી ઇતિહાસદૃષ્ટિ દુર્ભાગ્યે હજુ નેહરુવાદની ચુંગાલમાં ફસાયેલા આપણી યુનિવર્સિટીઓના ઇતિહાસકારોને સૂઝી નથી. પરંતુ...

મુનશી એકલવીર મરજીવા અને મહાન યોજક હતા. એટલે ગુજરાત પૂરતો તો આવો સર્વાંગીણ ઇતિહાસ તૈયાર કર્યો અને કરાવ્યો. અલબત્ત, આ ભગીરથ કાર્ય પાર પાડતાં પૂરો દસકો વીતી ગયો. એટલે ૧૯૫૨માં જ્યારે 'ગુજરાતની કીર્તિગાથા'ની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ત્યારે તેના આમુખમાં



ડૉ. હસમુખ સાંકળિયા

તેમણે લખ્યું : '... ગુજરાતી સાહિત્ય પરિષદે ઈ.સ. ૧૯૪૨ના દ્વિવાર્ષિક સંમેલનમાં મૂળરાજ સોલંકીની સહસ્રાબ્દી ઊજવવાનું નક્કી કર્યું તેના અનુસંધાનમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે સારી રીતે સંકળાયેલા ભારતીય વિદ્યા ભવને ગુજરાતના ચાલુક્યોનો ઈતિહાસ અંગ્રેજીમાં તૈયાર કરાવવો ને પરિષદે તેને ગુજરાતીમાં પ્રકટ કરવો. મેં આ કામ માથે લીધું. મારે માટે તો એ બહુ જ મનગમતું હતું. ઈ.સ. ૧૯૨૨માં સાહિત્યસર્જનનો જે કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો. ત્યારથી **'ગુજરાત અને તેના સાહિત્ય'** જોડે જ ગુજરાતનો ઈતિહાસ નિત્ય મારી સન્મુખ તરવરતો હતો...'

૩૦૦ પૃષ્ઠોનો આ ઈતિહાસ આમ તો આખેઆખો આજેય સહુએ વાંચવા જેવો અને વિદ્યાર્થીઓને ભણાવવા જેવો છે. કારણ તેની સંરચના અતિ વૈજ્ઞાનિક છે. અને લખાણ ખૂબ જ સટિક અને સ-રસ છે. પ્રકરણ પહેલામાં પ્રો.ડી.એન.વાડિયા એ ગુજરાતની ભૂમિનો આધુનિક ભૂસ્તરશાસ્ત્રની અન્વેષક દૃષ્ટિએ અભ્યાસ કરતાં ગુજરાતનો સપાટ પ્રદેશ, નૈઋત્યનો ડુંગરાળ પ્રદેશ, પૂર્વના ડુંગરાળ પ્રદેશનો પૃષ્ઠભાગ, કચ્છ અને કાઠિયાવાડના પાષાણપડોનો લાખ્ખો વરસોની ઊથલપાથલ, ચડઊતર, બંધારણ વગેરેની અત્યંત લાઘવપૂર્ણ ભાષામાં તેની સમગ્ર ભૂસ્તરરચના સમજાવી છે અને પશ્ચિમના વિદ્વાનોએ પૃથ્વીની ભૂસ્તરરચના જે લાખ્ખો-કરોડો વર્ષના ઈતિહાસના કાળખંડો પાડ્યા છે તેના અનુસંધાનમાં ગુજરાતની ભૂસ્તરરચના પણ આ કાળખંડોમાં કેમ રચાતી, વિખરાતી, બદલાતી, પુનઃ રચાતી રહી તેનો આલેખ આપ્યો છે.

પ્રકરણ બીજામાં વિખ્યાત પુરાતત્ત્વવિદ્ ડૉ. હસમુખ સાંકળિયા (જેમને કલકત્તા પરિષદનાં ૧૯૬૧ના અધિવેશન વખતે ઈતિહાસ વિભાગના પ્રમુખપદે નોતર્યા હતા) તેમણે પ્રાગૈતિહાસિક ગુજરાતનો આલેખ આપતાં ૩૫ પૃષ્ઠોમાં ગુજરાતના આદિમાનવનાં જીવન, પ્રવૃત્તિઓ, હથિયારો, ઓજારોની શોધો અને ઉપયોગોની વાતની માંડણી કરી તે પછીના માનવસંસ્કૃતિના લઘુપાષાણયુગ, લોહયુગ, આદ્ય શહેરી સંસ્કૃતિ, અમદાવાદ જિલ્લામાં આવેલ લોથલ બંદરની સંસ્કૃતિનો વિકાસ અને પછી પ્રભાસ-સોમનાથની યાદવ સંસ્કૃતિનો અત્યંત રસિક ટૂંકો ઈતિહાસ દાખલા, દલીલો, સિદ્ધાંતોને આધારે રજૂ કર્યો છે.

ત્રીજા પ્રકરણમાં બીજા વિદ્વાન લેખક ધનપ્રસાદ મુનશીએ ગુજરાતના પ્રાચીન વિભાગો - અપરાન્ત, આનર્ત, સૌરાષ્ટ્ર લાટ-નાં નામો કેમ પડ્યાં, ત્યાંનાં લોકો શું બોલતાં, વર્તા તેનું વિહંગાવલોકન કરાવ્યું છે.

પરંતુ સૌથી રસિક વાચન તો તે પછીનાં પ્રકરણો અને ખંડો જે મુનશીએ પોતે તૈયાર કર્યા છે તેમાંથી સાંપડે છે. પ્રાચીન આર્યોની શાખાઓનો અધિકૃત ઈતિહાસ આલેખતાં મુનશી કહે છે : '... વૈદિક આર્યો પરદેશી હતા, અને સપ્તસિંધુમાં તેઓ પાછળથી ઊતરી આવ્યા. એવી માન્યતા સાધારણ રીતે પ્રચલિત છે, તેમ છતાં પરંપરાએ સાચવી રાખેલાં ઐતિહાસિક સાધનોમાંથી એક પણ એવું પ્રમાણ મળતું તેવી જે એમને પરદેશી ઠરાવી શકે. આર્યોના પરદેશીપણા વિષે એક પણ સંસ્કૃત ગ્રંથમાં, પ્રાચીનતમ ગ્રંથોમાં પણ, ક્યાંય સ્પષ્ટ અથવા ગર્ભિત ઈશારો સરખો મળતો નથી... મોહેં-જો-દડો અને હરાપ્પામાંથી જે સંસ્કૃતિ મળી આવી છે તે સુમેરના કરતાં અધિક પ્રાચીન છે અને તેનો અવાન્તરકાળ ઈ.સ. પૂર્વે ૨૭૫૦ થી ઈ.સ. પૂર્વે ૩૨૫૦ સુધીનો નક્કી થયો છે... આમ, સિંધુ સંસ્કૃતિના નામથી ઓળખાતી આ સંસ્કૃતિ માત્ર સિંધુ પ્રદેશમાં જ પુરાઈ રહી નહોતી. સિંધ, કાઠિયાવાડ ને નર્મદા-તાપીના પ્રદેશો પર્યંત આ સંસ્કૃતિ વિસ્તરી હતી તેનાં સ્પષ્ટ પ્રમાણો મળી આવે છે. વૈદિક આર્યો, જેમની સ્મૃતિ ઋગ્વેદમાં સચવાયેલી છે તેમને સુમેરિયનો જોડે સીધો સંબંધ હતો...' અને પછી પાનાપાને સેંકડો ગ્રંથો - વૈદિક આદિ સંસ્કૃત, પાણિનીનું શુદ્ધ સંસ્કૃત, પાલી, અર્ધમાગધી, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન સંશોધકોના પુસ્તકોનો આકંઠ અભ્યાસ કરી મુનશીએ પોતાનાં આ વિધાનો કેટલાં અધિકૃત અને અકાટ્ય હતાં તે પુરવાર કરી બતાવ્યું છે.

અને ત્રીજા વિભાગમાં ડૉ. એ.ડી. પુસાલકર આ ઈતિહાસની સૌથી યાદગાર અને અગત્યની જાતિ યાદવો વિષે ત્રણ પ્રકરણોમાં શ્રીકૃષ્ણની ૬૦ પેઢીના પૂર્વજોની વંશાવલિ અને શ્રીકૃષ્ણની ઐતિહાસિકતા સિદ્ધ કરે છે. અન્તમાં મહાભારત યુદ્ધ પછીના - શ્રીકૃષ્ણના વંશજો અને અન્ય યાદવોની વંશાવલિ આપી વાચકને ઠેઠ ઈસ્વી સનની ચૌદમી સદી સુધીનો સિલસિલાબંધ ચિતાર આપે છે. તેમાં મજાની વાત એ જડે છે કે શ્રીકૃષ્ણ પછી તેમના જ નામધારી ઘણા 'કૃષ્ણો' આ અખંડ યાદવકુળમાં થઈ ગયા છે. આ યાદવરાજાઓના રાજ્યવિસ્તારો દિલ્હીથી દૌલતાબાદ સુધી વિસ્તર્યા હતા.

આમ, મુનશી વિવિધ ક્ષેત્રોના વિદ્વાનોની પાછળ પડી તેમની પાસે આવા અભ્યાસનિષ્ઠ વિભાગો લખાવે છે. તેમાં તેમની ઈતિહાસ પ્રત્યેની નિષ્ઠા તો પ્રતીત થાય છે જ તદુપરાંત છેલ્લાં પ્રકરણો વાંચતાં આપણને લાગે છે કે મુનશીની કૃષ્ણપ્રીતિ પણ આમાંથી દૃઢતા પામે છે, જેનાં મીઠાં ફળ વરસો પછી 'કૃષ્ણાવતાર' નામની તેમની એક આધ્યાત્મિક મહાનવલના ૮ ભાગનાં હજારો પાનામાં સાંપડે છે. (ક્રમશઃ)



યુરોપના સંઘરાજ્યની દિશામાં મહત્ત્વનું કદમ

યુરો

— પ્રા. રમેશ બી. શાહ —

યુરોપીય સંઘ તરીકે ઓળખાતા પશ્ચિમ યુરોપના પંદરમાંથી અગિયાર દેશોએ તેમના માટે ઈસુના આ નવા વર્ષના પ્રારંભથી યુરો નામના સમાન ચલણનો સ્વીકાર કરીને એક ઐતિહાસિક પગલું ભર્યું છે. યુરોપીય સંઘના ઑસ્ટ્રિઆ, બેલ્જિયમ, ફિનલૅન્ડ, ફ્રાંસ, જર્મની, આયર્લૅન્ડ, ઈટલી, લક્ઝમ્બર્ગ, નેધરલૅન્ડ્ઝ, પોર્ટ્યુગલ અને સ્પેઈન સમાન ચલણની યોજનામાં સામેલ થયા છે. ડેન્માર્ક, ઈંગ્લંન્ડ અને સ્વીડન તેમાં જોડાયા નથી, જ્યારે ગ્રીસે સમાન ચલણની યોજનામાં જોડાવા માટેની શરતો સંતોષી ન હોવાથી તેને પ્રવેશ આપવામાં આવ્યો નથી. શાસ્ત્રીય પરિભાષામાં અગિયાર દેશોનો આ સમુદાય આર્થિક અને નાણાકીય સંઘ તરીકે ઓળખાય છે. ચારેક દસકા પહેલાં પશ્ચિમ યુરોપના કેટલાક દેશોએ આર્થિક એકીકરણ (economic integration)ની જે પ્રક્રિયાનો પ્રારંભ કર્યો હતો તે ઉક્ત અગિયાર દેશોની બાબતમાં તેની ચરમ કક્ષાએ પહોંચી છે, જો કે પ્રસ્તુત પ્રક્રિયાનો પ્રારંભ એક મહત્ત્વાકાંક્ષી સ્વપ્નને સાકાર કરવાની ખેવનામાંથી થયો છે.

વીસમી સદીના પૂર્વાર્ધમાં યુરોપની ધરતી પર બે મોટાં યુદ્ધો લડાયાં. તેમાં યુરોપના નાના-મોટા ઘણા દેશોને વત્તાઓછા પ્રમાણમાં ખુવારી વેઠવી પડી, પરંતુ ફ્રાંસ અને જર્મની વધુ પ્રમાણમાં તારાજ થયાં હતાં. વૈમનસ્ય અને યુદ્ધોથી ભરેલા ઈતિહાસમાંથી ફ્રાંસ, જર્મની આદિ યુરોપના રાજનીતિજ્ઞોએ બોધપાઠ લીધો. બીજા વિશ્વયુદ્ધ પછી, યુદ્ધને કાયમ માટે ટાળવાના અંતિમ લક્ષ્ય સાથે, ફ્રાંસના એક રાજનીતિજ્ઞ ઝાં મોને(Jean Mounet)એ સંયુક્ત યુરોપ માટેની એક યોજના મૂકી. 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓવ્ અમેરિકા'ની જેમ 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓવ્ યુરોપ' રચવાની તેમાં આકાંક્ષા સેવવામાં આવી હતી. ફ્રાંસના વિદેશપ્રધાન રોબેર શુમાં (Robert Schuman)એ તે દિશાના પ્રથમ પગલારૂપે કોલસા અને પોલાદના ઉદ્યોગ માટે એક દરખાસ્ત મૂકી. તેનો ઉદ્દેશ યુરોપના કોલસા અને લોખંડ-પોલાદના ઉદ્યોગનો એક એકમ તરીકે વિચાર કરવાનો હતી. 'શુંમાં-પ્લાને' ૧૯૫૨માં 'પારિ-ટ્રીટિ' (Paris Treaty) તરીકે નક્કર સ્વરૂપ ધારણ કર્યું. તેમાં ફ્રાન્સ, ઈટલી, પશ્ચિમ જર્મની, નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ અને લક્સમ્બર્ગ સામેલ થયા હતા. તે કરારને પરિણામે એ દેશો વચ્ચે કોલસા અને પોલાદનું સહિયારું બજાર અસ્તિત્વમાં આવ્યું. એનો અર્થ સ્પ ષ્ટ કરીએ. સહિયારા બજારની રચનાને પરિણામે એ છ દેશો કોલસા અને લોખંડ-પોલાદની પરસ્પરની આયાતનિકાસ પર કોઈ જકાત કે અન્ય નિયંત્રણો લાદી શકે નહિ. તેની સાથે એ દેશોએ અન્ય દેશોમાંથી થતી કોલસા અને લોખંડપોલાદની આયાતો પર સમાન દરે આયાતજકાત નાખવાનું સ્વીકાર્યું. આ લક્ષ્ય ૧૯૫૮ સુધીમાં ક્રમશઃ પાર પાડવામાં આવ્યું હતું.

સંયુક્ત યુંરોપની દિશામાં બીજું મોટું અને મહત્ત્વનું પગલું ૧૯૫૭ના માર્ચ મહિનામાં ભરવામાં આવ્યું. એ પગલા દ્વારા યુરોપના આર્થિક સમુદાય (European Economic Community) કે સહિયારા બજાર (Common Market) ની રચના કરવામાં આવી. તેમાં ઉપર્યુક્ત છ દેશો સામેલ થયા હતા. તેનો ઉદ્દેશ સંપૂર્ણ સ્વરૂપના જકાતમંડળની રચના કરવાનો હતો, એટલે કે સભ્ય દેશો વચ્ચે ચીજવસ્તુઓ, સેવાઓ, શ્રમ તથા મૂડીની હેરફેર સામેના તમામ અવરોધો દૂર કરવાનો હતો. તેની સાથે બહારના દેશોમાંથી થતી આયાતો પર સમાન દરે આયાતજકાત નાખવાનું પણ તેમાં અભિપ્રેત હતું. એ પ્રક્રિયા તબક્કાવાર આગળ વધી અને ૧૯૬૮માં પૂરી થઈ. યુરોપના આર્થિક સમુદાયમાં સમાયેલા દેશોએ તેમની અન્ય કેટલીક આર્થિક નીતિઓનો સમન્વય કરવાનું પણ સ્વીકાર્યું. દા.ત. તેમણે સમાન કૃષિનીતિનો સ્વીકાર કર્યો, જેમાં બહારના દેશોમાંથી થતી કૃષિપેદાશોની આયાતો પર સમાન અયાતજકાતની સાથે આંતરિક રીતે ખેતીને અપાતી સબસિડીમાં સમાનતાનો સમાવેશ થતો હતો. અહીં ખેતપેદાશોમાં ડેરીપેદાશો, ઈંડાં ઈત્યાદિનો સમાવેશ થઈ જાય છે.

યુરોપના સહિયારા બજારને ભારે સફળતા સાંપડી. તેની સ્થાપનાના દસકાને અંતે સભ્ય-દેશોનો પરસ્પરનો વેપાર ચાર ગણો થયો. એ દેશોનો આર્થિક વિકાસ, જાપાન સિવાયના અન્ય ઔદ્યોગિક દેશોની તુલનામાં, વધુ ઝડપથી થયો. આ સફળતાથી પ્રેરાઈને પશ્ચિમ યુરોપના અન્ય દેશો પણ તેમાં સામેલ થવા પ્રેરાયા. ઈંગ્લન્ડ, ડેન્માર્ક તથા આયર્લૅન્ડ ૧૯૭૩માં સહિયારા બજારમાં સામેલ થયા, ગ્રીસ ૧૯૮૧માં પ્રવેશ્યું, ૧૯૮૬માં પોર્ટ્યુગલ અને સ્પેઈન જોડાયાં અને છેલ્લે ૧૯૯૫માં ઑસ્ટ્રિઆ, ફિનલૅન્ડ તથા સ્વીડન યુરોપીય સમુદાયના સભ્યો બન્યા. આમ, સંયુક્ત યુરોપની રચનામાં પશ્ચિમ યુરોપના

મોટા ભાગના દેશો જોડાઈ ગયા છે. આગામી સદીના આરંભ સાથે મધ્ય અને પૂર્વ યુરોપના કેટલાક દેશોને યુરોપીય સંઘમાં પ્રવેશ આપવાની તૈયારીઓ ચાલી રહી છે.

આજે પશ્ચિમ યુરોપના ઉક્ત દેશોએ નાણાકીય એકીકરણની દિશામાં જે ઐતિહાસિક પગલું ભર્યું છે તેનો પ્રારંભ માર્ચ, ૧૯૭૯માં થયો હતો. એ વર્ષે યુરોપીય નાણાકીય પ્રથા (European Monetary System) રચવામાં આવી હતી. દુનિયામાં હૂંડિયામણના દરોની સ્થિરતાને જાળવી રાખતી આંતરરાષ્ટ્રિય નાણાભંડોળની પ્રથા ૧૯૭૧માં તૂટી પડી હતી. તેની જગાએ વિવિધ દેશોએ હૂંડિયામણના દરની તેમને અનુકૂળ પ્રથા અપનાવી હતી. તેના પરિણામરૂપે દુનિયામાં એકંદરે હૂંડિયામણના મુક્ત દરની, એટલે કે અમુક અંશે બજાર દ્વારા નક્કી થતાં હૂંડિયામણના દરની પ્રથા અસ્તિત્વમાં આવી હતી. આ પરિસ્થિતિમાં યુરોપીય સમુદાયમાં ભળેલા મોટા ભાગના દેશોએ તેમનાં ચલણો વચ્ચેના વિનિમયદરને ચોક્કસ મર્યાદામાં રાખવા માટે ઉપર્યુક્ત સમજૂતી સાધી હતી. યુરોપીય નાણાકીય પ્રથામાં સામેલ દેશોએ તેમના હૂંડિયામણના દરમાં એકંદરે સાડાચાર ટકાથી વધારે મોટો ફેરફાર થવા નહિ દેવાનું સ્વીકાર્યું. ઈટલી ૧૨ ટકાની એકંદર વધઘટ થવા દેવાની છૂટ સાથે તેમાં જોડાયું હતું, જ્યારે ઈંગ્લન્ડ તથા ગ્રીસ તેમાં જોડાયાં ન હતાં.

યુરોપીય સંઘમાં સામેલ દેશોએ તેમનાં આગવાં ચલણો જાળવી રાખ્યાં હોવાથી તેમના પરસ્પરના આર્થિક વ્યવહારોનો હિસાબ રાખવા માટે તથા દેવાલેણાની પતાવટ માટે એક સમાન ચલણ (ગણતરીના એકમ)ની જરૂરિયાત સર્જાઈ હતી. તેથી યુરોપીય નાણાપ્રથાના એક ભાગરૂપે એક નવું આતંરરાષ્ટ્રિય ચલણ, યુરોપીય ચલણ એકમ (European Currency Unit) રચવામાં આવ્યું છે, તેનું મૂલ્ય યુરોપીય સંઘના તમામ દેશોનાં ચલણોના સરેરાશ મૂલ્યના આધાર પર નક્કી કરવામાં આવ્યું હતું. સભ્ય દેશોએ તેમના હૂંડિયામણના દરોની સ્થિરતા યુરોપીય ચલણ એકમની સાપેક્ષતામાં જાળવવાની હતી. સમાન ચલણની દિશામાં લઈ જનારું આ પગલું હતું. આજે યુરોપીય સંઘના દેશોને સ્પર્શતી આર્થિક બાબ ાેના મૂલ્યને યુરોપીય ચલણ એકમ (ECU)માં વ્યક્ત કરવામાં આવે છે. દા.ત. આ દેશો તેમની રાષ્ટ્રિય આ .કને ચલણ-એકમમાં વ્યક્ત કરે છે. જેમ કે જર્મનીની આવક ૧૮૫૩ અબજ અને ઈંગ્લન્ડની આવક ૧૧૩૪ અબજ ECU છે, અમેરિકાની નિકાસો ૬૦૭ અબજ અને યુરોપીય સંઘના દેશો તેમની પરસ્પરની પતાવટ માટે તેમજ અમુક અંશે તેમની અનામતો માટે (ECU)નો ઉપયોગ કરી રહ્યા છે.

આર્થિક અને નાણાકીય એકીકરણની દિશામાં આગળ વધવા માટે ૧૯૮૯માં એક યોજના તૈયાર કરવામાં આવી હતી. તે પ્રમાણે ૧૯૯૦માં સભ્ય-દેશો વચ્ચે મૂડીની હેરફેર પરનાં મોટા ભાગનાં નિયંત્રણો દૂર કરવામાં આવ્યાં તથા જોડાવા ઉત્સુક સભ્યદેશોની આર્થિક અને નાણાકીય નીતિઓનું કેટલાક લક્ષ્યાંકોના સંદર્ભમાં સંકલન કરવામાં આવ્યું. આ લક્ષ્યાંકો અંદાજપત્રીય ખાધ, ફુગાવાનો દર, વ્યાજનો દર તથા સરકારના દેવાને સ્પર્શતા હતા. ૧૯૯૧માં માસ્ટ્રિક્ટ ખાતે મળેલી યુરોપીયન કાઉન્સિલ સંઘમાં એક જ ચલણ દાખલ કરવા અંગેની સમજૂતી સાધવામાં આવી અને તે માટે ૧-૧-૧૯૯૯ની તારીખ મુકરર કરવામાં આવી.

આજે યુરો નામથી જે નવું ચલણ અગિયાર દેશોએ અપનાવ્યું છે તે ૨૦૦૨ના જુલાઈ સુધી માત્ર ગણતરીના એકમ તરીકે જ કામગીરી બજાવશે, એટલે કે લોકો તેમની લેવડ-દેવડ માટે ત્યાં સુધી પોતાના જ દેશના ચલણનો ઉપયોગ કરશે. આ સમયગાળા દરમિયાન મોટા ઉત્પાદકો તેમની પેદાશો પર દેશના ચલણમાં તેમજ યુરોમાં કિંમતો લખતા રહેશે, જેથી લોકોને નવા ચલણની ટેવ પડે. એ બધું યોજના પ્રમાણે આગળ વધશે તો ૨૦૦૨ના જુલાઈમાં પ્રવર્તમાન રાષ્ટ્રિય ચલણોના સ્થાને નવું ચલણ યુરો મૂકવામાં આવશે.

યુરપીય સંઘના જે દેશોએ સમાન ચલણ સ્વીકાર્યું છે તેઓમાં ઘણીબધી ભિન્નતાઓ છે. તેમના સાંસ્કૃતિક તફાવતો ઊડીને આંખે વળગે તેવા છે. અને તેમની પોતાની ભાષા માટેની પ્રીતિ આપણને અચંબો પમાડે તેવી છે. આવા દેશોની પ્રજાએ પોતાના ઇતિહાસ સાથે સંકળાયેલા ચલણનો ત્યાગ કરવાનું સ્વીકાર્યું તે એક નોંધપાત્ર ઘટના છે. યુરો ચલણની સફળતા અંગે શંકાશીલ કેટલાક સમીક્ષકો એમ માને છે કે ફ્રાન્સ અને જર્મની જેવા દેશોની પ્રજા છેવટે તેમના ચલણને છોડવા તૈયાર થશે નહિ, કેમ કે તેમનાં દેશનાં ચલણો તેમની સાંસ્કૃતિક અસ્મિતાનો એક અંશ છે.

જે અગિયાર દેશોએ પોતાના ચલણને જતું કરીને નવા ચલણનો સ્વીકાર કર્યો છે તેમણે તેમના આર્થિક સાર્વભૌમત્વનો ઘણે અંશે ભોગ આપ્યો છે. દેશના સાર્વભૌમત્વ સાથે સંરક્ષણ અને વિદેશનીતિ જેવી જ કેટલીક મહત્ત્વની બાબતો સંકળાયેલી છે તેમાંની એક પોતાનું આગવું ચલણ બહાર પાડવાની છે. ચલણ પ્રકટ કરવાની સાથે બીજા કેટલાક મહત્ત્વના અધિકારો સંકળાયેલા છે. પોતાનું ચલણ બહાર પાડતો દેશ પોતાની આગવી નાણાકીય નીતિનો અમલ કરીને બેકારી, મંદી અને ફુગાવાની સ્થિતિનો સામનો કરી શકે છે. દા.ત., મંદીની સ્થિતિમાં તે વ્યાજનો દર ઘટાડીને અને ખાધપુરવણીનો આશ્રય લઈને અર્થતંત્રમાં પ્રવર્તતી બેકારીને ઘટાડવાનો પ્રયાસ કરી શકે. નાણાકીય સાર્વભૌમત્વ ધરાવતો દેશ હૂંડિયામણના દર અંગે પોતાની નીતિનો અમલ કરવા માટે મુક્ત હોય છે. યુરોપીય સંઘના જે અગિયાર દેશોએ સમાન ચલણનો સ્વીકાર કર્યો છે તેમણે પોતાનું ઉપર્યુક્ત નાણાકીય સાર્વભૌમત્વ જતું કર્યું છે.

યુરો ચલણનો સ્વીકાર કરનાર દેશોની સ્થિતિ, નાણાકીય બાબતોમાં, ભારત કે અમેરિકાનાં રાજ્યો જેવી થશે. ભારતના સમવાય તંત્રમાં જેમ ઉત્તર પ્રદેશ કે કેરળને તેમનું ચલણ છાપવાનો અધિકાર નથી તેમ ફ્રાંસ, જર્મની વગેરેને તેમનું ચલણ પ્રકટ કરવાનો અધિકાર રહેતો નથી. આપણાં રાજ્યોને નિયત મર્યાદામાં જ ઓવરડ્રાફ્ટ લેવાની છૂટ છે તેમ એ દેશોને નિશ્ચિત મર્યાદામાં (રાષ્ટ્રિય આવકના ત્રણ ટકા) અંદાજપત્ર પર ખાધ રાખવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ટૂંકમાં, ભારતમાં કે અમેરિકામાં જે પ્રકારનું સમવાયતંત્ર છે તે પ્રકારનું સમવાયતંત્ર યુરોપીય સંઘના અગિયાર દેશોએ નાણાકીય અને ઘણે અંશે અન્ય આર્થિક બાબતોમાં રચ્યું છે. અલબત્ત, આમાં એક મહત્ત્વનો તફાવત છે. ભારતમાં કેન્દ્ર પાસેથી લઈને કેટલીક સત્તાઓ રાજ્યોને આપવામાં આવી છે. તેમાં કેન્દ્રે રાજ્યો પરની તેની સર્વોપરિતા જાળવી રાખી છે. યુરોપના દાખલામાં એનાથી ઊંધું બન્યું છે. રાજ્યો તેમની કેટલીક સત્તાઓ જતી કરીને સમવાય સ્વરૂપનાં માળખાં રચી રહ્યાં છે. એ માળખાંઓને વિકેન્દ્રિત રાખવામાં આવી રહ્યાં છે, જેથી કોઈ એક સર્વોચ્ચ સત્તાકેન્દ્ર ઊભું ન થાય, અને રાજ્યો કેવળ તેના વહીવટી એકમો બની રહે.

યુરોની સફળતા અંગે જે શંકા પ્રવર્તે છે તે માટેનું એક પ્રબળ કારણ જતા કરવામાં આવેલા નાણાકીય સાર્વભૌમત્વમાં પડેલું છે. આજે આ દેશોમાં બેકારીનું પ્રમાણ ઘણું વધારે છે. દા.ત. ફ્રાંસમાં તે ૧૨ ટકા અને જર્મનીમાં ૧૦ ટકા જેટલું છે. આ બેકારી દૂર કરવા માટે આ દેશો અંદાજપત્રીય ખાધમાં વધારો કરીને સરકારના ખર્ચમાં વધારો કરવા કે વ્યાજના દરમાં ઘટાડો કરીને મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટે હવે મુક્ત નથી. જો આ બેકારી અન્ય માર્ગોએ ઘટે નહિ તો સમય જતાં જે તે દેશની સરકારો પર સામાજિક દબાણ આવ્યા વિના રહે નહિ. જો તેમ થાય તો એ સરકારને સમાન ચલણ અંગે પુનર્વિચારણા કરવાની ફરજ પડે એવું બને.

આજે અમેરિકાનો ડોલર એક આંતરરાષ્ટ્રિય નાણા તરીકે વિશ્વમાં વર્ચસ્ ભોગવી રહ્યો છે. દુનિયાના દેશોની વિદેશી ચલણની અનામતોમાં ડોલરનો હિસ્સો ૫૭ ટકાથી અધિક છે, આંતરરાષ્ટ્રિય લેવડ-દેવડ અને પતાવટો મોટે ભાગે ડોલરમાં કરવામાં આવે છે, જેમ કે દુનિયાના દેશોની માથાદીઠ આવક અને વૈશ્વિક નિકાસો કે આયાતોનું મૂલ્ય ડોલરમાં દર્શાવવામાં આવે છે. યુરોપમાં યુરોના પ્રાકટ્યથી ડોલરનું આ વર્ચસ્ તૂટશે કે કેમ એવો પ્રશ્ન સહજ રીતે ઉપસ્થિત થાય છે.

કેટલાક આર્થિક નિર્દેશકો પ્રમાણે યુરોપીય સંઘ એક જૂથ તરીકે અમેરિકાનો હરીફ જણાય છે. દા.ત., વિશ્વની આવકમાં અમેરિકાનો હિસ્સો ૨૦.૪ ટકા છે, જ્યારે યુરોપીય સંઘનો હિસ્સો ૧૯.૮ ટકા છે; અમેરિકાની નિકાસો કરતાં યુરોપીય સંઘના દેશોની નિકાસો ૨૫ ટકા જેટલી વધારે છે અને અમેરિકાની કુલ વસ્તી કરતાં યુરોપીય સંઘની વસ્તી બે કરોડ જેટલી વધારે છે. યુરોપીય સંઘની એક જૂથ તરીકેની આર્થિક તાકાત અમેરિકાને સમકક્ષ હોવા છતાં દુનિયાની વિદેશી ચલણની અનામતોમાં એ દેશોનાં ચલણોનો હિસ્સો ૨૦ ટકાથી ઓછો છે. યુરોના આગમન પછી આંતરરાષ્ટ્રિય અનામતોમાં ક્રમશઃ ડોલરનો હિસ્સો ઘટવાની અને યુરોનો હિસ્સો વધવાની અપેક્ષા રાખી શકાય, પરંતુ એ પ્રક્રિયા ધીમી ગતિએ આગળ વધશે. દુનિયાના દેશો તેમની વિદેશી ચલણની અનામતોનો મોટો ભાગ ડોલરમાં રાખી શકે છે તેનું એક મહત્ત્વનું કારણ અમેરિકાના લેણદેણના સરવૈયા પર રહેતી મોટી ખાધમાં પડેલું છે. યુરોપીય સંઘના દેશો તેમના સરવૈયા પર એવી મોટી ખાધ સર્જવા તૈયાર ન થાય તો ડોલરનું સ્થાન યુરો લઈ શકે નહિ.

યુરોનું આગમન ભારત માટે કેવા સૂચિતાર્થો ધરાવે છે એવો પ્રશ્ન સહજ રીતે ઊભો થાય. ભારતની નિકાસોમાં અમેરિકાની તુલનામાં યુરોપીય સંઘનો હિસ્સો ૨૫ ટકા જેટલો વધારે છે. જ્યારે ભારતની આયાતોમાં યુરોપીય સંઘનો હિસ્સો અમેરિકા કરતાં લગભગ ત્રણ ગણો છે. આમ છતાં ભારત માટે યુરો કરતાં ડોલરનું મહત્ત્વ વધુ રહેવા માટે કેટલાંક કારણો છે તેથી આગામી થોડાં વર્ષો દરમિયાન આપણી વિદેશી ચલણની અનામતોમાં ડોલરનું મહત્ત્વ જળવાઈ રહેશે. □

અનુસંધાન] અમેરિકામાં ભારતીયો [પૃ.૯૯થી

હોય છે. કેટલાક કિસ્સામાં રાષ્ટ્રિય, બહુસાંપ્રદાયિક, કે સાંપ્રદાયિક, પ્રાદેશિક-ભાષાકીય છાપ સ્પષ્ટ રીતે ધરાવે તેવું હોય છે.

જે તે વિસ્તારમાં દક્ષિણ ભારતીય, ઉત્તર ભારતીય, ગુજરાતી-મરાઠી એમ કુટુંબો દર મહિને લગભગ નિયમિત રીતે વારાફરતી એક કલાકના ભજન માટે મળે ત્યારે અંગ્રેજી લિપિમાં હિન્દુધર્મનાં બધાં મુખ્ય દેવ-દેવીઓની સ્તુતિ, પ્રાર્થના સાથે ગાય છે. યજમાનને ત્યાં બધાં એક-બે વાનગી લઈને આવે છે, તેમાં ઈડલી-સંભાર, પૂરી, દાળ ઢોકળાં, પંજાબી શાક, એમ ભારતીય વાનગીઓનું વૈવિધ્ય જોવા મળે છે. શ્રીગણેશ, શિવ, કૃષ્ણ, સુબ્રહ્મણ્યમ્, આદ્યશક્તિઅંબા મા, શ્રીદત્તાત્રેય, હનુમાનજી - એવા અનેક ભગવાન વિશેનાં ભજન-પ્રાર્થના બાળકો પોતાના વડીલો સાથે ગાય તેથી બહુત્વવાદી ધર્મને તેઓ જાણે-અજાણે સ્વીકારતાં કે સમજતાં થાય છે. મંદિરોની જેમ ભજનકાર્યક્રમોમાં પણ આમ ચુસ્ત વૈષ્ણવ, શૈવ કે શક્તિમાર્ગીઓના જે ભેદ ભારતમાં જોવા મળે છે તેનાથી અમેરિકાની ઊગતી ભારતીય પેઢી મુક્ત રહી છે તે આવકાર્ય છે. વળી, શું મંદિરોમાં, સ્વામિનારાયણ કે ગાયત્રીમંદિરમાં દર્શનાર્થે આવતા લોકો કે કોઈને ઘેર ભજન કાર્યક્રમમાં જોડાતા લોકો કાર્યક્રમને અંતે ભોજન લઈને વિખરાય છે તેથી આવાં ધર્મલક્ષી મિલનો પણ કેટલાંક સામાજિક મિલનો જેવાં બની જાય છે, તે અહીંની વિશિષ્ટતા છે. (ક્રમશઃ)

સિલિસિયા (Silicea)............... હેમેન્દ્ર એ. શાહ

સિલિસિયા એ બાયોકેમિક પદ્ધતિના બાર ક્ષારમાંનો એક ક્ષાર છે. હાલના શિક્ષણ પામેલા હોમિયોપાથોને બાયોકેમિક પદ્ધતિનો અનુભવ ઓછો હોય છે. વળી, નવા રોગો, પેટનાં ચાંદાં વગેરેની ખબર ઓછી પડે છે તેથી આ ઔષધનો ઉપયોગ કરતાં પહેલાં ઘણો વિચાર કરવો તેમ હું માનું છું. તેમ છતાં સિલિસિયામાં રેહલા અનેક ગુણો વિષે જાણવું પણ જરૂરી છે. ગૂમડાં માટે આ દવા અત્યંત અસરકારક છે. તે લેવાથી ચેકો મૂકવાની કે સર્જરી કરવાની જરૂર પડતી નથી. અડધાં પાકેલાં ગૂમડાં, જેમાંથી રોજ થોડું થોડું પરુ નીકળતું હોય પણ મટતું ન હોય ત્યારે સિલિસિયાની ઓછા પાવરની દવા (3X) મોં વાટેથી લઈ શકાય છે. પાંચ ગોળીને પાણીમાં ઓગાળીને દિવસમાં ત્રણ-ચાર વાર એક એક ચમચી લેવાથી અને ગૂમડું-પરુ હાથ પગ ઉપર જ્યાં થયું હોય ત્યાં દવા બહારથી ચોપડવાથી ગૂમડું ફૂટી જાય છે. થોડા દિવસમાં બધું પરુ કાઢીને ચામડીને સરસ બનાવી શકાય છે.

આંખમાં પરુ થતું હોય, ચામડીનો કોઈ પણ ભાગ વારંવાર પાકતો હોય, કાન-નાકમાંથી ચીકણો પદાર્થ, પાણી નીકળતું હોય, કાનમાં અવાજ સંભળાયા કરતો હોય, મોટા અવાજો સહન કરવાની શક્તિ ન હોય તો સિલિસિયા લેવાથી ફાયદો થાય છે.

જે સ્ત્રી નમ્ર અને સારા સ્વભાવની હોય પણ તેનાં બાળકો તુંડમિજાજી, ચીડિયા સ્વભાવનાં હોય, માનસિક રીતે બહુ સેન્સિટિવ હોય, નબળાં હોય તેવાંને તથા આત્મવિશ્વાસના અભાવવાળી વ્યક્તિ, પરીક્ષા આપતી વખતે વિદ્યાર્થી, જાહેર પ્રવચન કરતી વખતે ધંધાદારીવક્તા, જ્ઞાની વ્યક્તિ પણ નર્વસનેસ અનુભવતી હોય તો સિલિસિયા આપવું જોઈએ.

જે દર્દીને પૂનમ તથા અમાસના દિવસે જુદી જુદી તકલીફો થતી હોય, હંમેશાં શરીરને ઠંડક લાગતી હોય, શ્રમ કર્યા પછી પણ શરીરમાં ગરમાવો ન આ તો હોય અને બેચેની અનુભવાતી હોય, ભગંદર હોય, મળ પૂરેપૂરો બહાર નીકળતો ન હોય તો પણ સિલિસિયા આપવી જોઈએ.

દર્દી ક્રોધીલો, હઠીલો, કામમાં એકાગ્રતા વગરનો, જલદી થાકી જતો, ઢીલો, કૌવતના અભાવવાળો, વારંવાર સૂઈ જવાની ઇચ્છા ધરાવતો, ગરમ ખોરાક પ્રત્યે અણગમો ધરાવતો હોય તો તેને સિલિસિયા આપી શકાય. નબળાં થઈ ગયેલાં હાડકાં માટે, હાડકાંના કળતર માટે, વેક્સિનેસનની આડ અસર માટે પણ આ ઔષધ ઘણું અસરકારક છે.

જે સ્ત્રીને માસિક ધર્મ પહેલાં અને માસિક ધર્મ પછી કબજિયાત રહેતી હોય, બાળકને સ્તનપાન કરાવતી વખતે લોહીનો સ્રાવ થતો હોય, કામ કરવાની આળસ થતી હોય, પડી રહેવાનું મન થતું હોય તેને સિલિસિયા આપવી જરૂરી છે.

ટાંકણી કે અણીવાળી કોઈ વસ્તુ ભોંકાતી હોય તેવું લાગે, ઊંચું જોવાથી ચક્કર આવતા હોય, જીભ પર વાળ ચોંટ્યો છે તેવી ભ્રમણા થતી જીભ સજ્જડ થઈ જાય અને સોજા જેવી અસરવાળી લાગે, પગમાં ગંધાતો પરસેવો થતો હોય, લખતી વખતે અને ચાલતી વખતે શ્રમ અનુભવાતો હોય તો આ ઔષધ આપી શકાય. કાંટો વાગ્યો હોય કે બીજી કોઈ વસ્તુ શરીરમાં જતી રહી હોય અને સહેલાઈથી નીકળી શકે તેમ ન હોય તો સિલિસિયા આપવાથી તેનો છેડો એક-બે દિવસમાં જ બહાર આવશે અને તેને ખેંચી કાઢી શકાશે. દૂધ પચાવી શકાતું ન હોય, ઘ્રાણેન્દ્રિય નબળી પડી ગઈ હોય, તથા નાકના હાડકાના રોગોમાં પણ સિલિસિયા અત્યંત ઉપયોગી છે.

સિલિસિયાનો ડોઝ ટી.બી.ના રોગીને તથા પેટમાં ચાંદું થયું હોય તેવા રોગીને કદી આપવો નહીં. આ ઔષધનો ઉપયોગ ફક્ત અનુભવી ડૉકટરોએ જ કરવો; કારણ કે ઘણી વાર પેટમાં ચાંદું થયું હોય તો તેની દર્દીને કે ડૉક્ટરને ખબર ન હોય તો આ દવા આપવાથી ચાંદું (વિસ્ફોટકની જેમ) ઝડપથી ફૂટી જાય છે. અને તેનાથી ગંભીર પરિણામ આવી શકે છે. દર્દી વિષે સંપૂર્ણ માહિતી હોય તો જ આ ઔષધ આપવું. □

અનુ.] જાસાચિઠ્ઠી [પૃ. ૮૪થી

ને અમારી મૂળ યોજના મુજબ અમે જે સમયે વૃક્ષ નીચેની પેટીમાંથી ૧૫૦૦ ડોલર લેતા હોત એ જ સમયે બિલ ડૉર્સેટના હાથમાં ૨૫૦ ડોલરની નોટો મૂકી રહ્યો હતો.

જ્યારે છોકરાને ખબર પડી કે અમે એને એના પિતાને હવાલે કરીને જતા રહેવાના છીએ ત્યારે એણે મોટા વાજિંત્રની જેમ બરાડવા માંડ્યું. ને એ જળોની જેમ બિલના પગે ચોંટી ગયો. એના પિતાએ બિલના પગને એની પકડમાંથી માંડ છોડાવ્યો. 'તમે જોનીને આમ કેટલો વખત સુધી પકડી રાખી શકશો?' બિલે ડૉર્સેટને પૂછ્યું.

'હવે પહેલાંના જેવી તાકાત રહી નથી. આમ છતાં દસેક મિનિટ સુધીની ખાતરી તમને આપી શકું. એથી વધારે નહીં.' ડૉર્સેટે કહ્યું.

'એટલો સમય પૂરતો છે. એટલી વારમાં તો હું પડતો-આખડતો દક્ષિણ પશ્ચિમનાં રાજ્યો વટાવતો કેનેડા ભેગો થઈ જઈશ, બિલે કહ્યું. ને અંધારું હતું, હું સારો દોડવીર હતો ને બિલની કાયા ભારે હોવા છતાં એણે એટલા સમયમાં તો મને દોઢ માઈલ પાછળ પાડી દીધો હતો. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં (૮)

પ્રા. પ્રવીણ ન. શેઠ


ધર્મો : સાંસ્કૃતિક ભૂમિકા અને બહુત્વવાદનું રસાયણ

અમેરિકામાં ધર્મ એ એક રીતે તો જાતિકેન્દ્રી (એટિનક) નવવસાહતી પ્રવાહોની નીપજ છે. અમેરિકામાં આવીને તેને પોતાનું સંસ્થાન અને ઘર બનાવનાર પ્રથમ પ્રજા ઈંગ્લંડના પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓ હતા. ઈંગ્લંડના કેથોલિક પંથના આગ્રહી રાજા જેમ્સ પહેલાની જોહુકમી ધર્મનીતિને પરિણામે પ્રોટેસ્ટન્ટો પોતાના ધર્મની રક્ષા કાજે પોતાની માતૃભૂમિ છોડીને ઈ. ૧૬૧૫માં 'મે ફલાવર' નામક વહાણમાં બેસીને અમેરિકાના પૂર્વ સાગર કિનારે ઉતર્યા. નવવસાહતના એ પ્રવાહ પછી ધર્મને કારણે કે પોતાની જાતિની સુરક્ષા કાજે આવનાર પ્રજાનું બીજું મોજું યહૂદીઓનું હતું.

૧૯૬૫માં અમેરિકાનો નવવસાહતીઓ (ઈમિગ્રેશન) માટેનો કાયદો ઉદાર અને હળવો બન્યો તે પછી પ્રથમવાર હિન્દુઓ, મુસ્લિમો, અને પૂર્વ એશિયામાંથી બૌદ્ધો નોંધપાત્ર સંખ્યામાં આવવા માંડ્યા. ૧૯૮૦-૧૯૯૦ની વસ્તીગણતરી પ્રમાણે ભારત-પાકિસ્તાનથી અમેરિકામાં આવીને વસનાર હિન્દુ-મુસ્લિમોની સંખ્યા બમણી થઈ ગઈ. હવે તો ભારતીય ઉપખંડમાંથી અહીં આવીને વસેલા હિન્દુ, શીખ, જૈન, મુસ્લિમ અને ખ્રિસ્તીઓએ આ રાષ્ટ્રને નવો ધાર્મિક લૅન્ડસ્કેપ આપ્યો છે, તથા ધાર્મિક અંગીકાર, પાલન અને તેના તહેવાર-વ્યવહારને કારણ અમેરિકાની ગોદડી બહુવિધ અને ઑર ભાતીગળ બની ગઈ છે.

એક રીતે તો ભારત અને અમેરિકા વિશ્વમાં સૌથી વધુ

મે ફ્લાવર



ધર્મો પાળતી પ્રજાઓનું ઘર બની ગયા છે. બંને લોકશાહીઓનું બહુત્વવાદી સ્વરૂપ ઊભય દેશોને વિશ્વના 'સૌથી ધાર્મિક દેશો' બનાવે છે, એમ ધર્મ અને ઇતિહાસના પ્રોફેસર રેમન્ડ વિલિયમ્સ કહે છે.

ભારતથી અમેરિકામાં પહેલાં શીખો આવ્યા, પછી હિન્દુઓ અને જૈનો, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો. તે પહેલાં યુરોપી ખ્રિસ્તીઓ અને યહૂદીઓ તથા પશ્ચિમ એશિયાના મુસ્લિમો આવ્યા હતા. આ સૌ ધાર્મિકતાનાં વિવિધ લક્ષણો ધરાવે છે. પોતાના ધર્મસમૂહો સાથે ભળવું, વ્યક્તિગત અને સમૂહગત ધાર્મિક કાર્યક્રમોમાં સામેલ થવું, પોતે માનતા હોય તો ઈશ્વર-દેવદેવી કે ફિરસ્તા-પયગમ્બરમાં શ્રદ્ધા રાખવાના સંકેત આપવા, વગેરે. હિન્દુ-મુસ્લિમ-શીખ-ખ્રિસ્તી-જૈનોના સાંસ્કૃતિ કાર્યક્રમોમાં સાંસ્કૃતિક બાબતો અને ધાર્મિક-સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી સહજ રીતે વર્તાય છે.

હિન્દુઓ : ભારતમાં જેઓ મોટી બહુમતીમાં છે, તે હિન્દુ ધર્મીઓ અમેરિકામાં એક નાની લઘુમતી તરીકે રહે છે, પણ તેમની સંખ્યા છેલ્લા દોઢેક દસકામાં ઠીક પ્રમાણમાં વધી છે. વિશાળ ભૂમિ પર પથરાયેલાં કરોડો રૂપિયાને ખર્ચે તૈયાર થયેલાં તેમનાં મંદિરસંકુલો અમેરિકાના જે તે સ્થાનીય ભૂપટ પર અદ્‌ભુત દશ્ય સર્જે છે. મંદિરના ધાર્મિક ઉત્સવો, નવરાત્રિ-દિવાળીના તહેવારોની, દુર્ગાપૂજા વગેરેની ઉજવણીમાં ૯૭૦ના થોડાક લોકોથી વધીને હવે હજારો લોકો ભાગ લેતા જોવા મળે છે. એમનાં સંગઠનીય સાધનો અને કૌશલમાં પણ વધુ ક્ષમતા જોવા મળે છે.

અમેરિકામાં ભારતથી સૌપ્રથમ આગંતુક વસાહતીઓમાં પંજાબીઓ મુખ્ય હતા. પણ છેલ્લા ત્રણેક દસકાથી હિન્દુઓ સૌથી પ્રભાવક સંખ્યામાં આવેલા વર્તાય છે. મોટા ભાગના હિન્દુઓ માટે મંદિરો કરતાં પોતાના ઘરમાં દેવો માટેનું નાનકડું પૂજાસ્થાન જોવા મળે છે. હવે તો તેઓ ભારતથી પ્રમાણમાં કંઈક મોટી અને આકર્ષક પૂજાઓ લાવવા માંડ્યા છે. તેઓ પ્રભુને વંદન, અને કુટુંબકેન્દ્રી ધાર્મિક ક્રિયાવિધિ આ ઘરમંદિર સમક્ષ કરતા હોય છે. જ્યારે ડૉક્ટર-ઈજનેરો જેવા શિક્ષિતો ભારતથી બ્રેઈન ડ્રેઈનના નવવસાહતી પ્રવાહમાં અહીં વસવા માંડ્યા, ત્યારે તેઓ પોતાના ઘરના દેવકેન્દ્ર માટે વૈદિક પ્રતીકો કે સાધનો પણ સાથે લાવ્યાં. વિદ્યાર્થી તરીકે પોતાના ઈષ્ટદેવની છબી કે મૂર્તિ લાવનાર હિન્દુઓએ પછી કુટુંબ સાથે રહેતા આવા ઘરસ્થિત દેવકેન્દ્રોની સ્થાપના કરી. કુટુંબ, સગાસમૂહના વિસ્તાર સાથે તેમની ધાર્મિક વિધિપ્રવૃત્તિઓ વધુ લાંબી કે વતનની પ્રતિકૃતિ જેવી બનવા માંડી. ફ્રીમોન્ટમાં શર્માદંપતી તો કુટુંબ

સાથે પોતાના મોટા ભાગમાં નિયમિત હવન પણ કરે છે, જે ભારતમાં થતા વ્યવસ્થિત હવનની યાદ આપે છે. તેઓ પૈસે-ટકે સંપન્ન બન્યા એટલે તેઓ સામાન્ય વસ્તી-વિસ્તાર છોડીને શહેરોના પરામાં વસવા માંડ્યા. આથી એમણે તે રીતે ધાર્મિક મંડળો-સંગઠનો રચવા માંડ્યાં. દક્ષિણ ભારતીયો હોય, હિન્દીભાષીઓ હોય- તેઓએ ભારતમાં તેમનાં પરંપરાગત દેવ-દેવીઓનાં મંદિરો ઊભાં કરવા માંડ્યાં. ધીમે ધીમે ગુજરાતી-દક્ષિણ ભારતીયો-હિન્દીભાષી-બંગાળીઓ એમ બધી ભારતીય પ્રાદેશિક હિન્દુ પ્રજાઓએ બધા દેવોની મૂર્તિઓની એક જ સાથે એક સંકુલના છત્ર નીચે પ્રતિષ્ઠા કરી. આમ, લીવરમોર (સિલીકોને વેલિ), માબુલુ, શિકાગો, આટલાન્ટા, ન્યૂ યોર્ક, કોલંબસ, ન્યૂ જર્સિ, ઓહાયો એમ બધે શ્રીગણેશજી, મહાદેવજી, વેંકટેશ્વર, શક્તિ(દુર્ગા, અંબામા), હનુમાન, કૃષ્ણ - એ બધાં સ્વરૂપોની મૂર્તિઓ જોવા મળે. કોલંબસ-આટલાન્ટા-ફ્રીમોન્ટ જેવામાં રામસીતા, રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મી, શ્રી દત્તાત્રેયની મૂર્તિઓ પણ એકસાથે જોવા મળે. આટલાન્ટા, કોલંબસમાં નવ ગ્રહનું પૂજન પણ થાય છે.

અહીં મંદિરોમાં પૂજારીઓ બોલાવવામાં આવ્યા છે, તેઓ પોતાના શાસ્ત્ર અને ધાર્મિક પૂજાવિધિ-ક્રિયાકાંડમાં સારા એવા પારંગત હોય તેવું કેટલાક ખાસ તહેવાર-પ્રસંગોએ થતી વિધિઓનું નિરીક્ષણ કરતાં જણાયું છે. સ્પષ્ટ સંસ્કૃતભાષી પૂજારીઓ પોતાના મંત્રોચ્ચારથી નિર્મળ અને શાંત વાયુમંડળ ઊભું કરે છે. ધર્મરસ્યું કે પ્રશિષ્ટ ગીતસંગીત વાતાવરણને ભાવનાથી ભરી દે છે. ફૂલ, ફળ, દૂધ, ચંદન-બધું સાદું અને ચોખ્ખું - ભારતનાં ઘણાં મંદિરોમાં આ મુદ્દે જે અનુભવ થાય, તેથી અહીં વધુ સારો અનુભવ થાય. વળી, ભારતની જેમ મોટા ભાગના મહંતો-પૂજારીઓ અને ભાવુક દર્શનાર્થીઓ વચ્ચે સંબંધ બંધાઈ જાય તેનાથી જુદું જ અહીં જોવા મળે. અત્યાર સુધી પૂજારીઓ એકાગ્ર બની, શાસ્ત્રોક્ત વિધિઉચ્ચાર સાથે પૂજાઅર્ચન કરે, હિન્દુ દર્શનાર્થીઓ ભજન કરે, તે પણ વ્યવસ્થિત, ઘોંઘાટ વિના અને અમુક સમય પર્યન્ત જ. મોટે ભાગે શિવરાત્રી, કૃષ્ણજન્મ વગેરે ઉત્સવો સમયે બધા દર્શનાર્થીઓ મંદિરના ભોજનગૃહમાં સાથે ભોજન કરે તેવી વ્યવસ્થા તે મંદિરના વ્યવસ્થાપક મંડળના સભ્યો કરે છે. આવા મંદિરો સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકો માટેના સ્પર્ધા-કાર્યક્રમો યોજે છે, જે દ્વારા તેમનો હિન્દુ ધર્મ અને સંસ્કૃતિમાં રસ ઊભો થાય અને તેમનું જ્ઞાન વધે. હવે તો મોટા ભાગનાં મંદિરનોની વિગતો ઈન્ટરનેટ પર જોવા મળે છે.

૧૯૮૦ના દશકાના મધ્ય ભાગ સુધી હિન્દુઓ મુખ્યત્વે ખ્રિસ્તીઓનાં જૂનાં દેવળો ખરીદીને, તેમાં જરૂરી સુધારા-ફેરફાર કરીને તેનું મંદિરમાં રૂપાંતર કરતા. આવાં દેવળો સામાન્યતઃ કોઈ વસતી-દુકાનોના ભરચક વિસ્તારમાં હોય તેથી મંદિરો વસતીની વચ્ચે જોવા મળતાં. પણ તે પછી હિન્દુઓએ મોટી જમીન લઈને લેન્ડસ્કેપ પ્લાનિંગથી માંડીને હિન્દુ સ્થાપત્યશૈલી પ્રમાણે, ભારતથી આ ક્ષેત્રના શિલ્પીઓને બોલાવીને તથા હિન્દુમંદિરના વિશેષજ્ઞ આર્કિટેક્ટોની સહાયથી આ સુંદર સંકુલો ઊભાં કર્યાં છે. ઘણાં સંકુલોમાં પૂજા-દર્શન મંડપ, ભોજનગૃહ, નાનું વાચનાલય, શૌચાલય વગેરે પણ સાથે જ બંધાયાં હોય. ઘણાં મંદિરટ્રસ્ટો, અમુક નિયત રજાના દિવસોએ સીનિઅર સિટિઝન અને બીજા ભારતીયો માટે કિફાયત દરથી ડૉક્ટરી સલાહ અને દવા આપવાની વ્યવસ્થા પણ કરતાં હોય છે. જ્યારે હિન્દુ, જૈન, મુસ્લિમ, શીખ, સિંધી પ્રજાઓની પ્રથમ આગંતુક પેઢીએ જોયું કે તેમનાં અમેરિકામાં જન્મેલાં ઉછરેલાં બાળકો મોટાં થયાં અને ઘર-બહાર એમનું સામાજિકીરણ થવાનો તબક્કો આવી ગયો હતો, ત્યારે પહેલી પેઢીનાં માબાપોએ બાળકોના સંસ્કાર-ઉછેર માટે બીજાં સાંસ્કૃતિક અને ધાર્મિક ઉપકરણો અને સંગઠનોની સ્થાપના અને સંચાલનમાં રસ લેવા માંડ્યો. 'એશિયન ઈન્ડિયનો' (ઈન્ડિયન અમેરિકનો) - એટલે કે ભારતીયોનાં આવાં પહેલાં સંગઠનો 'ઈન્ડિય કલ્ચરલ સેન્ટર્સ' રૂપે ઊભાં થયાં. ઘણાં હિન્દુ સંગઠનો જાણીત ધર્મગુરુઓ-સંતોને મહેમાન તરીકે કે પ્રવચનો માટે બોલાવે છે. આવાં કેટલાંક સંગઠનોમાંથી હિન્દુ ટેમ્પલ સોસાયટીઓ રચી, જેમણે મોટાં શહેરોમાં મંદિરો બાંધવાનું શરૂ કર્યું. એંશીન દસકાના અંત ભાગમાં ૫૫ કરોડ ડૉલરના ખર્ચે આવાં મંદિર શરૂ થયાં કે બંધાવા માંડ્યાં હતાં. હવે તો આવાં ખર્ચફંડન રકમ ઘણી જંગી થઈ ગઈ હશે. કેલિફોર્નિઆના માલીબુમ સર્વ દેવોનું મંદિર કોમ્પ્લેક્ષ, લોસએન્જલીસ પાસે શિવ-વિષ્ મંદિર, લીવલમોરનું એવું જ મંદિર કોમ્પ્લેક્ષ, કોલંબસ આટલાન્ટાની જેમ શિકાગો નજીક રામમંદિર, હ્યુસ્ટનમાં મીનાક્ષ મંદિર, પેન્સિલવેનિઆમાં વ્રજભૂમિ વગેરે ખૂબ ભવ્ય નમૂન છે. ભારતમાં જેટલાં દેવ-દેવીઓ (શિવ, શક્તિ, રામ, શ્રીકૃષ્ણ સ્વરૂપો વગેરે) એક સાથે જોવા નહિ મળે, તેટલાં આવ કેટલાંક મંદિરોમાં સાથે દર્શન-પૂજનાર્થે પ્રતિષ્ઠિત થયાં છે તો મહાનગરોમાં ગુજરાતીઓ, તમિલ-તેલુગુ, હિન્દી અ એવા પ્રાદેશિક સમૂહોએ પોતપોતાનાં અલગ સંગઠનો અ મંદિરો ઊભાં કર્યાં છે. આવાં મંદિરોમાં ભાષા, દેવદેવી રૂપ, ક્રિયાવિધિ ભોજન વગેરે પ્રાદેશિક ફોરમ કે માહોલ ર છે. જે તે પ્રદેશમાં લોકપ્રિય હોય તેવા અગ્રણીઓ અને ધાર્મિ કથાકાર કે સંતોને ત્યાં નિમંત્રવામાં આવે છે.

બીજાં જૂથો એવાં છે કે જેઓ પોતપોતાના ગુરુઓ અ તેમના ઉત્તરાધિકારી જેવા ધર્મનેતાઓ દ્વારા પોતાના આદ્યગુરુ બોધવારસાને અહીં પણ જાળવવા પ્રયાસ કરતાં હોય દ આવાં મંદિરવિષયક સંગઠનો વ્યવસ્થિત રીતે આખા વર્ષ ધાર્મિકપૂજા ને બીજા અવસરનાં કેલેન્ડરો તૈયાર કરે છે. તેમ સાહિત્ય સ્વાભાવિક રીતે જ સુરેખ મુદ્રણ અને ફોર્મેટ ધરાવ

સાહિત્યસંપર્ક

વ્યાસ સન્માનથી પુરસ્કૃત ગોવિન્દ મિશ્ર

હિન્દી ના ખ્યાતનામ નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ગોવિંદ મિશ્રનું નામ ગુજરાતમાં નવું નથી. કેમ કે અમદાવાદમાં ઈન્કમટેક્ષ કમિશનરપદે તેઓ ત્રણેક વર્ષ રહી ગયા છે. તેમને તેમની



નવલકથા 'પાંચ આંગનોંવાલા ઘર'ને તથા તેમના વિગત દસ વર્ષના સાહિત્ય પ્રદાનને કેન્દ્રમાં રાખીને કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા ૧૯૯૮ના વર્ષના વ્યાસ-સન્માનથી તાજેતરમાં ૨૦મી ડિસેમ્બર ૧૯૯૮ના દિને પુરસ્કૃત કરવામાં આવ્યા છે. સન્માનમાં અઢી લાખ રૂપિયા, પ્રતીક ચિહ્ન, પશસ્તિપત્ર તથા શાલ અર્પણ કરવામાં આવી હતી.

'પાંચ આંગનોવાલા ઘર' (૧૯૯૫) પરિવાર કેન્દ્રિત સામાજિક નવલકથા નથી, પમ ૧૯૪૦ થી ૧૯૯૦ની ભારતીય પૃષ્ઠભૂમિને કેન્દ્રમાં રાખીને ભારતીય માનસની પવિત્રતાથી તમસ તરફ જતા સંત્રસ્ત પ્રવાહની કથની છે. આપણે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાની ઉપનિષદના બોધની વાત કરીએ છીએ, પણ નવલકથાકાર જુએ છે કે આપણું જીવન તો આઝાદી આવી છતાં પ્રકાશ વધવાને સ્થાને અંધકાર તરફ ગતિશીલ છે, જેનાં અનેક મર્મસ્પર્શી ચિત્રો-પ્રસંગો અને હૃદયદ્રાવક દૃશ્યો નવલકથાકારે ઉપસાવ્યાં છે. ૧૯૪૦ થી ૫૦ નો ગાળો આરંભિક ભૂમિકાનો, પછી વિભાજનનો સમય ૧૯૬૦ થી ૭૫નો અને ૧૯૮૦ થી ૯૦ના વર્ષોનો ગાળો આ લેખકે અંધ માન્યતાઓ, આટાપાટામય ગલી-કૂંચીનો નિર્દેશ્યો છે. અર્થાત્ આમાં ત્રણ પેઢીઓનું કથાવસ્તુ સંયોજિત કરવામાં આવ્યું છે. આમાંથી એક પેઢી આઝાદીની લડાઈની છે, જે દેશદાઝ, સંસ્કાર અને આદર્શોને લઈને ચાલે છે. બીજી પેઢી અપેક્ષાઓની પાનખર બતાવે છે અને ત્રીજી પેઢી આદર્શો અને મૂલ્યોને કેવળ પુસ્તકોમાં જ જુએ છે. આવા જ સંત્રસ્ત અને તમસના વાતાવરણમાં ભારતીય પરિવાર-ભાવના નામશેષ થતી ગઈ અને માત્ર વૈયક્તિકતા આગળ આવતી ગઈ છે. નવી પેઢીની વૈયક્તિકતા તો જુઓ કે 'તે હવે પિતા, કાકા કે સંબંધીને ત્યાં ન ઊતરતા હોટલમાં ઊતરવાનું જ પસંદ કરે છે', આ શું બતાવે છે? સરવાળે પરિવાર કે ઘર એ પણ રાષ્ટ્ર છે અને રાષ્ટ્ર આજે ખંડિત થતું જાય છે.

નવલકથાના રાજન, જોગેશ્વરી (મોટી બા), રમ્મો(રાજનની પત્ની), મુંશી રાધેલાલ, શાંતિદેવી, સત્રી, રમન મિશ્ર વગેરે પાત્રો દ્વારા નવલકથાકારે બદલાતા સમયની કથા કહી છે. ટૂંકમાં, આ નવલકથામાં આઝાદીની લડાઈ, પારિવારિક વિઘટન, કટોકટીકાલનું વાતાવરણ તથા વર્તમાન સ્વાર્થપરાયણ માનસ છતું થાય છે.

શ્રી ગોવિંદ મિશ્રની આ પૂર્વેની નવલકથાઓ છે - 'વહ', 'અપના ચેહરા', 'ઉતરતી હુઈ ધૂપે', 'લાલ પીલી જમીન', 'હજૂર', 'દરબાર', 'તુમ્હારી રોશની' અને 'ધીરે સમીરે'.

નવલકથાઓની સાથે સાથે શ્રી ગોવિંદ મિશ્રે દસેક જેટલા વાર્તાસંગ્રહો પણ આપ્યા છે જેમાંના મુખ્ય છે - 'રગડ ખાતી આત્મહત્યાએ', 'નયે-પુરાને મા-બાપ', 'અંતઃપુર', 'ધાંસુ', 'ખૂદ કે ખિલાફ', 'ખાક ઈતિહાસ', 'પગલા બાબા' વગેરે.

હવે તાજેતરમાં જ, તેમની લગભગ બધી જ વાર્તાઓ 'નિર્ઝરણી'ના બે ભાગોમાં પ્રકાશિત થઈ છે. તેમજ તેમના બધા જ સાહિત્ય પ્રકારોનું એક સંકલન ૧૯૯૦ પૂર્વે 'મુઝે ઘર લે ચલો' માં થયેલું. આ નવલકથાકારનું પ્રદાન નિબંધક્ષેત્રે 'સાહિત્ય કા સંદર્ભ' અને 'કથાભૂમિ' દ્વારા તથા તેમના 'ધુંધભરી સુર્ખી', 'દરખ્તોં કે પાર...શામ' આદિ પ્રવાસ વર્ણનોમાં પણ નોંધપાત્ર ગણાય છે. 'માધ્યમ' (તંત્રી - બાલકૃષ્ણ રાવ)માં તેમની પહેલી વાર્તા (૧૯૬૫માં) 'નયે પુરાને માબાપ' શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલી. આમ, ઈ.સ. ૧૯૬૫થી પોતાની લેખનયાત્રાનો આરંભ કરનાર ગોવિંદ મિશ્રનો જન્મ ઉત્તર પ્રદેશના અતર્રા (બાંદા) ગામમાં ૧૯મી ઑગસ્ટ, ૧૯૩૯માં થયો હતો. તેમનાં માતા સુમિત્રાદેવી અને પિતા માધવપ્રસાદ, બંને પ્રાથમિક શાળામાં શિક્ષકો હતાં. ચરખારી અને બાંદામાં તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું. પ્રયાગમાં બી.એ. અને એમ.એ. (૧૯૫૯) સુધીનું શિક્ષણ મેળવી તેઓ બે વર્ષ સુધી અંગ્રેજીના અધ્યાયકપદે રહીને ઈ.સ. ૧૯૬૧ થી ભારતીય ઈન્કમટેક્ષ ખાતામાં પસંદગી પામ્યા અને તે ખાતામાં કમિશનર સુધીના ટોચના હોદ્દા સુધી પહોંચીને ૧૯૯૭માં નિવૃત્ત થઈ ભોપાલમાં સ્થાયી થયા છે. જો કે એ પૂર્વે વચગાળામાં થોડોક સમય તેમણે કેન્દ્રીય અનુવાદ બ્યૂરોમાં નિયામક તરીકે પણ પોતાની સેવાઓ આપેલી.

આ પૂર્વે 'વ્યાસ સન્માન'થી ૧૯૯૧માં રામવિલાસ શર્માને 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર ઔર હિન્દી' (વિવેચન) માટે, ૧૯૯૨માં શિવપ્રસાદ સિંહને 'નીલા ચાંદ' (કાવ્યસંગ્રહ) માટે, ૧૯૯૩માં ગિરજાકુમાર માથુરને 'મૈં વક્ત કે હૂં સામને' (કાવ્યસંગ્રહ) માટે, ૧૯૯૪માં ધર્મવીર ભારતીને 'સપના અભી ભી' (કાવ્યસંગ્રહ) માટે, ૧૯૯૫માં કુંવર નારાયણ ને 'કોઈ દૂસરા નહીં' (કાવ્ય-

સંગ્રહ)માટે, ૧૯૯૬માં રામસ્વરૂપ ચતુર્વેદીને 'હિન્દી સાહિત્ય ઔર સંવેદના કા વિકાસ' (ભાષાનો ઇતિહાસ) નિમિત્તે અને ૧૯૯૭માં કેદારનાથ સિંહને 'ઉત્તર કબીર' (કાવ્યસંગ્રહ) માટે પુરસ્કૃત કરવામાં આવેલા. વ્યાસ સન્માન કેવળ હિન્દી ભાષાની કૃતિઓને જ આપવામાં આવે છે.

- ડૉ. રજનીકાન્ત જોશી

અવલોકન

સાચુકલાં માનવીઓનો સંસ્પર્શ

સંવેદનશીલ અધ્યાપકની પારખુ દૃષ્ટિ અને સર્જકતાનો સ્પર્શ પામેલાં 'માનવતાના ભેરુ'નાં રેખાચિત્રો માટે ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ અભિનંદનના અધિકારી છે.



આ સંગ્રહનાં રેખાચિત્રોમાંથી પસાર થતાં સુખદ અનુભવ એ થાય છે કે આપણી નજર પડે એટલાં જ નજીક, જીવન ને સાચા અર્થમાં જીવી જનારાં એટલાં બધાં માનવીઓ વસે છે, જેમ નાં વિશે જાણ્યા વગર આપણું જીવતર ખાલીખાલી લાગે.

એકત્રીસ રેખાચિત્રોના આ સંગ્રહની વિશેષતા એ છે કે લેખકને એમની સાથે ગાઢ નાતો છે. ચંદુ કે શનિયો, રામસિંહ કે ગુરખાજી, નરસિંહ કે કાનજી, મનસુખ મદારી કે રંછો ઢોલી, ઢબોભા કે કંકુભા લેખકે તો જોયાં-અનુભવ્યાં છે, પરંતુ ભાવકો પણ એવો જ અનુભવ કરે છે. સમસંવેદનની આ સ્થિતિ સચ્ચાઈને લઈને આવે છે અને તેથી એ સૌ આત્મીય લાગે છે. મહાન મનુષ્યોનાં જીવન પ્રેરણાદાયી હોય છે અને ભવ્યોન્નત જીવન માટે પાથેય પૂરું પાડનારાં હોય છે એમ ભલે કોઈ કવિએ ગાયું હોય, અહીં લેખકને એવા મહાન મનુષ્યોની વાત નથી કરવી. એમને તો આપણી આસપાસ વસતી શ્વસતી વાસ્તવિક હસ્તીઓની વાત કરવી છે, જેમની બહિરંતર છબી ઢાંકપિછોડા વગરની છે, સચ્ચાઈ સ્પર્શી જાય તેવી છે. નિખાલસતા ભાર વગરની છે અને તેથી એ બધાં દશાંગુલ ઊર્ધ્વ રહે છે.

ચંદુ હતો તો પટાવાળો - સદાબહાર, મોજીલો. મોતીના દાણા જેવા અક્ષરોથી કોલેજના નોટિસબોર્ડ ઉપર સુવિચારો લખતો ચંદુ એકાએક બિડાઈ કેવી રીતે ગયો? ઉત્તર આપવો એકદમ સરળ નથી. લેખક કહે છે 'પીડાના ઝાડ પરથી પડતું મૂક્યું એણે...' ચંદુના જીવતરની કરુણતા ડઘાવી દે તેવી છે. રામસિંહ છે તો કોલેજનો ચોકીદાર, પરંતુ એના અંતરમાં ધબકતી નેકદિલી અને ભાવનાશીલતા આપણને સ્પર્શી જાય છે. પોતાના અલ્પ વેતનમાંથી અમુક રકમ નિયમિત રીતે માનવસેવાના કાર્યોમાં વાપરવાનો સંકલ્પ રામસિંહને ઊંચા ગજાનો માનવી ઠેરવે છે. સ્વભાવે સરળ નિષ્કપટ ગુરખાજી કોલેજના છાત્રાલયની ચોકીદારી કરે છે. તેનો પ્રકૃતિપ્રેમ, પ્રામાણિકતા, ફરજનિષ્ઠા ગમી જાય તેવાં છે. જીવતરને નોકરીથી અલગ ગણ્યું જ નહોતું એવા નેકદિલ ગુરખાજીનું હૃદય ત્યારે ભાંગી પડે છે જ્યારે કોલેજના આચાર્ય ભ્રષ્ટ નીરિરીતિ અપનાવી ગુરખાજીને નોકરીમાંથી રુખસદ આપે છે! 'સાબ, આપ જાને, આપકા કરમ જાને' એવું પ્રિન્સિપાલને ફકીરની અદાથી સંભળાવતા ગુરખાજીને ભૂલી શકાય નહિ.

ઢબોભા એક અનોખું વ્યક્તિત્વ છે. 'ઢબોભા એટલે ઢબોભા', એવી ગામ લોકોની ઉક્તિ સાવ સાચી છે. તેમના દામ્પત્યજીવનમાં ડોકિયું કરવા જેવું છે. 'મેમાન'થી સંબોધન કરીને પોતાની અર્ધપાગલ પત્નીને વૃદ્ધાવસ્થામાં માનપૂર્વક સારસંભાળ રાખતા ઢબોભા પ્રત્યે આપણને આત્મીયતાની લાગણી જન્મે છે. આખી જિંદગી બૈરીની તકલીફ રહી તોય કોઈ રાવફરિયાદ નહિ! ઢબોભાની એકેય તસવીર ભલે ન મળી આવતી હોય; ઢબોભા આપણી આંખ આગળ તરવર્યા કરે છે.

રસનાં અને આનંદનાં ચટકાં જ પૂરતાં છે, કૂંડાં ઠીક નહીં. આવાં સરસ વ્યક્તિચિત્રો આપનાર ભગીરથભાઈ ટૂંકાં ટૂંકાં વાક્યોવાળું ગદ્ય રચે છે ત્યારે માનવ-ચિત્તની સંકુલ અવસ્થાઓ-મથામણો સ્પષ્ટ રીતે પ્રકટ કરી આપે છે. 'ઉદોજી' કે 'ભૂપેન્દ્ર'નાં વ્યક્તિચિત્રો એની સાખ પૂરશે. લેખક ક્યારેક જ વાત માંડે છે. થોડુંક પ્રાસ્તવિક કર્યા પછી પાત્ર, પરિવેશ આપમેળે ઊઘડે છે, અને ભાવકના ચિત્તને ઝકઝોર કરી જાય છે. ભગીરથભાઈ ભાષા-સાહિત્યના સંનિષ્ઠ અધ્યાપક જ માત્ર નથી. ગીત કવિ છે, લલિતનિબંધના સર્જક છે. એમને પાત્રોચિત, પ્રસંગોચિત ભાષા હાથવગી છે. સ્થૂળ ઘટનાની ભીતર ડોકિયું કરાવવામાં તેમણે ભાષાને અસરકારક રીતે ખેડી છે, તેથી ચરિત્રો સજીવ બનીને રહે છે. - રમેશ એમ. ત્રિવેદી

('માનવતાના ભેરુ' લે. ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્ર. આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૯૮, પૃ. ૧૩૯. કિં. રૂા. ૬૦-૦૦)

પ્રાપ્ત પ્રકાશનો

સંસાર - સંન્યાસ : લેખક - જયંતીલાલ મહેતા, પ્રકા.: રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ. ૧૯૯૭, ક્રાઉન, પૃ.૧૯૨, રૂ.૭૨. સ્વામી શંકરાનંદજીના તપસ્વી અને આધ્યાત્મિક જીવન પર રચાયેલી આ એક સુંદર નવલકથા છે.


સંત કિકુદાસ : લેખક ઈન્દુ પુવાર, પ્રકાશક : ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૭, ક્રાઉન, પૃ.૨૪૮, પાકું પૂઠું, રૂ.૯૩. કથાને સ્ટેજના માધ્યમ સાથે સાંકળી

કલાવાર્તા

કલાકાર રમેશ પંડ્યા

સુરતમાં ૧૯૩૦માં જન્મેલા રમેશ પંડ્યાએ નાનપણમાં માતપિતાની છત્રછાયા ગુમાવવાથી મામાને ત્યાં ચાંદોદમાં ઉછર્યા. ત્યાંના મહાદેવના મંદિરનાં સુદંર ભીંતચિત્રોને નાનપણમાં વારંવાર જોયાં અને તેના સંસ્કારોને લીધે તેમનામાં કલાકાર જન્મ્યો.


શાળાના અભ્યાસ પછી જાણીતા કલાકાર કનુ દેસાઈ પાસે તાલીમ લેવાની ખાસ ઈચ્છા હતી, પરંતુ કલાગુરુ રવિશંકર રાવળે તેમને તેમ કરતા અટકાવ્યા અને વડોદરાની ફેકલ્ટિ ઓવ્ ફાઈન આર્ટ્સમાં દાખલ થવાની સલાહ આપી. અહીં ફેકલ્ટિની શરૂઆતનાં વર્ષોમાં જ જાણીતા કલાકારો અને પ્રાધ્યાપકો શ્રી. એમ. એસ. બેન્દ્રે અને શ્રી કે.જી. સુબ્રમન્યન પાસે કલાની દીક્ષા લીધી અને ભારતીય કલાના આધુનિક પ્રવાહોથી સુમાહિતગાર થયા. કૉલેજના પ્રથમ વર્ષ પછી તેમને મેરિટ સ્કોલરશિપ મળી અને એમની સમગ્ર એકેડેમિક કારકિર્દીમાં અવ્વલ સ્થાને રહ્યા. પ્રથમ વર્ગમાં ગ્રેજ્યુએટ થઈ પોતાની માતૃસંસ્થામાં જ ૧૯૫૬થી જૂનિઅર વ્યાખ્યાતા તરીકે નિયુક્ત થયા. ૧૯૭૭માં યુ.એસ.એ.માં ઈલિનોઈ સ્ટેટ યુનિવર્સિટી-




અંબાજીનું ત્વરાલેખન



← હાટમાંથી પાછુ ફરતું આદિવાસી યુગલ



↑ વિશ્રામ



જળરંગી દર્શચિત્ર

માં ગયા અને ત્યાંથી ૧૯૭૯માં એમ.એ.-ની પદવી પ્રાપ્ત કરી. વડોદરા પાછા ફર્યા પછી પુનઃ માતૃસંસ્થામાં જ ચિત્રકલા વિભાગમાં રીડર તરીકે નિયુક્ત થયા. આજે તો તેઓ નિવૃત્ત હોવા છતાં પણ કલાપ્રવૃત્તિમાં સક્રિય છે.

રમેશભાઈએ તેમની કારકિર્દી દરમિયાન તૈલરંગોમાં અને જળરંગોમાં આઠ વૈયક્તિક પ્રદર્શનો કર્યાં છે. આ પ્રદર્શનો વડોદરા, મુંબઈ, અમદાવાદ, ઈંદોર તથા યુ.એસ.માં પણ ભરાયાં. કલાચાહકો તથા કલાવિવેચકોની તે ખૂબ પ્રશંસા પામ્યાં. પોલેન્ડ ખાતે ગોઠવાયેલાં એક ગ્રાફિક પ્રદર્શનમાં પણ તેમણે ભાગ લીધો. તેમણે ફોટોગ્રાફીના પ્રદર્શનમાં પણ ભાગ લીધો હતો.

રમેશભાઈને અનેક સિદ્ધિઓ મળી છે, પણ તેમાં ખાસ તો ભીંતચિત્રો તથા ગુજરાતનાં ભીંતચિત્રો અંગેના સંશોધન, દસ્તાવેજીકરણ માટેનું તેમનું પ્રદાન નોંધ- પાત્ર છે. વળી, તેમણે સ્વયં મ્યૂર તૈયાર કર્યાં છે. ૧૯૬૦માં તેમણે 'મહારાણાપ્રતાપ' મ્યૂરલ તૈયાર કર્યું. આજે દિલ્હીમાં પાર્લમેન્ટ હાઉસને તે શોભાવે છે. વળી, ૧૯૬૯માં તેમણે આઠ હૃદય-સ્પર્શી ભીંત-ચિત્રો ગાંધીશતાબ્દી ઉજવણી નિમિત્તે કોમી સંવાદિતા અને અસ્પૃશ્યતા નિવારણ જેવા પ્રસ્તુત વિષયો પર તૈયાર કર્યાં. ન્યૂઝિલૅન્ડમાં એક ગ્રામ દૃશ્યનું મ્યૂરલ પણ તેમણે તૈયાર કર્યું. અમદાવાદના અંબાલાલ સારાભાઈ ફાઉન્ડેશનની દીવાલો પર સીધે- સીધા તૈયાર કર્યાં છે. ગાંધી-નગરમાં અક્ષર- ધામમાં તેમના વિદ્યાર્થી-ઓની મદદ વડે તેમણે ભારતના જાણીતા ભીંતચિત્રોની પ્રતિકૃતિઓ તૈયાર કરાવી. રમેશભાઈ હૃદયથી આજીવન શિક્ષક જ રહ્યા છે. એટ[illegible] સ્વાભાવિકપણે તેમ[illegible] શૈક્ષણિક કાર્યક્રમોમાં વધુ રસ છે. [illegible]



માંઝક મ્યૂરલ

ઘુમક્કડ છે. ભૂતકાળની ભારતીય કલાનાં વિવિધ રૂપો જોવાનો તથા તેનો અભ્યાસ અને તે અંગેનું સંશોધન કરવામાં તેમને સવિશેષ રસ છે. અત્યાર સુધીમાં ગુજરાતનાં વીસથી પણ વધુ એવા ગામડાં-ઓમાં નામશેષ થઈ રહેલાં મકાનો તથા મંદિરોમાંનાં ભીંતચિત્રોનો તેમણે મહત્ત્વનો સર્વે કર્યો છે, જેમાંનાં કેટલાંક ભીંતચિત્રો તો ૧૮મી સદીનાં પણ છે.

ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટીએ એમને ભારતના એક વેટરન-અનુભવી-કલાકાર તરીકે નવાજ્યા છે. વળી, ત્રિવેણી અને કલાવિધિ દ્વારા પણ તેમને સન્માન મળ્યું છે. તેમની દૃષ્ટિએ કલા જીવનલક્ષી છે. અને તે જેમ જીવન પાંગરે છે તેમ પાંગરે છે. તેમને [illegible] ચિત્રો પસંદ નથી.



નાયિકાના પગે અળતો લગાડતી દાસી



સિંહનું હાથી પર આક્રમણ

તેઓ સ્વયં તેમનાં ચિત્રોને સાદાં શીર્ષકો આપે છે કે જેથી સામાન્ય વ્યક્તિ પણ તે વાંચી ચિત્રોને આસ્વાદી શકે.

રમેશભાઈ ચિત્રકાર, ફોટોગ્રાફર ઉપરાંત પપેટીઅર (કઠપૂતળીકાર) પણ છે. આજે જ્યારે રાજસ્થાન અને ગુજરાત-માંથી કઠપૂતળીની કલા ધીમેધીમે અદશ્ય થઈ રહી છે ત્યારે તેમણે આ કલાને નવજીવન બક્ષ્યું છે. રમેશભાઈએ ભવાઈના લોકનૃત્ય સ્વરૂપમાં પણ ગહન રસ લીધો છે અને 'ભવાઈ'ના એક વેશમાં 'જુઠણમિયાં'નું પાત્ર પણ અસરકારક રીતે ભજવ્યું છે. આમ, અનેકદેશીય પ્રતિભા ધરાવતા, હંમેશા પ્રસન્ન રહેતા રમેશભાઈ પંડ્યાનું ગુજરાતના તથા ભારતના કલાક્ષેત્રમાં નિઃશંકપણે પ્રદાન છે.

- બંસીલાલ દલાલ

કનુભાઈ પંચાલનાં દશ્યચિત્રો

કનુભાઈ પંચાલ મૂળ તો કલાશિક્ષક છે. ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી તેમણે અમદાવાદની ન્યૂ સર્વોદય હાઈ સ્કૂલમાં



કલાશિક્ષક તરીકે સેવાઓ આપી. સંસ્થાના તેમના અધ્યાપનકાળ દરમિયાન ઘણા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રિય તથા આંતર-રાષ્ટ્રિયસ્તરે ઈનામો પ્રાપ્ત કર્યાં. તેમને સંગીત, નાટ્યકલા, ફોટોગ્રાફી તથા પ્રવાસ માં ઊંડી રુચિ છે. ૧૯૬૫માં ચિત્રકલામાં જી.ડી.એ. તથા આર્ટ માસ્ટર (એ.એમ.)-ની પરીક્ષાઓ પસાર કરી. ૧૯૬૩માં માયસોર ખાતે દશેરા કલાપ્રદર્શનમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું. તેમણે શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી તથા પ્રેરણાદાયી નીવડે એવાં ચિત્રકામ-શિક્ષણ અંગેનાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. તેમણે જાણીતા ચિત્રકાર સોમાલાલ શાહ જોડે ચિત્રકામ કર્યું. ૧૯૭૧, ૧૯૮૭ તથા ૧૯૯૭માં અમદાવાદમાં વન-મેન શો કર્યા તથા '૭૨, '૭૩, '૭૮માં ગ્રૂપ શોમાં ભાગ લીધો. ૧૯૭૩માં એક ગ્રૂપ શો મુંબઈમાં યોજાયેલો. તેમનાં દશ્યચિત્રો જળરંગોમાં હોય છે, અને તેમાં તેમની કુદરત પ્રત્યેની પ્રીતિ તથા નિજી દૃષ્ટિ વ્યક્ત થયાં હોય છે. પછી તેમણે કઠપૂતળીઓમાંથી પ્રેરણા લઈ એક પ્રતીકાત્મક શ્રેણી તૈયાર કરી. આ ચિત્રો પ્રશંસા પામ્યાં. પછી તેમણે લોકકલાનાં તત્ત્વોને તેમનાં ચિત્રોમાં સમાવી એક શ્રેણી તૈયાર કરી. પતંગોનો પણ તેમણે તેમનાં ચિત્રોમાં કલાત્મક ઉપયોગ કર્યો. બદરીનાથ-કેદારનાથની યાત્રા દરમિયાન ભવ્ય દશ્યો તથા આધ્યાત્મિક અનુભૂતિને તેમનાં દશ્યચિત્રોમાં સાકાર કરવાનો નમ્ર પ્રયત્ન તેમણે કર્યો છે. તેમણે સૌમ્ય રંગોનો ઉપયોગ કર્યો છે. બદામી, આછો ભૂરો, લીલો તથા હિમાલયના બરફનો ધવલ રંગ ત્યાંના વાતાવરણને ઉપસાવવામાં કામયાબ છે.




બદરીનાથના મંદિરની સમીપનો પરિવેશ




પ્રતીકોનો કલાત્મક ઉપયોગ


વળી, શાંત બદામી રંગના પહાડો આછા ધવલ, આકાશી વાદળીના તથા જમીનના લીલા રંગ કે એકલવાયા વૃક્ષની વચમાં કેન્દ્રસ્થ કોઈ સંતનાં વસ્ત્રોનો ભગવો રંગ ધ્યાનાકર્ષક બને છે. તેમણે વર્ષો પૂર્વે કરેલું રાણકપુરના મંદિર તથા ત્યાંના વાતાવરણનું દશ્યચિત્ર પણ યાદગાર કૃતિ



રાણકપુરનું મંદિર



હિમાલયને માર્ગે



ડાબે ચિત્રસર્જનમાં તલ્લીન સાધુ કૃષ્ણ સ્વરૂપદાસ અને જમણે તેમણે દોરેલું ચિત્ર (તસ્વીર : કિશોરસિંહ રાઠોડ)

છે. વર્તમાનમાં કનુભાઈ તાંત્રિક ચિત્રકલાની અસર હેઠળ ભારતીય ધાર્મિક પ્રતીકો ને ભારતીય રંગોમાં સુંદર ચિત્રો સર્જી રહ્યા છે. - બંસીલાલ દલાલ

એક અભૂતપૂર્વ

ઐતિહાસિક-કલાત્મક ઘટના

બાળલકવા નાબૂદી અભિયાન

ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અમદાવાદ મહાનગરપાલિકા તથા ગુજરાતના કલાકારો, કલા-અધ્યાપકો, કલાના વિદ્યાર્થીઓ, કલા-સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના સૌજન્યથી ગુજરાતના ૧૮૩૪ કલાકારો દ્વારા કાંકરિયા તળાવની ફરતે ૨૨૦૦ મીટર લંબાઈના સળંગ કેનવાસ પર અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટના 'બાળ- લકવા નાબૂદી અભિયાન ૧૯૯૮-૯૯' કાર્યક્રમ યોજાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશને સુંદર વ્યવસ્થા કરી હતી. વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ એસોસિયેશનના મંત્રી શ્રી અરવિંદભાઈ વાકાણીએ સમગ્ર કાર્યક્રમમાં સક્રિય સાથ આપ્યો હતો. વળી, અન્ય અઢાર સંસ્થાઓ પણ સહભાગી થઈ હતી.આ પ્રસંગે ભૂપેન ખખ્ખર જેવા આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકારે હાજર રહી ચિત્રકામ કર્યું. અન્ય જાણીતા કલાકારો અમિત અંબાલાલ, બાલકૃષ્ણ પટેલ, જનક પટેલ, અમૃત પટેલ, નવીન ભગત, સી.ડી. મિસ્ત્રી, અપૂર્વ દેસાઈ, નટુભાઈ પરીખ, નટુભાઈ મિસ્ત્રી, ગજેન્દ્ર શાહ, અશોક શાહ, મનુ પારેખ, વૃંદાવન સોલંકી, માધવ રામાનુજ અને અન્ય ઘણા અમદાવાદના કલાકારો હતા. આરોગ્ય મંત્રી શ્રી અશોક ભટ્ટે કાર્યક્રમને સફળ બનાવવા અંગત રસ લીધો હતો.

આ પ્રદર્શન સાચા અર્થમાં વૈશ્વિક પ્રદર્શન બન્યું. તેની નોંધ ગિનેસબુકમાં લેવાય તો નવાઈ નહિ. વિદ્યાર્થીઓએ ખાસ 'પોલિયો' વિષય પર તેમની દૃષ્ટિ પ્રમાણે ચિત્રો કર્યાં. મોટા ભાગનાં ચિત્રો પોસ્ટર જેવાં બન્યાં હતાં, છતાં પોલિયો અંગેની જાગૃતિ ફેલાવવાનું એક અવિસ્મરણીય અને પ્રશંસ્ય કાર્ય તેમણે કર્યું એમાં શંકાને સ્થાન નથી. - બંસીલાલ દલાલ



અજરાડા ઘરાનાના સુખ્યાત તબલાવાદક શ્રી સુધીરકુમાર સક્સેના

અડકો દડકો

કિશોરકથા

અમારા છેલભાઈ

શ્રદ્ધા ત્રિવેદી

નાનો સુમન આ વાત છેલભાઈને કહેવા દોડેલો. જ્યારે શેઠની અંતિમ યાત્રા નીકળી ત્યારે માત્ર ચાચાની જ નહિ, ઘોડારમાં ખીલે બંધાયેલા છેલભાઈની આંખમાંથીયે ગંગાજમના વહેવા લાગેલી. ને છેલભાઈને રડતા જોઈ મહોલ્લાના છોકરાઓ પણ ગળગળા થઈ ગયેલા. છેલભાઈએ તે દિવસે કંઈ કરતાં કંઈ ખાધું નહિ ને સુમન પણ ભૂખ્યો રહ્યો.

સાંજે જ્યારે સુમને ફરી ચાચાનું ને ઘોડાગાડીનું નામ લીધું કે બળતામાં ઘી હોમાયું. એક બાજુ પિતાનું અણધાર્યું મરણ, તેનો શોક, સ્મશાનેથી આવ્યા બાદનો થાક, ને બીજી બાજુ સુમનની હઠ નવીનનો ગુસ્સો હાથબહાર ગયો. મૂળેય તેને આ છેલ ને ચાચા માટે અણગમો હતો, તેમાં પોતાના નાનકડા પુત્ર સુમનની એના તરફની ઘેલછાભરી લાગણી જોઈ. તેને એ નહોતું સમજાતું કે સુમનને છેલ પાસે આટલું બધું રહેવું કેમ ગમે છે? 'આ ઘોડાને લીધે કેટલી બધી ગંદકી થાય છે?' તેણે પિતાને પણ આ અંગે અવારનવાર કહેલું. અનેક વાર તેણે એની વિરુદ્ધ ફરિયાદો કરેલી. પણ પિતા પાસે તેનું ઝાઝું ચાલતું નહોતું. છેલભાઈ ને ચાચા માત્ર શેઠને જ નહિ સૌ મહોલ્લાવાળાઓને ગમતા હતા ને તેથી નવીનની તતૂડી ઘણી વાગતી તોય સંભળાતી નહિ.

વળી નવીન નાનો હતો ત્યારે એક પ્રસંગ બની ગયેલો, જે હજી તેનાથી ભુલાયો નથી. ચાચા ઘોડા માટે ચંદી લેવા બહાર ગયેલા; શેઠ ઊંઘી ગયેલા. છેલભાઈ પણ ઊંઘતા હતા. નવીન ધીમે રહી, બિલ્લીપગે ગયો અંદર ને ઘોડાની પૂંછડીને તેના પગ સાથે બાંધી દેવા પ્રયત્ન શરૂ કર્યો. તે ધીમેથી બાંધવા તો ગયો પણ છેલ જેનું નામ : એ છેતરાય? એણે પોતાની પૂંછડી એવી તો ઝાટકી કે નવીનના મોં પર જોરથી ઝાપટ લાગી, તેના ગાલ તમતમી ગયા. ચીડના માર્યા નવીને ખૂણામાં પડેલી ચાબુકથી ઘોડાને ફટકા મારવા માંડ્યા. ઘોડો ખીલા સાથે બંધાયેલો હતો, તેથી કૂદાકૂદ કરવા માંડ્યો. ચાચા આવી પહોંચ્યા. ઘોડાને કૂદતો જોઈ તેમના પેટમાં ફાળ પડી. નવીનના હાથમાંથી ચાબુક લઈ લીધી. ફેંકી દીધી ને ડાબા હાથની એક સટાક દઈ દીધી. નવીનનો ગાલ ચમચમી ગયો. તે રડતો રડતો ગયો પિતા પાસે, આગળ નવીન ને પાછળ ચાચા. રડતા નવીનને જોઈ પિતા બોલી ઊઠ્યા : 'અરે બેટા! આ શું? કોણે તને માર્યું ?'

નવીને રડતાં રડતાં જ પાછળ આવતા ચાચા સામે જોયું. શેઠે ચાચાને કહ્યું : 'અરે! ચાચા મરાય? તમે તે...' શેઠ ગુસ્સે થઈ બીજું બોલવા જતા હતા ત્યાં જ ચાચા બોલ્યા : 'શેઠ હમેં માફ કરના. હમકો ભી બહોત દુઃખ હોતા હૈ. મગર નવીનબાબુ છેલ કો ચાબુક સે પીટ રહે થે. મુઝસે દેખા નહિ ગયા... ઔર મુઝસે...' અને તેમની આંખો આંસુથી ઊભરાઈ ગઈ,



શેઠ આગળ રડતો નવીન, બાજુમાં ચાચા

નવીનને પોતાની ગોદમાં લઈ, શેઠ વહાલથી કહેવા લાગ્યા : 'બેટા, છેલને શા માટે પજવે છે? હવે ના પજવીશ, હોં.' ત્યારે નવીનને મનમાં થયું. 'મને માર્યો, તોય બાપુ ચાચાને વઢ્યા નહિ. શેઠે તો એ વાતને પછી હસીને ખંખેરી કાઢી. પણ નવીનના મનમાં ત્યારથી ચાચા સામે એક મજબૂત ગાંઠ બંધાઈ ગઈ. ચાચા એને પછી બોલાવતા તોય તે જતો નહિ.

છેલના પ્રતાપે હોય તેમ શેઠની દિવસે દિવસે ચઢતી થતી ગઈ. આથી શેઠ નવીનની છેલભાઈ વિરુદ્ધ છાશવારે આવતી ફરિયાદો સાંભળતા નહિ. થોડા મોટા થયા બાદ નવીને આ ઘોડાગાડી કાઢી નાખવાની જ વાત શરૂ કરી. પણ શેઠ એની વાત એક કાને સાંભળી, બીજે કાને કાઢી નાખતા હતા. ને એમ જ ઠીક ઠીક સમય પસાર થઈ ગયો.

સમય જતાં નવીનને ત્યાં પુત્રનો જન્મ થયો, નામ પાડ્યું સુમન. શેઠની ખુશાલીનો ત્યારે પાર ન રહ્યો. ચાચાએ એ વાત જ્યારે છેલભાઈના કાનમાં કહી ત્યારે તે કાન ઊંચા કરી, હણહણી ઊઠ્યો. પૂંછડું મસ્તીમાં હલાવવા લાગ્યો.

ટુચકા / રાજેન્દ્ર શાહ

કેતન ખાતો કા...જુ,
ખુશાલ ખાતો ખા..જુ,
બન્નેની વચમાં બેસીને
વિનૂ વગાડે વા...જુ.

*

ઘર-આંગણને ચોક પણે
ચકલી કણકણ ચોખો ચણે.
હોઠે પેન અડાડી હેમલ
પાંચ સાત દસ વીસ ગણે.

*

બન્દા બેઠાં બારી પર,
આ બાજુ રસ્તો, આ ઘર.
હાથ હલે બે પાંખો જેમ -
નળનો ના આઘો ચન્દર.



છેલ સાથે રમતો સુમન

થોડા વખત પછી તો સુમન ઘૂંટણિયાં ભરતો ભરતો છેલભાઈની સાથે રમવા પણ લાગ્યો. પહેલી વાર જ્યારે સુમન છેલભાઈ સાથે રમવા ગયેલો ત્યારે તો નવીને ગુસ્સામાં આખું ઘર માથે કરેલું. છેલ પ્રત્યેની પોતાની ખીજ તેણે સુમન પર ઉતારેલી. 'મંજરી, હવે તે ત્યાં ન જાય તે જોજે. નહિ તો એને હું પેલી ગજારમાં પૂરી રાખીશ.'

પણ પછી જેવો બીજો દિવસ થયો કે સુમન તો છેલભાઈ પાસે પહોંચી ગયો. સુમન અને છેલભાઈ વચ્ચે એવી તો દોસ્તી બંધાઇ ગઈ હતી કે જેવી પેલા માછલાને જળ સાથે હોય છે. નવીન તો પગ પછાડતો રહ્યો ને સુમન છેલભાઈ સાથે રમતો રહ્યો.

ધૂળેટીને દિવસે તો સુમન અને છેલભાઈ વચ્ચે ધીંગામસ્તી થઈ કે નવીનની આંખમાં તે કણાની જેમ ખૂંચવા લાગ્યો.

તેમાં વળી આજે પિતાના મરણથી દુઃખી નવીન સુમનના વર્તનથી વધુ ખિજાયો. પિતાના અચાનક મૃત્યુથી તે હેબતાઈ ગયો હતો. ઘરે આવ્યો તો ખબર પડી કે સુમન સવારનો છેલભાઈ પાસે જ હતો ને સાંજેય પાછો ત્યાં જ જવા ઊપડ્યો. દોડીને બહાર જતા સુમનને આથી નવીને કડકાઈથી પાછો બોલાવ્યો : 'સુમન, પાછો આવ.'

સુમન આવ્યો. નવીને પૂછ્યું : 'ખાધું?'

સુમન : 'ના, ભૂખ નથી.'

નવીન તેને પોતાની સાથે રસોડામાં લઈ ગયો ને ખાવા બેસાડ્યો. તુરત સુમને પૂછ્યું : 'મમ્મી, દાદા અત્યારે ક્યાં હશે?'

ભીની આંખે ને ભારે અવાજે મંજરીએ કહ્યું : 'બેટા, એ તો ભગવાન પાસે છે.' રોજ દાદા સાથે જમવા બેસવા ટેવાયેલો સુમન કંઈક મૂંઝાતો હતો. થોડી વાર તો સુમન ચુપચાપ મા સામે જોઈ રહ્યો. પછી બોલ્યો : 'કાંઈ નહિ, દાદા જ કહેતા હતા કે સફરુચાચાય દાદા કહેવાય. ભવે હું એમની સાથે બેસીને ખાઈશ.' એ તો એવું કહી ઝડપથી પોતાની થાળી લઈ ચાલવા માંડ્યો...' આ જોઈ નવીનના બૂમબરાડાથી ઘર ગાજી ઊઠ્યું : 'શું બોલ્યો? હવે તું ચાચા સાથે જઈને ખાઈશ? દાદાએ બહુ ચઢાવ્યો છે તને. હવે આવાં નાટક નહિ ચાલે, સમજ્યો? મંજરી, બેસાડ એને તારી પાસે. બોલ્યો મોટો, સફરુચાચા દાદા જ છે. હવે તારા એ દાદાનેય પણીચું દઈશ ત્યારે જ તેને સાન આવશે.'

પણ સુમન તો એનું સાંભળ્યું ન સાંભળ્યું કરી થાળી લઈને ભાગ્યો જ ને પહોંચ્યો સીધો ચાચા પાસે. આગળ સુમન ને પાછળ મંજરી. 'બેટા, સુમન, ઊભો રહે. મારી વાત તો સાંભળ.' પણ વાત સાંભળવા ઊભો રહે તે સુમન શાનો? કનૈયો તે જશોદાને દોડાવે જ ને? તે તો પહોંચ્યો ને ચાચાને કહેવા લાગ્યો : 'ચાલો સફરુચાચા, આપણે સાથે બેસીને ખાઈએ.'

ને તે સફરુચાચા ખાતા હતા તેમની



ચાચા સાથે જમતો સુમન

બાજુમાં બેસી ગયો ને ખાવા માંડ્યો. સફરુચાચા વચ્ચે પંખો નાખવા લાગ્યા. ત્યાં મંજરી આવી. 'સુમન, આમ કેમ ગાંડાઈ કરે છે ? પપ્પા બૂમો પાડે પછી ઊભો કેમ ના રહ્યો? હશે, ચાલ, ખાઈ લે. પણ ફરી આવું ના કરીશ, હોં! પપ્પા નાહકના ચાચા પર ખિજાશે.'

'વહુ બેટા, સુમન તો હજી બાળક છે એ કંઈ સમજે છે? આવવા દો તેને. એ ખાઈ રહેશે એટલે ઘેર મોકલું છું. તમે જાઓ, આરામ કરો.' આટલું બોલતાં તો ચાચાનો અવાજ કંઈક ભારે થઈ ગયો. જરા વાર રહી તે બોલ્યા : 'મને થાય છે, હવે ખુદા મનેય શેઠની તહેનાતમાં બોલાવી લે તો સારું.'

આ સાંભળી મંજરીથી રડી દેવાયું. 'ચાચા, આવું ન બોલો. તમેય જશો તો પછી સુમનનું શું થશે?'

'અરે! સુમનનું તો બધું સારું જ થશે, જો હું ને તારો આ દોસ્ત છેલ ખૂબ થાકી ગયા છીએ. ખાઈ લે. ને પછી ઘેર જઈ મા સાથે સૂઈ જા, હોં, હવે કાલે રમજે.'

મંજરી ગઈ. થોડી વારે કમને સુમન ગયો. સુમનને જતો જોઈ ચાચા ખૂબ રડ્યા ને ક્યારે ઊંઘી ગયા તેની તેમને ખબરેય ના રહી.

પણ એ આખી રાત નવીન ન ઊંઘી શક્યો. ચાચાને કઈ રીતે અહીંથી દૂર કરવા તે અંગે જ તેણે વિચાર્યા કર્યું : 'જો કાલ ને કાલ ચાચાને વિદાય કરીશ તો બધાંની આંકમાં તરત એ વાત આવી જશે. માટે મારે કળથી કામ લેવું પડશે. સુમનની માયા પણ ઓછી કરાવવી પડશે.'

પછીના પંદર દિવસ તો પિતાની ક્રિયામાં ક્યાંય પસાર થઈ ગયા. તે અવારનવાર ચાચાને પૂછતો પણ ખરો કે, 'કંઈ તકલીફ તો નથી ને? કંઈ જોઈતું કરતું હોય તો કહેજો.' ચાચા સામે તેને પ્રેમથી, વિનયથી વાત કરતો જોઈ મંજરીને જ નહિ, બીજાં ઘણાંને નવાઈ લાગી. (ક્રમશઃ)

સૌન્દર્યધામ ગંગટોક
(દેશાટન-૧)



હિમાલય પર્વતમાળાની મધ્યમાંની રાજધાનીનું શહેર ગંગટોક ન્યૂ જલપાઈ- ગુડીથી ૧૨૫ ક્લોમીટર દૂર છે. ઉત્તર-પૂર્વની હાવડા/સિયાલદર/ગુવાહહાડી રેલવે લાઈનથી ન્યૂ જલપાઈગુડી સ્ટેશન પહોંચી શકાય છે અને ત્યાંથી સડક-રસ્તે સિક્કિમ જઈ શકાય છે.

૫૮૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા ગંગટોક શહેરની મોસમ આખું વર્ષ સુંદર રહે છે. માર્ચથી મે અને ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીનો સમય અહીંના પ્રવાસ-પર્યટન માટે ઘણો અનુકૂળ રહે છે.

ગંગટોકમાં પ્રાકૃતિક સૌન્દર્ય પ્રચુરમાત્રમાં તેમજ નજીકમાં ઘણાં રમણીય જોવાલાયક સ્થળો છે. ગંગટોકથી ૩ કિલોમીટર દૂર પહાડ પર બસો વર્ષ પહેલાંનો એક ભવ્ય મઠ આવેલો છે, એ ન્યુંગમો શાખાના બૌદ્ધ સંન્યાસીઓ માટે શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. આ મઠમાં મહાત્મા બુદ્ધની અનેક પ્રતિમાઓ તથા બીજી વસ્તુઓ છે.

પહાડ પર સાંગો નામે એક મોટું જળાશય આવેલું છે, કિનારે એક ભવ્ય મંદિર શિયાળા પાણી થીજીને બરફ થઈ જાય છે. વસંત અને પાનખર નાં ફૂલ તથા છોડથી એની શોભા વધી જાય છે.

ગણેશટોક પર્વતના શિખર પર આવેલાં મંદિર પરથી કંચનજંગા પર્વતમાળા અને હનુમાનટોક પરના મંદિરથી ગંગટોક જોઈ શકાય છે.

ગંગટોકમાં પર્યટકોને રહેવા-જમવા માટે હોટેલો અને દર્શનીય સ્થળો સુધી જવા માટેની જીપ-મોટરો વાજબી ભાવથી મળી રહે છે. ('યોગક્ષેમ'ને આધારે)



જો કાળના સંદર્ભમાં, આ આજ એ ગઈકાલ છે,
ને કાળના સંદર્ભમાં, જે આવતી એ કાલ છે,
આ કાળના પંજા મહીં, સૌ શાલભંજિકા જ છે;
જે કાળને પામી શકે, એ કાળનો પણ કાળ છે.

- જગદીશ એન. શેલત

શિવાનંદ અધ્વર્યુનો સ્વર્ગવાસ

ઑક્ટોબર ૨૨, ૧૯૯૮ના રોજ સાંજે ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં ૯૨ વર્ષની વયે દેહ છોડી સ્વામી શિવાનંદ અધ્વર્યુ બ્રહ્મલીન થયા. ડૉ. શિવાનંદ અધ્વર્યુનો જન્મ ઈ.સ. ૧૯૦૬ના ડિસેમ્બરની ૧૮મી તારીખે સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસેના બંડારા નામના ગામમાં થયો હતો. એમનું જન્મનામ ભાનુશંકર હતું. એમના પિતાનું નામ ગૌરીશંકર અધ્વર્યુ હતું માતાનું નામ પાર્વતીબહેન - એમના પિતા ગોંડલ રાજ્યના પોલીસખાતામાં ઓફિસર તરીકે નોકરી કરતા હતા.

ભાનુશંકરે ગોંડળની શાળામાં અભ્યાસ કર્યો હતો. મૅટ્રિક પાસ થયા પછી કૉલેજની વિજ્ઞાન શાખાની કેળવણી અમદાવાદમાં લીધી. તેઓ ત્યાર પછી તબીબી કૉલેજમાં દાખલ થયા. એ જમાનામાં એલ.સી.પી.એસ. અને એમ.બી.બી.એસ. એમ બે ડિગ્રી અપાતી. ભાનુશંકર ૧૯૩૦માં એલ.સી.પી.એસ. થયા. તે વખતે કરાંચીથી હુબલી (કર્ણાટક) સુધીનો પ્રદેશ મુંબઈ ઈલાકા તરીકે ગણાતો. આખા ઈલાકામાં તેઓ એલ.સી.પી.એસ. પરીક્ષામાં પ્રથમ નંબરે આવ્યા હતા. તરત જ તેઓ સરકારી ખાતામાં દાક્તર તરીકે જોડાયા.

યુવાનવયે ભાનુશંકરનાં લગ્ન જયાબહેન સાથે થયાં. તેમને એક દીકરી થઈ. એનું નામ ઉષા રાખવામાં આવ્યું. અમદાવાદ જિલ્લામાં અને પછી ડાંગ જિલ્લામાં ડૉ. ભાનુશંકરે સરકારી દાક્તર તરીકે ચાર વર્ષ કાર્ય કર્યું અને ત્યાર બાદ તેઓ મુંબઈની સરકારી હૉસ્પિટલમાં જોડાયા. તેમણે કેટલોક વખત પાટણમાં પણ કામ કર્યું. દાક્તરી સેવા સાથે તેમણે એમ.બી.બી.એસ. થવા માટેનો પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને ૧૯૪૦માં એમ.બી.બી.એસ. થયા. એ સાથે તેમણે આંખના દક્તર તરીકે પણ અભ્યાસ કરીને તાલીમ લઈ લીધી હતી. પોતે નજરે જોયેલી દાંડીયાત્રાથી અને મહાત્મા ગાંધીજીથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે દેશની આઝાદી માટે અને ગરીબો માટે કશુંક કરી છૂટવાની ભાવના એમના મનમાં જાગ્રત થઈ હતી અને ઉત્તરોત્તર એ દૃઢ થતી ગઈ હતી.

ડૉ. અધ્વર્યુની જુદેજુદે સ્થળે બદલી થતી. પાટણમાં તેઓ હતા ત્યારે જૈન મુનિ શ્રી ન્યાયવિજયજીના સંપર્કમાં આવ્યા - એમની પાસેથી ડૉ. અધ્યવર્યુને ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મળતાં. એમની સાથેના સંબંધથી ધર્મનો, જનકલ્યાણનો રંગ લાગ્યો હતો.

પોતે સરકારી દાક્તર હતા ત્યારે એક વખત એમની બદલી ધંધુકા ખાતે થઈ હતી. એ ભાલ - નળકાંઠા વિસ્તારમાં ધર્મબોધ સાથે લોકસેવાનું કાર્ય કરતા જૈન મુનિ સંતબાલજીના સંપર્કમાં તેઓ આવ્યા. તેઓ સંતબાલજીની ઉદાત્ત ભાવનાઓથી અને નિર્મળ ચારિત્ર્યથી પ્રભાવિત થયા અને તેમની જ પ્રેરણાથી એમણે નેત્રયજ્ઞનું ત્યાં આયોજન કર્યું. સરકારી ખાતામાં બઢતી પામતાં પામતાં ડૉ. ભાનુશંકર અધ્વર્યુને મુંબઈ ઈલાકાના આંખના મુખ્ય સર્જન તરીકે સ્થાન મળ્યું. અંગ્રેજોના વખતમાં પહેલી જ વાર એક ભારતીય નાગરિકને આ સ્થાન અપાયું. આ માન જેવું તેવું નહોતું. તેઓ એ માટે ત્રણ વર્ષ મુંબઈમાં રહ્યા હતા. એમની સરકારી કારકિર્દીનો આ એક ઉત્તમ કાળ હતો.

ડૉ. ભાનુશંકર અધ્વર્યુ ઈ.સ. ૧૯૫૦માં ઋષિકેશ ગયા હતા. ત્યાં શિવાનંદ આશ્રમના સ્વામી શિવાનંદ સરસ્વતીના સંપર્કમાં આવ્યા. તેમને આશ્રમ, ગંગામૈયાનો કિનારો અને સ્વામી શિવાનંદજીનું સાંન્નિધ્ય એટલાં બધાં ગમી ગયાં કે ત્યાં વારંવાર જવા લાગ્યા અને પછી તો એવો રંગ લાગ્યો કે ૧૯૫૬માં સ્વામીજીની સલાહ અનુસાર સરકારી નોકરી છોડી દીધી અને બ્રહ્મચર્ય વ્રત લઈ, સંન્યાસ ધારણ કરી સ્વામીજીના શિષ્ય થઈ ગયા. એમનું નામ 'શિવાનંદ' રાખવામાં આવ્યું. પોતાના ગુરુ પૂ. સ્વામી શિવાનંદ સરસ્વતીની આજ્ઞા અનુસાર એમણે ગૃહસ્થ જીવનમાં જ રહી, આંખના દાક્તર તરીકે જ સૌરાષ્ટ્રમાં આવી તબીબી ક્ષેત્રે લોકસેવાનું કાર્ય ચાલુ કર્યું.

આઝાદી પછી સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઈ તેમાં શેઠ વીરચંદ પાનાચંદ શાહ જેવા ગાંધીવાદી કાર્યકરની કેળવણી અને આરોગ્ય ખાતાના મંત્રી તરીકે નિયુક્તિ થઈ. શ્રી વીરચંદ પાનાચંદ શાહે લોકસેવાનું જે સંગીન કાર્ય કર્યું હતું એથી પ્રેરાઈને સૌરાષ્ટ્ર સરકારે જામ સમઢિયાળને નવું નામ આપ્યું 'વીરનગર.' ડૉ. અધ્વર્યુ એમના સંપર્કમાં આવ્યા અને વીરનગરની હૉસ્પિટલમાં જોડાયા.

ડૉ. અધ્વર્યુએ સંન્યાસ સ્વીકાર્યા પછી પોતાની અંગત કમાણી છોડી દીધી હતી. ૧૯૫૬માં તેઓ વીરનગર આવી ગયા અને શિવાનંદ મિશનના નામથી હૉસ્પિટલ ચાલુ થઈ. ઉત્તરોત્તર આ હૉસ્પિટલનો વિકાસ થતો રહ્યો અને ચાર દાયકામાં તો એણે દેશવિદેશમાં ખ્યાતિ મેળવી લીધી. હૉસ્પિટલમાં હવે આશરે અઢીસો જેટલી પથારીની વ્યવસ્થા થઈ ગઈ. આંખના દર્દીઓ ઉપરાંત અન્ય રોગના દર્દીઓને પણ દાખલ કરવાનું ચાલુ થયું અને સૌથી મહત્ત્વનું બીજું એક કાર્ય ચાલુ થયું તે ચરસ-ગાંજો વગેરેના વ્યસનીઓને વ્યસનમુક્ત કરવા માટેના ઉપચારની સુવિધા પણ ત્યાં દાખલ કરાઈ તે.

સ્વામી શિવાનંદ સરસ્વતી બ્રહ્મલીન થયા પછી ઋષિકેશના શિવાનંદ આશ્રમનું સુકાન પૂ. સ્વામી ચિદાનંદજીએ સ્વીકાર્યું. તેમણે શિવાનંદજી અને તેમનાં પત્નીને ઋષિકેશ આશ્રમમાં બાલાવી ખાસ આશીર્વાદ આપ્યા હતા અને ત્યારે શુવાનંદજીનું નામ 'સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી અને તેમનાં પત્નીનું નામ એમણે 'મૈત્રેયીદેવી' રાખ્યું હતું. ત્યારથી એમણે ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

વીરનગરની હૉસ્પિટલ દ્વારા તેમણે નેત્રયજ્ઞોનું વિવિધ સ્થળે, વિવિધ સંસ્થાઓને ઉપક્રમે આયોજન ચાલુ કર્યું અને એક મિશનરીની જેમ તેઓ ગરીબ દર્દીઓની સેવામાં લાગી ગયા. ચાર દાયકાથી અધિક સમય સુધી તેઓ આંખના ઑપરેશન મફત કરતા રહ્યા અને પોતે એકલા આશરે અઢી લાખથી વધુ ઑપરેશન કર્યાં. સમગ્ર ભારતમાં આંખના કોઈ દાક્તરે આટલાં બધાં ઑપરેશન કર્યાં નથી.

સ્વામી શિવાનંદ સરસ્વતીએ સેવા અને અધ્યાત્મનો સમન્વય કર્યો છે. દિવ્ય જીવન સંઘમાં સેવા દ્વારા અધ્યાત્મના માર્ગે આગળ વધવા માટે છ પગથિયા બતાવવામાં આવ્યાં છે : (૧) સેવા (૨) પ્રેમ (૩) દાન (૪) પવિત્રતા (૫) ધ્યાન અને (૬) આત્મસાક્ષાત્કાર. તેમણે સેવા અને અધ્યાત્મના સમન્વયની આ દીક્ષા પોતાના જીવનમાં ચરિતાર્થ કરી હતી.

('પ્રબુદ્ધ જીવન'માંથી ટૂંકાવીને) - રમણલાલ ચી. શાહ

એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,
એથી જ શાણા સાહેબીથી લેશ ફૂલાતા નથી.

— પ્રભુલાલ દ્વિવેદી

ભાવનગરના રાજ્યાધિકારી કર્નલ જોરાવરસિંહજી ગામમાં આવેલું પોતાનું મકાન વેચી નાખી નવાપરામાં રહેવા ગયા. તેમનું મકાન જેણે ખરીદ્યું તેને પાછળથી તે મકાનની મરામત કરતાં તેમાંથી સોનાના સિક્કા ભરેલો એક ચરુ મળી આવ્યો. તે ચરુ કર્નલ જોરાવરસિંહજીને પરત કરવા તે નવો મકાનમાલિક ગયો. કર્નલે કહ્યું, 'આ ચરુની માલિકી તમારી કહેવાય, કારણ કે મેં મકાન તમને વેચી દીધું છે.' પેલા નવા માલિકે કહ્યું, 'ના, આ ચરુ તમારો છે, કારણ કે તે તમારા મકાનમાંથી નીકળ્યો છે.' બન્ને વચ્ચે ખેંચતાણ થઈ. કર્નલે પેલા નવા ઘરધણીનું મોં રાખવા તે ચરુમાંથી એક સોનાનો સિક્કો લઈ લીધો અને ચરુ તેને પાછો સોંપ્યો.

*

હંગેરીમાં ઈ.૧૮૬૭માં એક ટપાલ ટિકિટ પ્રસિદ્ધ થયેલી. તાજેતરમાં તે ૧.૯૦ લાખ ડૉલરમાં વેચાઈ!



તમારે મને રંગવો હોય તો રંગો. પણ અમારા ફ્લેટમાં પાણી નથી આવતું, માટે નહાવા તમારે ત્યાં આવીશ. ચાલશેને...

કાર્ટૂન : મિત્રેશ વર્મા

*

કોઈ પણ ચીજ તળતી વખતે તેલમાં અર્ધી ચમચી નમક નાખવાથી તેલ ઓછું બળશે.

*

'મેં મંદા વિશે તને જે કહ્યું હતું તે તેં મૃણાલને કહી દીધું ને?'
જવાબ : 'ખરી છે મૃણાલ! મેં માગીને એ વાત કોઈને કહેવાની ના પાડી હતી છતાંય તેણે મૃણાલને એ કહી દીધી.'

*

એક સર્વેક્ષણ પ્રમાણે મોસ્કોમાં ૪૦ ટકા માણસો હોવું જોઈએ તેના કરતાં વધારે વજન ધરાવે છે. આ માટે ત્યાંના આરોગ્ય કેન્દ્રમાં દરરોજ લગભગ ૫૦ માણસો વજન ઘટાડવાની સલાહ લેવા જાય છે.

*

ભારતમાં ટેલિવિઝન પ્રસારણનો પ્રારંભ ૧૫મી ઑગસ્ટ ૧૯૬૫ના રોજ થયો હતો.

*

આપણા શરીરમાં કુલ ૨૧૩ હાડકાં છે. તેમાં સૌથી મોટું હાડકું સાથળનું અને સૌથી નાનું હાડકું કાનનું છે.

*

સ્વિટ્ઝર્લૅન્ડમાં લાંબામાં લાંબી ચૉકલેટ બનાવવામાં આવી હતી. તેની લંબાઈ ૨૨૧ મીટર અને પહોળાઈ ૩ સે.મી. હતી. તેને ગિનેસ બુકમાં સ્થાન મળ્યું છે.

*

ગણિતગમ્મત : ૩૨૯ ૨૧૮ ૧૦૭ એ એવી સંખ્યા છે કે જેને ૩ વડે ગુણવાથી ૯૮૭૬૫૪૩૨૧ સંખ્યા આવે છે.

*

સામાન્ય રીતે આપણી માન્યતા છે કે લાલ રંગ જોઈ આખલો ઉશ્કેરાય છે. પરન્તુ વાસ્તવમાં તેમ થતું નથી, કારણકે પ્રયોગોથી સિદ્ધ થયું છે કે પશુઓને રંગની પરખ થતી નથી.

*

એક સમયે ખમીશના કૉલરો, ધોવાની અનુકૂળતાને કારણે, છૂટા રાખવામાં આવતા. આ પ્રથા ઈ.સ. ૧૪૦૭માં શરૂ થઈ હતી.

*

પોતાની ઇચ્છા પ્રમાણે સંસાર ગોઠવાઇ જાય તે પુણ્યાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે ન રચાય તો તે જે પ્રમાણે રચાય તેમાં સહજ પ્રકૃતિથી અનુકૂળ થઇ જવું તે મોટાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે જ સંસારની રચનાનો આગ્રહ રાખવો તે આપણી અંગડાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે સંસાર નહિ રચાયાનો અજંપો સેવવો તે અવળચંડાઇ જાણવી.

(બાપાલાલ મનસુખલાલ)

*

પ્રેશર કૂકરની ચમક જાળવવા માટે તેને બહારથી લીંબુ તેમજ ધોવાના સારા પાઉડરથી માંજો અને અંદર પાણીમાં થોડાં લીંબુનાં છોતરાં નાખી ઉકાળો.



કલાકણિકા : ગુજરાતની એક સૂડી, જે માતા અને શિશુના આકારની છે અને બ્રૉન્ઝની બનાવેલી છે. તેની ઊંચાઈ ૫.૫ ઈંચ છે.